દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 14 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ વદ- ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 January 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

શુક્રવાર, ૧૬ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ (૧૧ પાનાં)

મેટિની પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મુંબઈ



# કુણાચી?

## મહાયુતિની કે ઠાકરે બ્રધર્સની?

## એક્ઝિટ પોલ્સ તો ભાજપ ઍન્ડ કંપનીના વિજયનું ભાવિ ભાખે છે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી માટેનું મતદાન ગુરુવારે સાંજે સાડાપાંચ વાગ્યે પૂર્ણ થયા બાદ સૌથી મોટો સવાલ હતો કે બીએમસી પર કોની સત્તા આવશે? ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ કે ઠાકરે ભાઈઓની? સાંજ પછી એક્ઝિટ પોલ આવવાના ચાલુ થયા હતા અને તેમાં મુંબઈમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિને નાગરિકોએ પસંદગી આપી હોવાનું કહેવાઈ રહ્યું છે.

ડીવી રિસર્ચના સર્વેમાં ભાજપ અને શિંદે સેનાને ૧૦૭થી ૧૨૨ બેઠક મળવાનો અંદાજ છે, જ્યારે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની યુતિને ૬૮થી ૮૭ બેઠકો મળવાનો અંદાજ વ્યક્ત કરાયો છે. આ ઉપરાંત કૉંગ્રેસ-વંચિતની યુતિને ૧૮થી ૨૫ બેઠકો અને અજિત પવારની એનસીપીને ૨-૪ બેઠક મળવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. અન્યોને ૮થી ૧૫ બેઠક મળવાની શક્યતા છે. આ અન્યોમાં સમાજવાદી પાર્ટી, એઆઈએમઆઈએમ, બહુજન સમાજ પાર્ટી વગેરેનો સમાવેશ થાય છે. મુંબઈમાં ૨૨૭ બેઠકમાં મેયર

(જુઓ પાનું ૨) ▸▸

### એક્ઝિટ પોલઃ કોને-કેટલી બેઠક?

| એજન્સી | ભાજપ+ | યુબીટી+ | કૉંગ્રેસ | અન્યો |
|---|---|---|---|---|
| એક્સિસ માય ઈન્ડિયા | ૧૪૧ | ૬૩ | ૧૪ | ૯ |
| જેવીસી | ૧૩૮ | ૫૯ | ૨૩ | ૭ |
| ડીવી રિસર્ચ | ૧૦૭-૧૨૨ | ૬૮-૮૩ | ૧૮-૨૫ | ૧૦-૧૯ |
| સકાળ પોલ્સ | ૧૧૯ | ૭૫ | ૨૦ | - |
| જનમત પોલ્સ | ૧૩૮ | ૬૨ | ૨૦ | ૭ |
| જેડીએસ | ૧૨૭-૧૫૪ | ૪૪-૬૪ | ૧૬-૨૫ | ૧૦-૨૧ |
| પોલ્સ ઓફ પોલ્સ | ૧૩૨ | ૬૩ | ૨૦ | ૧૧ |

## આવી કેવી શાહી?

## એસીટોન લગાવ્યું તો ભુંસાઈ ગઈ

### મતદાનમાં શાહીનો વિવાદઃ ચૂંટણી પંચ દ્વારા તપાસ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ ગુરુવારે જણાવ્યું હતું કે મતદાન કર્યા પછી લોકોને આંગળીઓમાંથી શાહી કાઢતા દર્શાવતા વાઈરલ વીડિયોની તપાસ ચાલી રહી છે, તેમણે ખોટા નેરેટિવ ફેલાવવાના પ્રયાસો કરવા બદલ

(જુઓ પાનું ૨) ▸▸

## મતદાનની ફાઈનલ ટકાવારીનું સસ્પેન્સ

**મુંબઈના વોટિંગના આંકડા ચૂંટણી પંચે જાહેર ન કર્યાઃ ૫૦ ટકાની આસપાસ મતદાનનો અંદાજઃ ૨૦૧૭ કરતા ઓછી ટકાવારીની શક્યતાઃ મતદાનમાં ઘણે ઠેકાણે ગરબડ ગોટાળાઃ અનેક મતદારોના નામ ગાયબ, અનેક એવા કે જેમણે નામ શોધવા અનેક બૂથના ધક્કા ખાવા પડ્યા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની નવ વર્ષ બાદ ૨૨૭ બેઠક માટે ગુરુવારે યોજાયેલી ચૂંટણીમાં ૧,૭૦૦ મતદારનું ભવિષ્ય પર આજે ફેંસલો થઈ જશે. જોકે ગુરુવારે પાર પડેલી ચૂંટણીમાં અનેક ઠેકાણે ઈવીએમમાં ગડબડ, મતદારોના નામ ગાયબ હોવાના તેમ જ હાથ પર લગાવેલી શાહી ભુંસાઈ જવાની અને ડુપ્લિકેટ મતદારો જેવી ફરિયાદ વચ્ચે સાંજના

(જુઓ પાનું ૨) ▸▸

| ક્યારે-કેટલું વોટિંગ થયેલું? | |
|---|---|
| ૨૦૧૭ | ૫૫.૨૮ ટકા |
| ૨૦૧૨ | ૪૪.૭૫ ટકા |
| ૨૦૦૭ | ૪૬.૦૫ ટકા |
| ૨૦૦૨ | ૪૨.૦૫ ટકા |
| ૧૯૯૭ | ૪૪.૩૬ ટકા |
| ૧૯૯૨ | ૪૯.૧૪ ટકા |

## ટ્રમ્પની ક્રિપ્ટો કંપની, પાકિસ્તાનનું બજાર, અબજો ડૉલરનો ખેલો

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની જે કંપની ક્રિપ્ટોના વેપારમાં ઊતરી રહી છે તેણે ક્રિપ્ટોના વેપારમાં અબજો રૂપિયાની કમાણી કરી છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ટ્રમ્પ પરિવારે આ મારફતે એક અબજ ડૉલરની કમાણી કરી હતી જ્યારે તેમની પાસે વેચાયા વિનાના ત્રણ અબજ ટોકન હતા. હવે ટ્રમ્પની આ કંપનીને પાકિસ્તાનમાં ઔપચારિક પ્રવેશ મળી ગયો છે. ટ્રમ્પ પાકિસ્તાનના ફાઈનાન્સ ક્ષેત્રમાં સતત ઘૂસણખોરી કરી રહ્યા છે. પાકિસ્તાને તાજેતરમાં જ ટ્રમ્પના પરિવાર સાથે સંકળાયેલી ક્રિપ્ટો કંપની સાથે એક વેપારી કરાર પર સહી કરી હતી. પાકિસ્તાનના મતાનુસાર આ કરારનો ઉદ્દેશ સરહદ પારના પેમેન્ટને વધુ સરળ બનાવવાનો છે. ૧૪મી જાન્યુઆરીએ આ કરાર સહી કરવામાં આવ્યા હતા. આ કરારનાં મહત્ત્વનો અંદાજે એના પરથી પણ લગાવી શકાય છે કે કરાર પર સહી કરવામાં આવી ત્યારે વડા પ્રધાન શેહબાઝ શરીફ અને સૈન્યના વડા અસીમ મુનીર પણ હાજર રહ્યા હતા.

વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્સ અમેરિકાની એક કંપની છે. આ કંપની ટ્રમ્પ પરિવારનો મુખ્ય ક્રિપ્ટો બિઝનેસ ચલાવે છે. આ કંપનીની સહાયક કંપની એસસી ફાઈનાન્શિયલ ટૅક્નોલૉજી સાથે પાકિસ્તાન સરકારની કંપની પાકિસ્તાન વર્ચ્યુઅલ એસેટ રેગ્યુલેટરી ઑથોરિટી એક એમઓયુ કર્યું છે.

આ કરાર અંતર્ગત એસસી ફાઈનાન્શિયલ ટૅક્નોલૉજી પાકિસ્તાનની સેન્ટ્રલ બૅન્ક સાથે મળીને પોતાનાં યુએસડી-વન સ્ટેબલ કોઈનને એક રેગ્યુલેટેડ ડિજિટલ પેમેન્ટ માળખામાં સામેલ કરશે જેને કારણે આ ટોકન પાકિસ્તાનના પોતાના ડિજિટલ કરન્સી માળખા સાથે કામ કરી શકશે.

યુએસડી-વન સ્ટેબલકોઈન્સ શું છે?

સ્ટેબલ કોઈન્સ એક પ્રકારની ક્રિપ્ટો કરન્સી છે જેનું મૂલ્ય સ્થિર રહે છે. યુએસડી-વન ડૉલર સાથે જોડાયેલો સ્ટેબલ કોઈન છે જે અમેરિકન ડૉલરનાં મૂલ્ય સાથે જોડાયેલો છે. મતલબ કે એ ક્રિપ્ટોકરન્સીની જેમ વૉલેટાઈલ નથી અને પરંપરાગત કરન્સીની જેમ સ્થિર રહે છે અને તેનો ઉપયોગ ક્રોસ બૉર્ડર ટ્રાન્ઝેક્શન માટે કરી શકાય છે જ્યાં પરંપરાગત બૅન્કિંગ સિસ્ટમથી ઓછી ફી અને વધુ ઝડપ મળે છે.



**સુરક્ષાઃ** જમ્મુમાં પ્રજાસત્તાક દિન અગાઉ કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન અને ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ના ડિરેક્ટર તપન ડેકાના અયક્ષપદ હેઠળ ગુરુવારે યોજાયેલી સુરક્ષા સમીક્ષાની બેઠકના બીજા દિવસે કન્વેન્શન સેન્ટરની બહાર ચાંપતી નજર રાખી રહેલા સુરક્ષા અધિકારીઓ. (એજન્સી)

## લશ્કર માટે આત્મનિર્ભરતા મહત્ત્વનીઃ જનરલ દ્વિવેદી

જયપુરઃ સૈન્ય ભાવિ યુદ્ધ માટેની તૈયારી કરી રહ્યું છે, એમ જણાવતાં આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગુરુવારે કહ્યું હતું કે સ્વદેશી બનાવટની વસ્તુઓ વ્યૂહાત્મક રીતે જરૂરી છે અને આત્મનિર્ભરતા માટે તે ચાવીરૂપ હશે.

આર્મી ડે પરેડ બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે ભારતીય સેના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સજ્જ થવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ભારતીય સૈન્ય તાલિમબદ્ધ સૈનિકો, અત્યાધુનિક ઉપકરણો અને બહુલક્ષી ઑપરેશનલ ક્ષમતા ધરાવતું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ટૅક્નોલૉજીનો ઉપયોગ સૈનિકોને વધુ સક્ષમ બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે. છેલ્લાં થોડાંક વરસોમાં ભારતીય સૈન્યની વિચારસરણીમાં સ્પષ્ટ બદલાવ થયેલો જોવા મળી રહ્યો છે.

ઑપરેશન સિંદૂરે ભારતીય સૈન્યની ઝડપી પ્રતિક્રિયા આપવાની, સહકાર સાધવાની અને ચોકસાઈપૂર્વક નિર્ધારિત લક્ષ્યને સાધવાની ક્ષમતા દર્શાવી દીધી હોવાનું તેમણે કહ્યું હતું.

ઑપરેશન સિંદૂરે ભારતીય સૈન્યની મક્કમતાપૂર્વક રાષ્ટ્રની સુરક્ષાકરવાની ક્ષમતા, પરિપક્વતા અને આત્મવિશ્વાસ દર્શાવી દીધા છે.

ભારત માત્ર વર્તમાન જ નહીં ભાવિ પડકારોને પહોંચી વળવાની પણ તૈયારી કરી રહ્યું છે અને આ માટે ભાવિ જરૂરીયાતોને ધ્યાનમાં નવું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે તેમ જ તાલિમ આપવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

કોઈપણ પ્રકારના હુમલાને પહોંચી વળવા ભારતીય સૈન્ય હંમેશાં તૈયાર હોય છે અને પરેડમાં અમે તેનું પ્રદર્શન કર્યું હોવાનું તેમણે કહ્યું હતું.

આવનારા દિવસોમાં પણ આ પ્રકારની તૈયારીઓ ચાલુ જ રહેશે અને આ માટે ભારતીય સૈન્ય જરૂરી પરિવર્તન લાવશે, એમ તેમણે કહ્યું હતું.

રાજસ્થાન વીરોની ભૂમિ હોવાને કારણે જ પરેડ માટે જયપુરની પસંદગી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## ઈડીના દરોડાની આડે કેમ આવ્યાં?: આઈ-પૅક કેસમાં મમતાને સુપ્રીમની નૉટિસ

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા આઇ-પૅકની ઑફિસ અને તેના ડિરેક્ટર પ્રતીક જૈનનાં નિવાસસ્થાન પર પાડવામાં આવેલા દરોડામાં 'વિઘ્ન' નાખવાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ગુરુવારે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને રાજ્ય સરકારને નૉટિસ પાઠવી હતી.

ઇડીએ આ કિસ્સાને 'ઘણો ગંભીર' ગણાવીને સવાલ કર્યો હતો કે કોઇ ગંભીર ગુનાની કેન્દ્રીય એજન્સી દ્વારા ચાલતી તપાસમાં શું રાજ્યમાં કાયદો

(જુઓ પાનું ૨) ▸▸

## તહેરાનમાં ટેન્શનઃ અમેરિકા, ઈઝરાયલ મોટી તૈયારીમાં

**તહેરાને થોડા કલાકો ઍરસ્પૅસ બંધ કરીઃ મરણાંક ૩,૪૦૦થી વધુઃ ભારતીયોને પાછા લાવવાની કવાયત શરૂ કરી સરકારે**

વૉશિંગ્ટનઃ ઇરાન પર અમેરિકાના હુમલાનો ભય સતત વધી રહ્યો છે. ઇરાને તો હુમલાનો સામનો કરવા મોટા પાયે તૈયારી કરી છે. તહેરાનમાં સખત ટેન્શન છે અને તેની ફરતેની સલામતી વ્યવસ્થા વધારી દેવાઈ છે. ઈઝરાયલ અને અમેરિકાએ ઇરાન પર ત્રાટકવાની મોટી તૈયારી કરી લીધી હોવાનું માનવામાં આવે છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અચાનક તેલ અવિવ છોડી રવાના થઈ ગયા હતા. તેમનું વિમાન ગ્રીસમાં દેખાયું હતું. છેલ્લી વાર આવું જ્યારે થયું હતું ત્યારે ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનના અણુમથક પર હુમલો કર્યો હતો. દરમિયાન, ભારતે ઇરાનમાંના પોતાના નાગરિકોને સ્વદેશ પાછા લાવવાની તૈયારી શરૂ કરી છે. ઇરાને

(જુઓ પાનું ૨) ▸▸



**માઘ મેળોઃ** પ્રયાગરાજમાં સંગમ ખાતે ગુરુવારે માઘ મેળાના તહેવાર દરમિયાન તલવાર સાથે કરતબ દાખવી રહેલો શ્રી પંચ દસમ અવધાન અખાડાનો સાધુ. (એજન્સી)

## સીએમ તરીકે નહીં, ટીએમસીનાં વડાં તરીકે આઈ-પૅક ગયેલીઃ મમતા

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ટીએમસીનું ચૂંટણીનું કામ સંભાળી રહેલા પ્રતીક જૈનની ઓફિસના પરિસરમાં ચોક્કસ તપાસ એજન્સીએ પ્રવેશ કર્યો હોવાની માહિતી મળ્યા બાદ આઠમી જાન્યુઆરીએ મેં આઈ-પૅકના પરિસરની મુલાકાત લીધી હતી.

મમતા બેનરજી આઈપૅકના પરિસરમાં મુખ્ય પ્રધાન તરીકે ન ગયા હોવાની સ્પષ્ટતા કરતા મમતા બેનરજી વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે ન્યાયાધીશ પ્રશાંતકુમાર મિશ્રા અને વિપુલ પંચોલીની બનેલી ખંડપીઠને કહ્યું હતું કે ટીએમસીનાં સુપ્રીમો મમતા બેનરજી પક્ષનાં અધ્યક્ષ તરીકે ત્યાં ગયાં હતાં.

અમારું માનવું છે કે ઈડી આ અંગે માહિતી ધરાવે છે એમ જણાવતાં સિબલે કહ્યું હતું કે આઈ-પૅકમાં પક્ષનો મોટા પ્રમાણમાં ડૅટા રાખવામાં આવેલો છે.

ઈડીએ ત્યાં દરોડા પાડ્યા ત્યારે તેને ખબર હતી કે અહીં મોટા પ્રમાણમાં પક્ષનો ડૅટા ઉપલબ્ધ છે.

ચૂંટણીની વચ્ચે ઈડીને ત્યાં જવાની શી જરૂર પડી? એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે કોલસા કૌભાંડને મામલે છેલ્લે ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના નિવેદન લેવામાં આવ્યું હતું. ત્યારથી ત્યાર સુધી એ લોકો શું કરતા હતા? ચૂંટણીની વચ્ચે તમે આ ડૅટા મેળવવા આટલા ઉત્સુક કેમ બન્યા છો? જો તમને અમારો ડૅટા મળી જશે તો અમે ચૂંટણી કઈ રીતે લડીશું, એમ મમતાએ કહ્યું હતું. ટીએમસીનાં અધ્યક્ષને ત્યાં જવાનો અધિકાર છે એમ જણાવી સિબલે સવાલ કર્યો હતો કે શા માટે ઈડીએ પક્ષના એ કાર્યાલય પર દરોડા પાડવા જોઈએ જ્યાં પક્ષનો ડૅટા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ હતો. (એજન્સી)

## નિકાસ ૧.૮૭ ટકા વધીઃ વેપાર ખાધમાં મામૂલી વધારો

નવી દિલ્હીઃ વૈશ્વિક અર્થતંત્રમાં અનિશ્ચિતતા હોવા છતાં દેશના માલસામાન અને સેવાની નિકાસ ૨૦૨૫ના ડિસેમ્બરમાં ૧.૮૭ ટકા વધીને ૩૮.૫ અબજ ડૉલર થઇ હતી, પરંતુ આયાતમાં પણ વધારો થયો હોવાથી વેપાર ખાધ મામૂલી વધીને પચીસ અબજ ડૉલરની થઇ હતી.

ભારતની અમેરિકા, ચીન અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) ખાતેની નિકાસ સતત વધી રહી છે.

દેશની આયાત ડિસેમ્બરમાં ૮.૭ ટકા વધીને ૬૩.૫૫ અબજ ડૉલર થઇ હતી. દેશની આયાત અને નિકાસ વચ્ચેના તફાવતને વેપાર ખાધ કહેવાય છે. તે ૨૦૨૫ના

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા સાથે ટ્રેડ ડીલ કોઈ પણ ઘડીએઃ ભારત

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વેપાર કરાર ફાઈનલ કરવાની અતિશય નજીક છે અને બન્ને દેશો તૈયાર હશે ત્યારે એની જાહેરાત કરાશે, એવી માહિતી કોમર્સ ખાતાના સચિવ રાજેશ અગ્રવાલે આપી હતી. તેમણે કહ્યું હતું કે બન્ને દેશની વાટાઘાટ કરી રહેલી ટીમ બાકી રહેલા મુદ્દાની ઓનલાઈન ચર્ચા કરી રહી છે.

તેમણે કહ્યું હતું કે વેપર કરાર અતિશય સમીપ છે, પરંતુ અમે કોઈ સમયમર્યાદા ન કહી શકીએ કે એ ક્યારે થશે. જ્યારે બન્ને પક્ષો તૈયાર હશે અને તેમને લાગશે કે આ જાહેર કરવાનો યોગ્ય સમય છે ત્યારે એ થશે. ભારત અને અમેરિકાની વાતચીત કદી ભાંગી પડી નહોતી અને બંને પક્ષો વાતચીત

(જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પીજી મેડિકલમાં માઈનસ ૪૦ ગુણે એડમિશનથી કેવા ડૉક્ટરો બનશે?

**અમેરિકા** અને ઈરાન વચ્ચે જામેલા જંગથી માંડીને સામ્યવાદી ચીના ભાજપની પરોણાગત માણવા ગયા ત્યાં સુધીના સમાચારોના કારણે અત્યારે રાજકીય રીતે ગરમીનો માહોલ છે તેથી એક મહત્ત્વના સમાચાર તરફ લોકોનું ધ્યાન નથી ગયું. ભારતમાં મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) લેવાય છે. અંડર ગ્રેજ્યુએટ એટલે કે એમબીબીએસ સહિતના કોર્સ માટેની પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) લે છે જ્યારે એમડી, એમએસ સહિતના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટેની પરીક્ષા નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન મેડિકલ સાયન્સ લે છે.

હમણાં એનબીઇએમએસ એ મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટે લેવાતી નીટ પીજી ૨૦૨૫ના ક્વોલિફાઇંગ પર્સન્ટાઇલની જાહેરાત કરી. આ જાહેરાત પ્રમાણે, સામાન્ય કેટેગરી માટે કટ-ઓફફ ૫૦ પર્સન્ટાઇલથી ઘટાડીને ૭ પર્સન્ટાઇલ કરી દેવાયો છે જ્યારે અનુસૂચિત જાતિ (એસસી) અનુસૂચિત જનજાતિ (એસટી) અને અધર બેકવર્ડ ક્લાસ (ઓબીસી) સહિતની અનામત કેટેગરી માટે કટ-ઓફ ૪૦થી ઘટાડીને 'શૂન્ય' કરી દેવાયા છે. મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટે લેવાતી નીટ પીજીમાં કુલ ૮૦૦ માર્ક્સ હોય છે. નવાં ધારાધોરણ પ્રમાણે, જનરલ કેટેગરીમાં ૮૦૦માંથી ૧૦૩ માર્ક્સ મેળવનારને જ્યારે અનામત કેટેગરીમાં તો માઇનસ ૪૦ સ્કોર મેળવનારા ડોક્ટરો પણ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એડમિશન માટે લાયક ઠરશે.

પહેલાં જનરલ કેટેગરીમાં ૮૦૦માંથી ૨૭૬ માર્ક્સ હોય અને અનામત કેટેગરીમાં ૨૩૫ માર્ક્સ હોય તો જ એડમિશન માટે અરજી કરી શકાતી. હવે જનરલ કેટેગરીમાં પહેલાં કરતાં ૪૦ ટકા માર્ક્સ હશે તો પણ એડમિશન મળશે જ્યારે અનામત કેટેગરીમાં તો એક પણ માર્ક લાવવાની પણ જરૂર નથી. ખાલી પોસ્ટ ગ્રેજ્યુએશન માટેની પરીક્ષા આપી આવ્યા હોય ને પેપર કોરું મૂકી આવ્યા હોય તેમને પણ એડમિશન મળી જશે. બલકે દોઢ ડાહ્યા થઈને ના આવડતું હોય છતાં અડસટ્ટે થોડા સવાલોના જવાબો લખી દીધા હોય તેમાં માઈનસ ૪૦ સુધી માર્ક્સ આવી ગયા હશે તો પણ એડમિશન મળી જશે.

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન મેડિકલ સાયન્સ (એનબીઇએમએસ) કેન્દ્ર સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના તાબા હેઠળ કામ કરે છે પણ સ્વાયત્ત સંસ્થા છે. આ કારણે આ નિર્ણય કેન્દ્ર સરકારે લીધો હોવાનું સીધું આળ મૂકી ના શકાય પણ કેન્દ્ર સરકારની તાબેદાર સંસ્થાઓ કેટલી સ્વાયત્ત છે એ સૌ જાણે જ છે. આ સંજોગોમાં આ નિર્ણય પાછળ કેન્દ્ર સરકારનો દોરીસંચાર છે એ પણ સ્પષ્ટ છે. કેન્દ્ર સરકારે કોના લાભાર્થે આ નિર્ણય લીધો એ પણ સ્પષ્ટ છે. મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સિઝમાં ગયા વરસે ૧૮,૦૦૦ થી વધુ બેઠકો ખાલી રહી હતી. આ બેઠકો ભરવા માટે કેન્દ્ર સરકારના ઈશારે કટ ઓફ માર્ક્સમાં જ ઘટાડો કરી દેવાયો. ખાલી રહેલી બેઠકો ભરાશે તેથી પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ ચલાવતી કોલેજોને રોકડી થશે. ભારતમાં મેડિકલ પોસ્ટ ગ્રેજ્યુએશનના કોર્સ સરકારી અને ખાનગી બંને કોલેજોમાં ચાલે છે તેથી સરકારોને પણ આવક થશે ને ખાનગી કોલેજોના સંચાલકોને પણ આવક થશે.

કેન્દ્ર સરકારે આવકના ચક્કરમાં કટ ઓફ માર્ક્સ ઘટાડી દીધા તેના કારણે શું અસર થશે એ વિશે વિચારવાની જરૂર છે. શૈક્ષણિક નિષ્ણાતોનું માનવું છે કે, ક્વોલિફાઇંગ સ્કોર એકદમ ઓછો રાખવાથી કોઈ પણ વ્યક્તિ મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં એડમિશન મેળવી શકશે અને તેના કારણે ડોક્ટરોનું સ્તર ખૂબ નીચું જશે. નીટ-પીજીમાં જેમને ૧૦૩ માર્ક્સ આવ્યા હોય એવા એમબીબીએસ થયેલા ડોક્ટરો બહુ હોંશિયાર ના હોય ને જેમને માઈનસ ૪૦ સુધી માર્ક્સ સુધી આવ્યા હોય તેમના સ્તર વિશે તો કશું કહેવા જેવું જ નથી. અત્યાર લગી આવા ડોક્ટરોને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે લાયક જ નહોતા ગણવામાં આવતા. હવે અચાનક સરકાર રીઝીને તેમને સ્પેશિયાલિસ્ટ ડોક્ટર બનાવી દેશે એવા ડોક્ટરોનો ફાલ ઉતરશે કે જેમનામાં કોઈ લાયકાત જ ના હોય.

આ લાયકાત વિનાના ડોક્ટરો રીતસર કાળો કેર વર્તાવી શકે કેમ કે મેડિકલ વ્યવસાય કંઈ કરિયાણાની દુકાન ખોલવાનો ધંધો નથી પણ એવો વ્યવસાય છે કે જેનો સીધો સંબંધ માણસની જીંદગી સાથે છે. તેમાં પણ પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા ડોક્ટરો સ્પેશિયાલિસ્ટ કહેવાય છે અને તેમની પાસે તો મોટા ભાગે ગંભીર બીમારીઓના દર્દી જ આવતા હોય છે. તો એ ગંભીર રોગની સર્જરી કરવાની હોય, સામાન્ય ડોક્ટર ના પકડી શકતો હોય એવો કોઈ ગંભીર રોગ થઈ ગયો હોય એવા દર્દીઓ સ્પેશિયાલિસ્ટ પાસે આવે છે. હવે માંડ માંડ એમબીબીએસ થયેલો ડોક્ટર સ્પેશિયાલિસ્ટ બને પછી એ કઈ રીતે સર્જરી કરી શકવાનો કે કઈ રીતે સાચું નિદાન કરી શકવાનો? એ દર્દીઓ પર અખતરા જ કરવાનો ને તેના કારણે દર્દીઓના જીવ જોખમમાં મૂકાશે.

આ નિર્ણય દ્વારા દર્દીઓના જીવન સાથે ખતરનાક રમત રમાઈ રહી છે પણ કેન્દ્રની મોદી સરકારને તેની કશી પડી નથી. આમ પણ જે દેશના શાસકો યુવાનોને પકોડા તળીને કે મગફળી વેચીને કે રીલ્સ બનાવીને રોજગારી કમાવવાની સલાહ આપતા હોય તેમની પાસેથી શું અપેક્ષા રાખી શકો?

મોદી સરકારે પહેલાં જ મતબેંકના રાજકારણને વાસ્તે પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ કોર્સીસમાં ઓબીસી અનામતનું લક્કું ઘૂસાડ્યું જ છે. તેના કારણે સ્તર નીચું ગયું જ છે ને હવે વધારે નીચું જશે. પહેલાં પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં એડમિશન માટે ઓલ ઈન્ડિયા કોટામાં માત્ર અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) કેટેગરીના વિદ્યાર્થીઓ માટે જ અનામત હતી. આ બંને માટે થઈને ૨૨.૫ ટકા બેઠકો અનામત હતી. મોદી સરકારે ૨૦૨૨થી તેમાં ૨૭ ટકા ઓબીસી ને ૧૦ ટકા ઈડબલ્યુએસ અનમાત ઉમેરતાં ઓલ ઈન્ડિયા ક્વોટા હેઠળની મેડિકલ કોલેજોની બેઠકોમાં ૬૦ ટકા જેટલી બેઠકો અનામત થઈ જ ગઈ છે. આ નિર્ણયના જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકાની આસપાસ બેઠકો થઈ ગઈ છે.

આ સંજોગોમાં જનરલ કેટેગરી માટે કટ-ઓફફ નીચા લવાયા તેના કારણે બહુ ફરક નહીં પડે પણ અનામત કેટેગરીમાં કટ ઓફ ઓછા કરાયા તેના કારણે હવે ગમે તે આલિયા, માલિયા, જમાલિયા સ્પેશિયાલિસ્ટ બની જશે. તેમના અણઘડપણાને કારણે જીવ જશે તો લોકોના જશે, શાસકોએ થોડી તેમની પાસે સારવાર કરાવવાની છે? તેમના માટે તો સરકારી ને ખાનગી હોસ્પિટલોના ખ્યાતનામ નિષ્ણાતો ખડે પગે હાજર છે. જે કિંમત ચૂકવશે એ સામાન્ય લોકો ચૂકવશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ,
શુક્રવાર, તા. ૧૬–૧–૨૦૨૬, પ્રદોષ શિવરાત્રિ

- ભારતીય દિનાંક ૨૬, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ–૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ–૧૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહેમન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ?
- ભરતીઃ સવારે ક. ૧૦–૦૬, રાત્રે ક. ૨૩–૩૧
- ઓટઃ સાંજે ક. ૧૬–૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૪૦ (તા. ૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – ત્રયોદશી. પ્રદોષ શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ ક. ૨૨–૨૧, મેરુ તેરસ (જૈન).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ, શિવરાત્રિ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાંયકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શુક્ર–કેતુ પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, બી વાવવું, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા.

આચમનઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મકર, મંગળ–મકર માર્ગી બુધ–ધનુ (બુધ અસ્ત), વક્રી ગુરુ–મિથુન, શુક્ર–મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## ગ્રીનલેન્ડને અમેરિકાની બૂરી નજરથી બચાવવા નાટોના છ દેશે બાંયો ચડાવી

નુકઃ વેનેઝુએલાના પેટ્રોલિયમ ભંડારો પર કબજો મેળવ્યા બાદ હવે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની નજર ડેન્માર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર છે. અમેરિકા ગ્રીનલેન્ડને પણ ધમકી આપી ચૂક્યું છે. જેને લઈને ગ્રીનલેન્ડે બીજા દેશોની મદદ માગી છે. ત્યારે હવે છ દેશોની સેનાએ ગ્રીનલેન્ડ પહોંચવાની તૈયારી કરી છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ, ગ્રીનલેન્ડને અમેરિકાથી બચાવવા માટે નાટોના દેશો સક્રિય થયા છે. ડેન્માર્કની હાકલ પછી અત્યાર સુધી નાટોના છ દેશ પોતાના લશ્કરને ગ્રીનલેન્ડ મોકલી રહ્યા છે. આ દેશોમાં સ્વીડન, નોર્વે, જર્મની, ફ્રાન્સ, નેધરલેન્ડ્સ અને કેનેડાનો સમાવેશ થાય છે. જોકે, સેના મોકલવાની પહેલ સ્વીડને કરી હતી. સ્વીડનના વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટર્સને જણાવ્યું હતું કે, અમારો દેશ ડેન્માર્કના અનુરોધને લઈને ગ્રીનલેન્ડમાં સૈનિકો મોકલી રહ્યો છે. જોકે, ડેન્માર્કના સૈન્ય અભ્યાસ 'ઑપરેશન આર્કટિક એન્ડ્યોરન્સ' માટે આવું કરવામાં આવી રહ્યું છે, એવું સૂત્રો જણાવી રહ્યા છે.

## ઈરાનનું એરસ્પેસ બંધ : એર ઈન્ડિયા, ઈન્ડિગોની કેટલીક ફ્લાઈટ્સ રદ

નવી દિલ્હી : ઈરાનનું હવાઈ ક્ષેત્ર બંધ થવાથી હવાઈ સેવાઓ પર અસર પડતા એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ ગુરુવારે તેમની કેટલીક વિદેશી ફ્લાઇટ્સ રદ કરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અમેરિકા અને યુરોપ જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ્સ અને સીઆઈએસ દેશો, યુરોપ અને તૂર્કી જતી ઈન્ડિગોની સેવાઓ પર અસર પડી છે. બંને એરલાઇન્સ તેમજ સ્પાઇસજેટે એડવાઇઝરી જાહેર કરીને જણાવ્યું હતું કે ઈરાનનું હવાઈ ક્ષેત્ર બંધ થવાથી કેટલીક ફ્લાઇટ્સ પર અસર પડશે.

એક અધિકારીએ કહ્યું હતું કે ટાટા ગ્રુપની માલિકીની એર ઇન્ડિયાએ અમેરિકા જતી ઓછામાં ઓછી ત્રણ ફ્લાઇટ્સ રદ કરી છે અને ઈરાની હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે યુરોપ જતી કેટલીક સેવાઓમાં વિલંબ થશે. અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીથી ન્યૂ યોર્ક અને નેવાર્ક જતી બે અને મુંબઈથી ન્યૂયોર્ક જતી એક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. ઈન્ડિગોની સીઆઈએસ દેશો, યુરોપ અને તુર્કી જતી ફ્લાઇટ્સ પણ પ્રભાવિત થઈ છે.

અન્ય એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે તાશ્કંદ (ઉઝબેકિસ્તાન), અલ્માટી (કઝાકિસ્તાન), બાકુ (અઝરબૈજાન) અને તિબિલિસી (જ્યોર્જિયા) ની ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ છે અને કેટલીક સેવાઓ રદ કરવામાં આવી છે.

## ઈરાનથી અમારા સંતાનોને પાછા લઇ આવો : કાશ્મીરીઓની સરકારને અપીલ

શ્રીનગર : દેશમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાનમાં હાલમાં અભ્યાસ કરતા કાશ્મીરી વિદ્યાર્થીઓના માતા-પિતાએ કેન્દ્રને તેમના બાળકોને પાછા લાવવા અપીલ કરી છે. અહીં પ્રેસ એન્ક્લેવ ખાતે મોટી સંખ્યામાં ચિંતિત વાલીઓ એકઠા થયા હતા અને સરકારને હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી હતી. એક વાલીએ બુધવારે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે અમે વડા પ્રધાન, વિદેશ પ્રધાન, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન અને લેફ્ટનન્ટ ગવર્નરને ઈરાનમાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા અપીલ કરીએ છીએ .

યુક્રેન અને ઈરાન જેવા દેશોમાં અગાઉની સફળ કામગીરીને યાદ કરીને તેમણે સરકારની સ્થળાંતર કરવાની ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે ભૂતકાળમાં કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલા સમર્થન માટે અમે આભારી છીએ. અમને ખાતરી છે કે સરકાર પરિસ્થિતિને એવી સ્થિતિમાં પહોંચવા દેશે નહીં જ્યાં બાળકોને નુકસાન થાય અને તેઓ ઝડપથી તેમના પ્રસ્થાનને સરળ બનાવી શકે. વાલીઓનો દાવો હતો કે તેહરાનમાં ભારતીય દૂતાવાસે વિદ્યાર્થીઓને જાતે જ દેશ છોડી જવાની સલાહ આપી હતી.

તેઓ વિદ્યાર્થીઓને તેમના માતાપિતાનો સંપર્ક કરવા અને તેમની મુસાફરી સ્વતંત્ર રીતે ગોઠવવા માટે કહી રહ્યા છે. અમે આઈએસડી કોલ્સ દ્વારા અમારા બાળકો સાથે કનેક્ટ થઈ શકીએ છીએ, પરંતુ ખૂબ જ મુશ્કેલી સાથે, અને અમે કેન્દ્રશાસિત પ્રદેશ અને કેન્દ્ર બંનેના અધિકારીઓને તેમના સ્થળાંતરને સરળ બનાવવા માટે વિનંતી કરીએ છીએ, એમ તેમણે આગળ જણાવ્યું હતું.

તાજેતરના એક માર્ગદર્શિકામાં, તહેરાનમાં ભારતીય દૂતાવાસે વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, વ્યવસાયિક વ્યક્તિઓ અને પ્રવાસીઓ સહિત તમામ ભારતીયોને વાણિજ્યિક ફ્લાઇટ્સ સહિત ઉપલબ્ધ પરિવહન માધ્યમો દ્વારા ઈરાન છોડવા વિનંતી કરી છે. અંદાજ મુજબ, વિદ્યાર્થીઓ સહિત ૧૦,૦૦૦થી વધુ ભારતીય હાલમાં ઈરાનમાં રહે છે.

## પોતાના સંતાનોને વીંધનાર બુલેટની કિંમત પણ ચૂકવી રહ્યા છે ઈરાનીઓ

### પોતીકાના મૃતદેહ સોંપતા પહેલા ગોળીની કિંમત વસૂલે છે ઈરાનની સરકાર : તહેરાનના રસ્તાઓ પરથી શબના ઢગલા સાફ કરવા જેસીબી મશીનોનો ઉપયોગ

નવી દિલ્હી : ઈરાનની રાજધાની તહેરાનમાં હોસ્પિટલો લાશોથી ભરાઈ ગઈ છે. લાશોને રસ્તા પરથી દૂર કરવા માટે જેસીબી મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરિવારોને તેમના બાળકોનો જીવ લેનારી ગોળીઓની કિંમત ચૂકવવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. ભારતમાં રહેતા ઈરાનીઓનું કહેવું છે કે તેઓને તેમના ઘરેથી આ તસવીર મળી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેહરાનની વતની અને હવે દક્ષિણ ભારતના એક શહેરમાં રહેતી અબગીન ખાકીએ જણાવ્યું હતું કે તેણીએ મંગળવારે સાંજે તેના માતાપિતા સાથે વાત કરી હતી. તેઓએ કહ્યું હતું કે તેઓ સુરક્ષિત છે, પરંતુ દરેક જગ્યાએ મૃતદેહોના ઢગલા થઈ ગયા છે. તેણીએ કહ્યું હતું કે, મારા પિતાએ મને કહ્યું હતું કે હોસ્પિટલો મૃતદેહોથી ભરાઈ ગઈ છે. વહીવટીતંત્ર શેરીઓ સાફ કરવા માટે બુલડોઝરનો ઉપયોગ કરી રહ્યું છે. તે પરિવારોને ત્યાં સુધી મૃતદેહો સોંપતા નથી જ્યાં સુધી તેઓ રૂપિયા ચૂકવી રહ્યા નથી. લગભગ ૫૦ કરોડ તોમાન (૩,૬૦,૦૦૦ રૂપિયા). તેણીએ વધુમાં કહ્યું હતું કે કેટલાક અધિકારીઓ બુલેટ્સની કિંમત પણ માંગી રહ્યા છે. તેણીએ કહ્યું હતું કે ઈરાની શાસન સામે શરૂ થયેલા વિરોધનું મોજુ હવે હિંસામાં ફેરવાઈ ગયું છે. લોકો બ્રેડ અને ઈંડા પણ ખરીદી શકતા નથી. અમારા માતાપિતાની પેઢીને એ વાતનો અફસોસ છે કે જ્યારે તેઓ બોલી શકતા હતા ત્યારે અવાજ ઉઠાવ્યો નહીં. હવે તેઓ અમારો સાથ આપી રહ્યા છે. અમે આ શાસનને કોઈપણ કિંમતે હટાવવા માગીએ છીએ.

## પહેલા પાનાનું ચાલુ

### આવી કેવી શાહી?

કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

સોશ્યલ મીડિયામાં સામાન્ય મતદારો, રાજકારણીઓ અને મીડિયાકર્મીઓ દ્વારા મતદાન કર્યા પછી આંગળીઓ પર માર્કર પેનથી લગાવેલી 'ભૂંસાય નહીં એવી' શાહી સાફ કરવા માટે એસીટોનનો ઉપયોગ કરતા જોવા મળતા વીડિયો જોવા મળ્યા હતા.

જોકે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ એવા અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાલિકા ચૂંટણીમાં મતદાન દરમિયાન મતદારોની આંગળીઓ પરના શાહીના નિશાન સાફ કરવામાં આવી રહ્યા હતા.

એસીટોન એક રંગહીન, અસ્થિર અને જ્વલનશીલ કાર્બનિક દ્રાવણ છે જેમાં મીઠી, તીખી ગંધ હોય છે, જે નેઇલ પોલિશ રીમુવર, પેઇન્ટ પાતળા અને સફાઈ એજન્ટોમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે કારણ કે તે ઘણા પદાર્થોને ઓગાળી શકે છે.

રાજ્ય ચૂંટણી કમિશનર વાઘમારેએ કહ્યું કે 'ભુંસાય નહીં એવી' શાહી સુકાવામાં સમય લે છે અને ત્યાં સુધી તેને સાફ ન કરવી જોઈએ.

કોરેસ કંપનીની માર્કર શાહીનો ઉપયોગ ૨૦૧૧થી થઈ રહ્યો છે. શાહીની રાસાયણિક રચના પણ સમાન છે, એમ તેમણે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

'માર્કર શાહી સાફ કરવાના વાઈરલ વીડિયોની તપાસ કરવામાં આવી રહી છે અને ખોટા નેરેટિવ ફેલાવવાનો પ્રયાસ કરનારાઓ સામે ગુનો દાખલ કરવામાં આવશે,' એમ તેમણે જણાવ્યું હતું.

માર્કર પેનના અનુભવને જોતાં, આવતા મહિને જિલ્લા પરિષદની ચૂંટણીમાં 'ભુંસાય નહીં એવી' શાહીનો ઉપયોગ કરવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વાઘમારેએ એમ પણ કહ્યું કે બોગસ મતદાનની માત્ર એક જ ફરિયાદ મળી છે, અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

### ઈડીના દરોડા

અને વ્યવસ્થા જાળવતી એજન્સીઓ દખલગીરી કરી શકે?

સર્વોચ્ચ અદાલતે આઇ-પૅકની ઑફિસ અને તેના ડિરેક્ટરનાં નિવાસસ્થાન પર આઠ જાન્યુઆરીએ દરોડા પાડનારા ઇડીના અધિકારીઓની સામે નોંધાયેલા પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર)નો અમલ પણ અટકાવ્યો હતો.

આ ઉપરાંત, દરોડાના સીસીટીવી ફૂટેજ જાળવવા રાજ્યની પોલીસને આદેશ આપ્યો હતો. (એજન્સી)

### એક્ઝિટ પોલ્સ

બેસાડવા માટે ૧૧૪ બેઠકની આવશ્યકતા છે.

મુંબઈના પાડોશી શહેર થાણેમાં એકનાથ શિંદેની પાર્ટી ૭૨ બેઠક જીતીને સૌથી મોટો પક્ષ બનશે એવી શક્યતા છે.

ભાજપને ૨૬ અને એનસીપી અજિત પવારને ૧૦ બેઠકો મળવાની શક્યતા છે. કૉંગ્રેસને ત્રણ, ઉદ્ધવ સેનાને ત્રણ અને એનસીપી (એસપી)ને પંદર બેઠકો મળવાની શક્યતા એક્ઝિટપોલમાં વ્યક્ત કરાઈ છે.

૨૦૧૭માં અવિભાજિત શિવસેના પાસે ૬૭, ભાજપે ૨૩, એનસીપીએ ૩૪ અને કૉંગ્રેસને ત્રણ બેઠક મળી હતી.

### મતદાનની

૫.૩૦ વાગ્યા સુધીમાં લગભગ ૫૦ ટકા મતદાન થયું હતું. મુંબઈમાં ચોક્કસ કેટલા ટકા મતદાન થયું તેનો આંકડો આપવાનો ચૂંટણી પંચે પત્રકાર પરિષદમાં ઈનકાર કરી દીધો હતો અને તે માટે કોઈ ચોક્કસ કારણ પણ જણાવ્યું નહોતું. જોકે મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭ની ચૂંટણીમાં થયેલા પંચાવન ટકા સામે આ વખતની ચૂંટણીમાં થયેલું મતદાન ઓછું માનવામાં આવે છે.

મુંબઈમાં ૧૦,૨૩૧ મતદાન મથકોમાં મતદાન ઊભા કરવામાં આવ્યા હતા, જેમાં ઓફિસે જનારા અનેક મુંબઈગરાએ વહેલી સવારના સાત વાગ્યાથી લાઈનમાં ઊભા રહી ગયા હતા. દિવસ દરમ્યાન એકંદરે કોઈ પણ જાતની ધમાલ વગર શાંતિપૂર્વક મતદાન થયું હોવાનો દાવો મુંબઈ પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. જોકે મુંબઈમાં અનેક જગ્યાએ મતદારોના નામ ગાયબ થઈ જવાના તથા આખીને આખી બિલ્ડિંગના નામ મતદાર યાદીમાંથી ઊડી ગયા હોવાની ફરિયાદ આવી હતી. મોટી સંખ્યામાં મતદારો પોતાના નામ શોધવા માટે ફાંફા મારતા જોવા મળ્યા હતા.

વોટિંગ માટે ગયેલા લોકોના નામ ગાયબ થઈ જવાને કારણે તો અચાનક પોલિંગ બૂથમાં થયેલા ફેરફારને કારણે મતદાનથી વંચિત રહી જવાને કારણે લોકોમાં નારાજગી જોવા મળી હતી. ભાંડુપમાં વોર્ડ નંબર ૧૦૯માં ગવાન્ડ કમ્પાઉન્ડમાં ઊભા કરવામાં આવેલા પોલિંગ બૂથમાં ૪૦થી ૫૦ મતદારોના નામ ગાયબ થઈ જવાને કારણે થોડા સમય માટે વાતાવરણ તંગ થઈ ગયું. વોટિંગ લિસ્ટમાં નામ નહીં મળતા ઈલેક્શન કમિશન અને પાલિકાની વેબસાઈટમાં નામ શોધવામાં પણ મતદારોને ફાંફાં પડયા હોવાની ફરિયાદ થઈ હતી. મુંબઈના અમુક વિસ્તારમાં ઈવીએમ મશીનમાં ટેક્નિકલ ખામી જોવા મળી હતી, જેમાં લાલબાગમાં ચિવડાગલી, દાદરની બાલમોહન વિદ્યામંદિર અને ગોવંડીના ગૌતમ નગરમાં થોડા સમય માટે મતદાન બંધ પડી ગયું હતું. ટેક્નિકલ ખામી તાત્કાલિક સુધારી લેવામાં આવતા મતદાન ફરી શરૂ કરવામાં આવ્યું હતું. એકલ-દોકલ જગ્યાએ ડુપ્લિકેટ મતદાનના બનાવ વચ્ચે મતદાન પ્રક્રિયામાં શાંતિપૂર્વક પાર પડી હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો. જોકે મતદાનના આગલા દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ મુંબઈના અમુક વિસ્તારમાં મોડી રાતે મતદારોને પૈસા વહેંચવામાં આવ્યા હોવાની ફરિયાદ આવી હતી, જેમાં વિક્રોલી પૂર્વમાં કન્નમવાર નગરમાં બે શિવસેના વચ્ચે તેને મુદ્દે ઝઘડો થતા પોલીસે પરિસ્થિતિને હાથમાં લેવી પડી હતી.

મુંબઈમાં સવારના ૭.૩૦ વાગ્યાથી મતદાન શરૂ થયા બાદ પહેલા ચાર કલાકમાં એટલે કે સવારના ૧૧.૩૦ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી માત્ર ૧૭ ટકા રહી હતી. જોકે બપોર સુધીમાં તેમાં વધારો થયો હતો અને બપોરના ૩.૩૦ વાગ્યા સુધીમાં મતદાન ૪૧ ટકા સુધી પહોંચી ગયું હતું. જોકે સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં ચોક્કસ કેટલા ટકા મતદાન થયું તે બાબતે ફોડ પાડવાનો ચૂંટણી કમિશનરે ઈનકાર કર્યો હતો. જોકે સરેરાશ ૫૦ ટકાની આસપાસ મતદાન થયું હોવાનું કહેવાય છે.

### તહેરાનમાં

પોતાની હવાઇ સીમા કમર્શિયલ ફ્લાઇટ્સ ગુરુવારે પાંચ કલાક માટે બંધ કરી દીધી હતી. ઇરાનમાં તાજેતરમાં શાસકો વિરોધી હિંસામાં ૩,૪૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે રાતે વાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે ઇરાનમાં શાસકોએ દેખાવકારોની વિરુદ્ધ દેહાંતદંડ જેવી કડક કાર્યવાહી તેમ જ હિંસા બંધ કરી છે અને તેથી અમે ઇરાન સામેની કાર્યવાહી હાલમાં મુલતવી રાખીએ છીએ. ઇરાનમાં આજે અનેક જણને દેહાંતદંડ થવાનો હતો, પરંતુ તે અટકાવ્યો છે.

ટ્રમ્પની વાત પર હજી ઘણાં લોકોને વિશ્વાસ નથી, કારણ કે તેમણે ગયા જૂનમાં જણાવ્યું હતું કે અમેરિકાના અધિકારીઓ ઇરાનના પ્રતિનિધિમંડળની સાથે અણુ-કાર્યક્રમને મુદ્દે મંત્રણા કરી રહ્યા છે. આમ છતાં, ખરેખર તો તેઓ ગયા ઉનાળામાં ઇરાન પર હુમલાની યોજના ધરાવતા હોવાનું કહેવાય છે.

ઇરાને કમર્શિયલ ફ્લાઇટ્સ માટે પોતાની હવાઇ સીમા પાંચ કલાક માટે બંધ કરી હોવાથી અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સે પોતાના વિમાન બીજી દિશામાં વાળવા પડ્યા હતા.

દરમિયાન, ભારત સરકારે ઇરાનમાંના પોતાના નાગરિકોને સલામત રીતે સ્વદેશ પાછા લાવવા તાકીદની યોજના ઘડી કાઢી છે. વિદેશ મંત્રાલયે આ માટેની તૈયાર શરૂ કરી છે.

ઇરાનમાં હાલમાં ભારતના વિદ્યાર્થીઓ સહિત ૧૦,૦૦૦થી વધારે નાગરિકો ફસાયેલા છે. (એજન્સી)

### નિકાસ

ડિસેમ્બરમાં ૨૫.૦૪ અબજ ડૉલર રહી હતી.

દેશની વેપાર ખાધ ગયા વર્ષની નવેમ્બરમાં ૨૪.૫૩ અબજ ડૉલર હતી અને ૨૦૨૪ના ડિસેમ્બરમાં બાવીસ અબજ ડૉલર હતી.

ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ડિસેમ્બર સુધીમાં દેશમાંથી વેપારની જણસોની કુલ નિકાસ ૨.૪૪ ટકા વધીને ૩૩૦.૨૯ અબજ ડૉલર થઇ હતી, જ્યારે આ સમય દરમિયાન આયાત ૫.૯ ટકા વધીને ૫૭૮.૬૧ અબજ ડૉલરની થઇ હતી અને તેથી ૨૦૨૫-૨૬ના નવ મહિનામાંની વેપાર ખાધ ૨૪૮.૩૨ અબજ ડૉલર હત. (એજન્સી)

### ભારત અમેરિકા

કરી રહી હતી, એમ તેમણે ઉમેર્યું હતું. ભારતના કોમર્સ મિનિસ્ટર પીયૂષ ગોયલે અમેરિકાના વેપાર પ્રતિનિધિ સાથે ઓનલાઈન મીટિંગ કરી હતી. અમેરિકના વેપારના પ્રતિનિધિના નાયબ રિક સ્વિત્ઝર ૧૦ અને ૧૧ ડિસેમ્બરે ભારત આવ્યા હતા. ત્યાર બાદ ગોયલ અને ગ્રીર વચ્ચે ઓનલાઈન મીટિંગ થઈ હતી. બાર જાન્યુઆરીએ ભારત આવેલા અમેરિકાના રાજદૂત સર્ગીયો ગોરે ભારપૂર્વક જણાવ્યું હતું કે વેપાર કરાર કરવા બન્ને પક્ષો વાતચીત કરી રહ્યા છે. (એજન્સી)

# અરબી સમુદ્રમાં કોસ્ટ ગાર્ડે મધરાતે ૯ પાકિસ્તાનીઓ સાથે 'અલ-મદીના' બોટ ઝડપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરબી સમુદ્રમાં ભારતીય દરિયાઈ સીમાની સુરક્ષા કાજે તૈનાત ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા એક મહત્ત્વપૂર્ણ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ૧૪ જાન્યુઆરી '૨૦૨૬ની રાત્રે પેટ્રોલિંગ દરમિયાન, કોસ્ટ ગાર્ડના જહાજે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા પાસે ભારતીય જળસીમામાં એક શંકાસ્પદ પાકિસ્તાની ફિશિંગ બોટ જોઈ હતી. કોસ્ટ ગાર્ડ દ્વારા પડકારવામાં આવતા, આ બોટે પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય જવાનોએ અત્યંત ઝડપી અને સચોટ કાર્યવાહી કરી રાત્રિના અંધારામાં જ આ બોટને આંતરી લીધી હતી અને ભારતીય જળસીમામાં જ તેને કબજે કરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ પાકિસ્તાની બોટનું નામ 'અલ-મદીના' છે અને તેમાં કુલ ૦૯ ક્રૂ મેમ્બરો સવાર હતા. હાલમાં આ બોટને ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજ દ્વારા ખેંચીને પોરબંદર લાવવામાં આવી હતી, જ્યાં વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા બોટની સઘન તપાસ અને ક્રૂ મેમ્બરોની સંયુક્ત પૂછપરછ કરવામાં આવશે. ■

# પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ અને ભુજ વચ્ચેની સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટિકિટની વધતી માગને ધ્યાનમાં રાખીને બાંદ્રા ટર્મિનસ-ભુજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, ટ્રેન નંબર ૦૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલ ટ્રેનના ફેરા હવે ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૩૮ ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેનના ફેરા ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે, જેથી કચ્છ અને મુંબઈ વચ્ચે અવરજવર કરતા મુસાફરોને મોટી રાહત મળશે. આ ટ્રેનના લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે. રેલવેના આ નિર્ણયથી આગામી દિવસોમાં કચ્છ અને ગુજરાતની મુસાફરીનું આયોજન કરતા મુસાફરોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં સરળતા મળી રહેશે. ■

# પતંગની દોરીએ સુરતમાં સર્જી કરુણાંતિકાઃ એક જ પરીવારનાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તરાયણનો ઉત્સાહ અનેક પરિવારો માટે કાળમુખો સાબિત થયો હતો. સુરતમાં હૃદયદ્રાવક ઘટના બની હતી જેણે આખા શહેરને હચમચાવી દીધું હતું. સુરત શહેરમાં પતંગની દોરીના કારણે એક જ પરિવારના ત્રણ લોકોનાં મોત થયાં હતાં.

મળતી વિગતો અનુસાર, સુરતના વેડ રોડ અને અડાજણને જોડતા ચંદ્રશેખર આઝાદ ફ્લાયઓવર બ્રિજ પર ગઈકાલે સાંજે એક દુર્ઘટના સર્જાઈ હતી. ૩૫ વર્ષીય રેહાન પોતાની પત્ની અને ૭ વર્ષની માસૂમ પુત્રી આયેશા સાથે બાઈક પર સવાર થઈ ફરવા નીકળ્યા હતા. બ્રિજ પરથી પસાર થતી વખતે અચાનક પતંગની દોરી તેમના રસ્તામાં આવી ગઈ હતી. બાઈક ચલાવતી વખતે એક હાથે દોરી હટાવવા જતાં રેહાને સંતુલન ગુમાવ્યું હતું અને બાઈક ડિવાઈડર સાથે અથડાયું હતું. જેથી ત્રણેય સભ્યો બ્રિજ પરથી ૭૦ ફૂટ નીચે પટકાયા હતાં.

આ અકસ્માતમાં ૩૫ વર્ષીય પિતા રેહાન, તેની પત્ની રેહાના અને આયેશાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે આ ભયાનક અકસ્માતમાં રેહાનની પત્ની રેહાના બ્રિજ પરથી નીચે પડતી વખતે તે ત્યાં નીચે પાર્ક કરેલી એક ઓટો-રિક્ષા પર પડી હતી. જોકે, તેને પણ ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહીં હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ રેહાનાએ પણ દમ તોડી દીધો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

આ સાથે ખાનગી હોસ્પિટલે સમયસર સારવાર ન આપી હોવાની ફરિયાદ પણ પરિવારે કરી હતી. ■

## ગુજરાતમાં પતંગે વધુ ત્રણ બાળકનો ભોગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તરાયણ નિમિત્તે બે દિવસમાં ચાર બાળકે જીવ ખોયો હોવાની ઘટના ઘટી હતી. આણંદ જિલ્લાના ખંભાતમાં ધવલ પરમાર નામના આઠ વર્ષના છોકરાએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. ધવલ પિતા સાથે બાઈક પર જતો હતો અને પતંગની દોરીથી ગળું ચિરાઈ જતા તેનું મોત થયું હતું. સુરતના સચિન વિસ્તારમાં ધાબા પર પતંગ ચગાવવા ગયેલી મંટુ નામની ૧૪ વર્ષીય કિશોરી નીચે પટકાતા તેનું મોત થયું હતું. જ્યારે અન્ય એક ઘટના સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા આનંદ વિલા સોસાયટીમાં બની હતી. મળતી માહિતી મુજબ, ૮ વર્ષનો બાળક પોતાની સાઈકલ લઈને સોસાયટીના પરિસરમાં રમી રહ્યો હતો. આ સમયે આકાશમાંથી કપાઈને આવતી પતંગની દોરી અચાનક બાળકના ગળામાં આવી ગઈ હતી. બાળક સાઈકલ પર સવાર હોવાથી દોરીના ઘર્ષણને કારણે તેનું ગળું ચિરાઈ ગયું હતું. આ ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

અગાઉ બુધવારે વડોદરા જિલ્લાના કરજણ વિસ્તારમાં ૧૦ વર્ષના બાળક હિમાંશુ કશ્યપનું પણ પતંગને કારણે મોત નિપજ્યું હતું. બાળક પતંગ પકડવા દોડતો હતો ત્યારે ઝડપથી આવેલી કારની હડફેટે આવી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી, તેનું પણ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ધાબા પરથી પટકાવાની વધુ એક ઘટના અમદાવાદના ખોખરામાં બની હતી. અહીં ૩૨ વર્ષીય યુવક ધાબા પરથી પડી જતા મૃત્યુ પામ્યો હતો. આ ઉપરાંત મોટાભાગના શહેરોમાં ઈજા થવાની ઘણી ઘટનાઓ નોંધાઈ હતી. ■

# હવે સાબરમતી રિવરફ્રન્ટનો વિકાસ અમદાવાદ મનપાને બદલે ગુજરાત સરકાર કરે તેવી સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરની ઓળખાણ સમાન અને અમદાવાદનું સૌથી વધુ આકષર્ણનું કેન્દ્ર એવું સાબરમતી રિવરફ્રન્ટનો કારભાર મહાનગરપાલિકા પાસેથી રાજ્ય સરકાર પાસે જાય તેવી સંભાવના છે. એક અહેવાલ અનુસાર ગુજરાત સરકાર સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો કારભાર પોતાને હસ્તક લેશે. રિવરફ્રન્ટનો ત્રીજો ફેસ ગાંધીનગર સુધી વિસ્તારવાની વિચારણા છે, આથી સરકાર સમગ્ર સંચાલન પોતાને હસ્તક લે તેવી સંભાવના છે, તેમ અહેવાલો જણાવે છે.

હાલમાં, રિવરફ્રન્ટનું સંચાલન રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત નિવૃત્ત આઈએએસ અધિકારીની આગેવાનીમાં ૧૦ સભ્યનું બોર્ડ કરે છે, જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપે છે.

જો રાજ્ય સરકાર હાથમાં લેશે તો પાલિકાના ચૂંટાયેલા સભ્યો બોર્ડમાં નહીં રહે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

મનપા દર વર્ષે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડને સેંકડો કરોડ રૂપિયાની લોન આપે છે. આ ભંડોળનો ઉપયોગ ફેઝ-૧, ફેઝ-૨, સાથે જોડાયેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને તેના સંચાલન અને જાળવણી ખર્ચ માટે કરવામાં આવ્યો છે. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં, અત્યાર સુધીમાં ખર્ચ રૂ. ૨,૧૨૮ કરોડ સુધી પહોંચી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

વર્ષ ૨૦૦૪માં મનપાએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની શરૂઆત કરી હતી અને ફેસ વનમાં વિવિધ સવલતો સાથે રિવરફ્રન્ટ ૨૦૧૧માં ખુલ્લું મૂક્યું હતું. ફેસ-૨ હાલમાં થઈ રહ્યું છે, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૮૦૦ કરોડ છે અને ફેસ-૩માં રૂ. ૧૦૦૦ કરોડનો ખર્ચ થાય તેમ છે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

રાજ્ય સરકાર આ સ્પેશિયલ પર્પઝ વ્હિકલ પ્રોજેક્ટ હસ્તગત કરે તેવી શક્યતાઓ ફેસ-૩ને લીધે ઉદ્ભવી છે. રિવરફ્રન્ટને હવે ગાંધીનગર સુધી લંબાવવાનો પ્રસ્તાવ છે, જેથી પ્રોજેક્ટ મોટો થશે આ સાથે અમદાવાદ મનપાની હદ બહાર જતો હોવાથી વહીવટી જટિલતાઓ પણ ઊભી થઈ શકે છે. જોકે આ મામલે હજુ કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. ■

## સાબરમતી રિવરફ્રન્ટ પર સ્પેશ્યલ મિલિટરી બેન્ડ યોજશે ખાસ કાર્યક્રમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૧૯ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન એક ખાસ લશ્કરી બેન્ડ કાર્યક્રમ યોજાશે. મનપાએ મીડિયાને આપેલી એક પ્રેસ રિલીઝમાં આ વાત જણાવી છે. જોકે, પ્રેસ રિલીઝમાં રિવરફ્રન્ટ પરના સમય અને ચોક્કસ સ્થળનો ઉલ્લેખ નથી.

પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કેઃ 'દેશના ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે, સંરક્ષણ મંત્રાલય દેશભરમાં લશ્કરી બેન્ડ પ્રદર્શનનું આયોજન કરી રહ્યું છે. આ કાર્યક્રમો ભારતીય સશસ્ત્ર દળો - સેના, નૌકાદળ, વાયુસેના, ભારતીય કોસ્ટ ગાર્ડ અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળો સાથે સંકલનમાં આયોજિત કરવામાં આવશે.

સંરક્ષણ મંત્રાલય તરફથી મળેલી માહિતી અનુસાર, આ બેન્ડ પર્ફોર્મન્સ ૧૯ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ 'વંદે માતરમ' ગીતની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરવાનો અને દેશભક્તિ, એકતા, બલિદાન અને માતૃભૂમિ પ્રત્યેના અતૂટ પ્રેમનાં મૂલ્યોને ઉજાગર કરવાનો છે. આ અંતર્ગત, ગુજરાતનાં વિવિધ શહેરોમાં ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ૧૯ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક ખાસ લશ્કરી બેન્ડ કાર્યક્રમ યોજાશે. સંરક્ષણ મંત્રાલય તરફથી મળેલી માહિતી અનુસાર, આ બેન્ડ પર્ફોર્મન્સ ૧૯ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ 'વંદે માતરમ' ગીતની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરવાનો અને દેશભક્તિ, એકતા, બલિદાન અને માતૃભૂમિ પ્રત્યેના અતૂટ પ્રેમના મૂલ્યોને ઉજાગર કરવાનો છે.' આ અંતર્ગત, ગુજરાતના વિવિધ શહેરોમાં ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ૧૯ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક ખાસ લશ્કરી બેન્ડ કાર્યક્રમ યોજાશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# બગદાણામાં કોળી સમાજના યુવાનોનો આત્મવિલોપનનો પ્રયાસ, પોલીસે અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણામાં કેટલાક સમયથી ચાલી રહેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. 'ન્યાય આપો'ના નારા સાથે કોળી સમાજના ચાર યુવાનોએ બગદાણા ગુરુ આશ્રમના મુખ્ય ગેટ પાસે જાહેરમાં આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે યુવાનો દીવાસળી ચાંપે તે પહેલાં જ ત્યાં હાજર પોલીસ કાફલાએ ચારેય યુવાનોને દબોચી લીધા હતા અને તેમની અટકાયત કરી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

આ બનાવ અંગે મળતી વિગતો અનુસાર, નવનીતભાઈના કેસમાં ન્યાયની માગ સાથે કોળી સમાજમાં લાંબા સમયથી ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ આક્રોશ વચ્ચે આજે ચાર યુવાનોએ આત્મવિલોપનનો પ્રયાસ કરતા મામલો ગરમાયો હતો. પોલીસે પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે આ યુવાનોને તાત્કાલિક કોઈ અન્ય સ્થળે ખસેડ્યા હતા. હાલ યાત્રાધામમાં કોઈ અણગમતી ઘટના ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

બીજી તરફ, આ ઘટનાને પગલે કોળી સમાજના અગ્રણીએ પોલીસતંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ન્યાય માટે આંદોલન કરી રહેલા સમાજના આગેવાનોની પોલીસ દ્વારા અડધી રાત્રે અને આગલા દિવસથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તંત્ર નિર્દોષ લોકો અને આગેવાનોની ધરપકડ કરવામાં જેટલી તત્પરતા દાખવી રહ્યું છે, તેટલી જ ઝડપ બતાવીને આ કેસમાં સાચા આરોપીઓની ધરપકડ કેમ કરતું નથી, તેવા સવાલો સમાજે કર્યા હતા. ■

# ૧૧૭ વર્ષ જૂની 'સસ્તું સાહિત્ય' સંસ્થા ફરી બેઠી થઈ, ૫૦ વર્ષ સુધી જ્ઞાન પીરસતી રહેશેઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે અમદાવાદ ખાતે 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત અને પ્રખર વિદ્વાન ગૌતમભાઈ પટેલ દ્વારા સંપાદિત 'આદિ શંકર સમગ્ર' (૧૫ ગ્રંથોની શ્રેણી)નું વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે તેમણે ભારતીય સંસ્કૃતિમાં આદિ શંકરાચાર્યના પ્રદાન અને સસ્તું સાહિત્ય સંસ્થાના પુનરુત્થાન અંગે મહત્ત્વપૂર્ણ વિગતો આપતા જણાવ્યું હતું કે, આદિ શંકરાચાર્યનું જ્ઞાન હવે ગુજરાતી યુવાઓ માટે આંગળીના ટેરવે મળતું થયું છે, સસ્તું સાહિત્ય દ્વારા આદિ શંકર સમગ્ર ગ્રંથાવલીનું વિમોચન કરાયું છે, જે ગુજરાતી સાહિત્ય માટે મોટી ઘટના છે. તેમણે જણાવ્યું હતું કે,૧૧૭ વર્ષ જૂની સ્વામી અખંડાનંદની સંસ્થા 'સસ્તું સાહિત્ય' ફરી બેઠી થઈ છે. આગામી ૫૦ વર્ષ સુધી ઉત્કૃષ્ટ સાહિત્ય પીરસતી રહેશે.

આદિ શંકરાચાર્ય સનાતન ધર્મના પુનરુદ્ધારક છે, તેમ જણાવી શાહે કહ્યું હતું કે, આદિ શંકરાચાર્યનું ૩૨ વર્ષનું ટૂંકું આયુષ્ય શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. તેમણે માત્ર ૮ વર્ષની ઉંમરે વેદોનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ૧૨ વર્ષની ઉંમરે શાસ્ત્રજ્ઞ બની ગયા હતા. ■

# આજે નેશનલ સ્ટાર્ટ-અપ ડેઃ સરકારે ૪30 જેટલા સ્ટાર્ટ-અપને કરી ₹ ૬૫ કરોડની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં નવા ઉદ્યોગો ઊભા થાય અને યુવાપેઢીની કલ્પનાશક્તિને મદદ મળી રહે તે માટે વર્ષ ૨૦૧૬માં રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઇન્ડિયા મિશન'ની 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઇન્ડિયા મિશન'ની શરૂઆત કરવામાં આવી હતી, જે અંતર્ગત દર વર્ષે તા. ૧૬, જાન્યુઆરીના રોજ નેશનલ સ્ટાર્ટઅપ ડે ઉજવાય છે.

વેપાર-ઉદ્યોગોમાં સાહસ માટે જાણીતા ગુજરાતમાં પણ ઘણા નવા ધંધા-ઉદ્યોગો વિકસ્યા છે. સરકારના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ૧૬ હજાર કરતાં વધુ સ્ટાર્ટઅપ્સ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં ૨૦૦થી વધુ ઇન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓ, ૮૫૦થી વધુ મહિલાની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ તેમજ શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત ૩૫૦થી વધુ પાયાના સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારે ૪૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સને અંદાજે રૂ. ૬૫ કરોડની નાણાકીય સહાય આપી છે, જેના થકી ડીપ-ટેક, હેલ્થકેર અને લાઇફ સાયન્સ, કૃષિ અને ફૂડ સિસ્ટમ્સ, ક્લીનટેક, ઇલેક્ટ્રિક મોબિલિટી, એડ્વાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, એરોસ્પેસ અને ડિફેન્સ, ફિનટેક, એડ્યુટેક જેવા ઉચ્ચ પ્રભાવ ધરાવતા ક્ષેત્રોમાં નવીનતાને ગતિ મળી રહી છે. આ ઉપરાંત ટેન્ડર ફી, ઈએમડી અને પૂર્વ અનુભવ સંબંધિત માપદંડોમાં છૂટ, પાત્ર સ્ટાર્ટઅપ્સ પાસેથી રૂ. ૧૫ લાખ સુધી સીધી ખરીદી અને ગુજરાત વેન્ચર ફાઇનાન્સ લિમિટેડ મારફતે સમર્પિત વેન્ચર ફંડની સ્થાપના જેવા પગલાં લેવાયા છે. ઇકોસિસ્ટમની ક્ષમતાઓને સતત મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારના સ્ટાર્ટઅપ સેલ દ્વારા નોડલ ઇન્ક્યુબેટર્સ માટે નિયમિત રીતે ક્ષમતા વિકાસ વર્કશોપ્સનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત ૩૦૦થી વધુ મેન્ટર્સને જોડવામાં પણ આવ્યા છે, જેના માધ્યમથી સ્ટાર્ટઅપ્સને વ્યૂહાત્મક માર્ગદર્શન, ઉદ્યોગ સંબંધિત સમજણ અને ક્ષેત્ર-વિશેષ નિષ્ણાતની સહાય પ્રાપ્ત થાય છે. રાજ્ય સરકારને આ ક્ષેત્રે અનેક એવૉર્ડ પણ પ્રાપ્ત થયા છે, તેમ સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં સમાધાનના બહાને બોલાવી કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે યુવકની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઉત્તરાયણના પર્વની રાત્રે મણિનગર વિસ્તારમાં આવેલા કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે હત્યાની ઘટના સામે આવી હતી. જૂની અદાવતમાં સમાધાન કરવાના બહાને બોલાવીને કેટલાક શખસોએ એક યુવક પર છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ચિરાગ રાઠોડ નામના યુવકની ઘાતકી હત્યાથી ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો.

મળતી વિગતો અનુસાર, ચિરાગ રાઠોડે તેની માનેલી બહેન સાથે ફરતા મંથન ઉર્ફે ઋત્વિક પરમારને અગાઉ બે-ત્રણ વખત ટોક્યો હતો, જે બાબતે બંને વચ્ચે તકરાર ચાલી રહી હતી. ગઈકાલે રાત્રે મંથને સમાધાન કરવાના બહાને ચિરાગને ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે બોલાવ્યો હતો. ચિરાગ ત્યાં એકલો પહોંચ્યો ત્યારે મંથન તેની સાથે જયદીપ શાહ, હર્ષિલ શાહ અને વિજય ઉર્ફે વી.પી. પરમાર નામના શખસોને લઈને આવ્યો હતો. સમાધાન દરમિયાન વાત વણસતા ચારેય શખસોએ ભેગા મળીને ચિરાગ પર હુમલો કર્યો હતો અને ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી દેતા ચિરાગનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

હત્યાની આ ઘટના બાદ તમામ આરોપીઓ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે ચિરાગના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. ■

# જીવલેણ વાઈરસ સામે લડત આપવા ગુજરાતમાં બનશે અત્યાધુનિક લેબોરેટરી

અમદાવાદઃ કોરોના મહામારી ઉપરાંત ગુજરાતમાં તાજેતરમાં ચાંદીપુરા વાઇરસ (માનવમાં) અને લમ્પી સ્કિન ડિસીઝ વાઇરસ (પશુઓમાં) જેવા રોગો જોવા મળ્યા છે, જે બંને માટે બાયોસેફ્ટી લેવલ - ૩ અને તેથી ઉપરની સુવિધાઓ જરૂરી છે. ક્રિમિયન-કોન્ગો હેમરેજિક ફીવર લમ્પી, ચાંદીપુરા અને નિપાહ જેવા વાઇરસના ખતરાને જોતા, અત્યંત જોખમી વાઇરસ પર સંશોધન કરવા માટે દેશમાં અદ્યતન લેબોરેટરીની વિશેષ જરૂરિયાત ઊભી થઈ છે.

આ દિશામાં ગુજરાતે દેશમાં અગ્રેસર થઈ રાષ્ટ્રની દ્વિતીય અને ગુજરાતની પ્રથમ બી.એસ.એલ.-૪ ફેસીલીટીના નિર્માણની દિશામાં વેગ પકડયો છે. ગુજરાતમાં આગામી સમયમાં પ્રથમ અદ્યતન બાયો કન્ટેનમેન્ટ ફેસીલીટી અંતર્ગત એનિમલ બાયોસેફ્ટી લેવલ ફેસીલીટી તેમ જ બાયોસેફ્ટી લેવલ-૪ લેબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

બાયોસેફ્ટી લેવલ-૪ એ જૈવિક સુરક્ષાનું સર્વોચ્ચ સ્તર છે. આ લેબમાં અત્યંત ચેપી અને જીવલેણ, હવા દ્વારા સરળતાથી ફેલાઈ શકે તેવા વાઇરસ અથવા બેક્ટેરિયા પર કામ કરવામાં આવે છે, જેની કોઈ રસી કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ ન હોય.

ગુજરાતમાં સરકાર હસ્તકના ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા ગાંધીનગર ખાતે સેક્ટર -૨૮ માં સ્થિત એનિમલ વેક્સિન ઇન્સ્ટિટ્યૂટની બાજુમાં ૧૪.૨૧ એકર જમીનમાં આ અત્યાધુનિક લેબ વિકસાવવામાં આવી રહી છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# કરુણા અભિયાનથી ઉત્તરાયણના દિવસે ૪,૯૩૭ પક્ષીઓને મળ્યું નવજીવન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે પક્ષીઓના જીવ બચાવવા માટે ચલાવવામાં આવતા 'કરુણા અભિયાન' અંતર્ગત ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજ્યભરમાં ૫,૪૩૯ ઇજાગ્રસ્ત પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી, જેમાંથી ૪,૯૩૭ એટલે કે ૯૧ ટકા પક્ષીઓને બચાવવામાં મોટી સફળતા મળી હોવાનું નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

પતંગની ઘાતક દોરીથી ઇજાગ્રસ્ત થતા પક્ષીઓની સેવા માટે સરકાર, ખાનગી પશુચિકિત્સકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ૧૦ જાન્યુઆરીથી શરૂ થયેલું આ અભિયાન આગામી ૨૦ જાન્યુઆરી સુધી કાર્યરત રહેશે, જેમાં રાજ્યભરમાં ફેલાયેલા સેંકડો સારવાર કેન્દ્રો દ્વારા પતંગોત્સવ પૂર્વે અને ત્યારબાદ પણ પક્ષીઓને ત્વરિત સારવાર પૂરી પાડવામાં આવશે. ■

# છેડતીના આક્ષેપમાં સૌરાષ્ટ્ર યુનિ.ના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણીનું એનએસયુઆઈએ મોં કાળું કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણી સામે વિદ્યાર્થિનીઓની છેડતીના ગંભીર આક્ષેપોથી શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. આ મામલે ગુજરાત પ્રદેશ એનએસયુઆઈએ ઉગ્ર વલણ અપનાવી ગિરીશ ભીમાણીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન એનએસયુઆઈના કાર્યકરોએ ભીમાણીને આંતરીને તેમના પર શાહી ફેંકી મોં કાળું કર્યું હતું અને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક તરીકે ફરજ બજાવતા ગિરીશ ભીમાણી પર આબુ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓની કથિત છેડતી અને અડપલાં કરવાના આક્ષેપો થયા હતા, જેને પગલે સંકુલ દ્વારા તેમને તમામ પદો પરથી દૂર કરી દેવામાં આવ્યા હતા.

ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ૧૨ અને ૧૩ જાન્યુઆરી દરમિયાન આબુ પ્રવાસમાં ગિરીશ ભીમાણીએ નશાની હાલતમાં વિદ્યાર્થિનીઓ સાથે અશોભનીય વર્તન કર્યું હતું. આ ઘટના બાદ ગજેરા સંકુલ દ્વારા તાત્કાલિક પગલાં લેવાયા છે, પરંતુ હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. એનએસયુઆઈએ આક્ષેપ કર્યો હતો કે આ મામલે પડદા પાછળ સમાધાન કરી લેવામાં આવ્યું છે, જે ગંભીર બાબત છે. ■

# શિક્ષણાધિકારી કચેરીઓમાં 'ઈ-સરકાર' પોર્ટલઃ હાર્ડકોપી મોકલવા પર બંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કમિશનર શાળાઓની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે હવેથી કચેરીની તમામ ફાઈલોની કાર્યવાહી માત્ર 'ઈ-સરકાર' પોર્ટલ મારફતે જ કરવાની રહેશે. આદેશ મુજબ હવેથી કોઈપણ પ્રકારની ફાઈલ કે પત્ર હાર્ડકોપીમાં સ્વીકારવામાં આવશે નહીં.

આ નવા આદેશ મુજબ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે થતી તમામ કામગીરી હવે ડિજિટલ માધ્યમથી જ કરવાની રહેશે. જોકે, સર્વિસ બુક અને તબીબી બિલ જેવી મહત્ત્વની ફાઈલોને અત્યારે હાર્ડકોપીમાં રાખવાની છૂટ આપવામાં આવી હતી, પરંતુ તે સિવાયના તમામ પત્રવ્યવહાર ફરજિયાતપણે ઈ-સરકાર એપ્લિકેશન દ્વારા જ મોકલવાના રહેશે. ■

# ‘વિપક્ષને હારનો અંદાજ આવી ગયો’ એકનાથ શિંદેનો ઠાકરેભાઈઓને ટોણો

## માર્કર પેન અંગે ચૂંટણી પંચની સ્પષ્ટતા પણ જાણો

મુંબઈઃ મતદાન કર્યા પછી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિપક્ષના દાવા પર નિશાન સાધ્યું હતું. વિપક્ષ પર નિશાન સાધતા એકનાથ શિંદેએ કહ્યું હતું કે અમે વિકાસના એજન્ડા પર ચૂંટણી લડી રહ્યા છીએ. અમે ચૂંટણી પંચ સાથે વાત કરી છે તો તેમણે કહ્યું છે કે ૨૦૧૨થી નગર પાલિકા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઈવીએમ અને મતદારની આંગળી પર નિશાન કરવા માટે માર્કરનો ઉપયોગ કરવામાં આવે છે.

પણ વિપક્ષને અત્યારથી હારનો સામનો કરવાનો અંદેશો આવી ગયો છે, તેથી બહાના બનાવી રહ્યા છે. વિના કારણ આરોપો લગાવી રહ્યા છે, પરંતુ ચૂંટણી પારદર્શક હોવી જોઈએ અને ચૂંટણી પંચે એની વ્યવસ્થા કરવી જોઈએ.

મહારાષ્ટ્ર મહાનગરપાલિકાની ચૂંટણીમાં માર્કર પેનનો ઉપયોગ કરવા અંગે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ ગંભીર આરોપો લગાવ્યા હતા. આ અંગે રાજ્યની ચૂંટણી પંચે કહ્યું છે કે મતદારોની આંગળી પરથી સહી કાઢવા અને ખોટા ભ્રમ ઊભા કરવા અંગે કોઈ પણ પ્રયાસ કરવામાં આવશે તો તેમની વિરુદ્ધ કાર્યવાહી પણ કરવામાં આવશે.

# ધનુષ્ય બાણનું બટન દબાવ્યું ને લાઈટ થઈ કમળ પર

## નાશિકમાં બનેલી ઘટના પર શિંદે જૂથના ઉમેદવાર રોષે ભરાયા

નાશિકઃ મહાપાલિકા ચૂંટણીના દિવસે નાશિક શહેરના કેટલાક મતદાન મથકો પર અંધાધૂંધ વાતાવરણ જોવા મળ્યું. વોર્ડ નંબર ૨૪ના એક મતદાન મથક પર ઈવીએમ અંગે ગંભીર આરોપો કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. શિવસેના શિંદે જૂથના ઉમેદવારોએ દાવો કર્યો છે કે ધનુષ્યબાણ પ્રતીકની સામેનું બટન દબાવ્યા પછી મશીન પર ભાજપનું પ્રતીક પ્રકાશિત થઈ રહ્યું હોવાનું મતદારોના ધ્યાનમાં આવ્યું હતું. આ ઘટના વોર્ડ નંબર ૨૪માં ગ્રામદેવ પ્રાથમિક શાળાના મતદાન મથક પર બની હોવાનું કહેવાય છે. કેટલાક મતદારોએ ચૂંટણી અધિકારીઓને લેખિત ફરિયાદ પણ કરી છે જેમાં મતદાન દરમિયાન શંકાસ્પદ ઘટનાઓ બની હોવાનો આરોપ કરવામાં આવ્યો છે. ઈવીએમની કામગીરી પર પ્રશ્નો ઉભા થવાને કારણે મતદાન મથક પર થોડો સમય તણાવનું વાતાવરણ જોવા મળ્યું હતું.

દરમિયાન, શિંદે જૂથની શિવસેના ઉમેદવારોએ અન્ય ગંભીર આરોપો મૂક્યા હતા. તેમણે દાવો કર્યો છે કે ઈવીએમ વિશે ફરિયાદ કરનારા મતદારોને ધમકાવવામાં આવ્યા હતા. આ બાબત મતદાન પ્રક્રિયાની પારદર્શિતા પર પ્રશ્નો ઉભા કરે છે અને નિષ્પક્ષ તપાસની માગણી કરવામાં આવી છે. આવું થવાથી મતદાન મથકની બહાર થોડા સમય માટે ભીડ વધી ગઈ હતી અને પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે પોલીસે દરમિયાનગીરી કરવી પડી હતી.

# મહારાષ્ટ્ર પાલિકા ચૂંટણીમાં ભાજપના વિક્રમી વિજયનો ગડકરીને વિશ્વાસ

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ગુરુવારે નાગપુર મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદાન કરી ભાજપ સમગ્ર મહારાષ્ટ્રમાં પાલિકા ચૂંટણીમાં વિક્રમી વિજય મેળવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગડકરી અને તેમના પરિવારના સભ્યોએ નાગપુરના મહલ વિસ્તારમાં આવેલી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં મતદાન કર્યું હતું. નાગપુર મહાનગરપાલિકાની ચૂંટણીમાં લોકોએ ભાજપને ત્રણ વાર ચૂંટી વિકાસ માટે કામ કરવાની તક આપી છે.

છેલ્લી નાગપુર મહાનગરપાલિકા ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઓછી હોવા અંગેના પ્રશ્નના જવાબમાં ગડકરીએ કહ્યું હતું કે એ વાત સાચી છે કે મતદાર યાદીમાં નામોની સમસ્યા હતી.

મતદારોની યાદી એવી રીતે તૈયાર કરવી જોઈએ જેથી કોઈ પણ મતદાનથી વંચિત ન રહે. મને વિશ્વાસ છે કે ચૂંટણી પંચ આ મુદ્દાને ઉકેલવા માટે યોગ્ય પગલાં લેશે.

# હેમા માલિની પર સિનિયર સિટિઝન ભડક્યા

મુંબઈઃ સોશિયલ મીડિયા પર બોલીવૂડ એક્ટ્રેસ હેમા માલિનીનો એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં તેઓ લોકોને મતદાન કરવાની અપીલ કરી રહ્યા હતા અને એટલામાં જ એક મતદાતાએ તેમને ઘેરી લીધા હતા. હેમા માલિની પણ જરાય ઉશ્કેરાયા વિના શાંતિથી ફરિયાદી વાત સાંભળી લીધી હતી.

વાઈરલ થઈ રહેલાં વીડિયોમાં જોવા મળે છે કે વોટિંગ બૂથની બહાર હેમા માલિની પર એક વ્યક્તિ ગુસ્સે કરતો જોવા મળી રહી છે. ગુસ્સે ભરાયેલી વ્યક્તિએ પ્રશાસન પર ગેર જવાબદારીનો આક્ષેપ કર્યો હતો. હેમા માલિની મતદાન બાદ જ્યારે મીડિયા સાથે વાત કરી રહ્યા હતા ત્યારે એ વ્યક્તિએ હેમા માલિની પર ગુસ્સો કરતાં જણાવ્યું હતું હું ૬૦ વર્ષનો છું. સવારે સાડાસાત વાગ્યાથી અહીં ઊભો છું. ૯.૩૦ વાગી ગયા છે અને અત્યારે મતદાન કરવા મળ્યું છે. કોઈ નથી જે અમારી વાત સાંભળે કે સમજે એવું.

હેમા માલિની સીનિયર સિટીઝનને આ રીતે ગુસ્સો કરતાં જોઈને પહેલાં તો થોડા પાછળ હઠી જાય છે અને ત્યાર બાદ મામલાને શાંત કરવા માટે પોતાની ટીમમાંથી કોઈને આગળ કરે છે. આ જોઈને વૃદ્ધ હજી વધારે ભડકી જાય છે અને હેમા માલિની પાસેથી જવાબ માંગતા કહે છે કે સેલિબ્રિટી તો આવે છે, વોટ નાખીને જતાં રહે છે, અમારા જેવા આમ આદમી અહીં લાઈનમાં ઊભા રહે છે. આ ખોટું છે.

# મુક્ત અને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છેઃ એકનાથ શિંદેએ રાજ ઠાકરેના આરોપોને ફગાવી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કથિત ભૂંસાઈ રહેલી શાહીના વધતા વિવાદ વચ્ચે, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ‘મુક્ત અને નિષ્પક્ષ મતદાન’ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેના આરોપોને ફગાવી દેતા કે નવી પેનનો ઉપયોગ ભૂંસાય નહીં એવી શાહીની જગ્યાએ કરવામાં આવ્યો છે, શિંદેએ કહ્યું કે ‘વર્ષોથી એ જ શાહીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને નિષ્પક્ષ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. મેં ચૂંટણી પંચ સાથે વાત કરી છે. તેમણે મને જાણ કરી કે આ શાહી ઘણા વર્ષોથી ઉપયોગમાં લેવાય છે. ચૂંટણી પંચે પણ કોઈ છેતરપિંડી ન થાય તે માટે સંપૂર્ણ સાવચેતી રાખી છે.’ થાણેના એક મતદાન મથક પર ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) બંધ થવાની ઘટના બાદ, નાયબ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ચૂંટણી પંચે ‘જરૂરી સાવચેતી’ લીધી છે. જે સ્થળોએ મશીનો (ઈવીએમ) ખરાબ થયા છે તેના રેકોર્ડ જાળવવામાં આવી રહ્યા છે. તેથી, ચૂંટણી પંચે આ સંદર્ભમાં યોગ્ય વ્યવસ્થા કરી છે અને જરૂરી સાવચેતી રાખી છે, એમ પણ શિંદેએ જણાવ્યું હતું.

# હાર્બર રેલવે બોરીવલી સુધી લંબાવવામાં આવશેઃ માત્ર ₹૨૦માં પનવેલથી મુંબઈ પહોંચાશે

મુંબઈઃ મુસાફરોની વધતી સંખ્યાને કારણે ગોરેગાંવ સુધી ચાલતી ચાલતી હાર્બર લાઈન બોરીવલી સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિસ્તરણ બે તબક્કામાં કરવામાં આવશે. મલાડ ખાતે એલિવેટેડ સ્ટેશનનું કામ ચાલી રહ્યું છે. ઉપરાંત કાંદિવલી અને બોરીવલી વચ્ચે છઠ્ઠી રેલવે લાઈન બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ બાંધકામ થયા પછી મુસાફરો ફક્ત ૨૦ રૂપિયામાં પનવેલથી બોરીવલી મુસાફરી કરી શકશે. હાલમાં હાર્બર લાઈન પર સીએસએમટી - પનવેલ, અંધેરી, ગોરેગાંવ વચ્ચે લોકલ ટ્રેન દોડે છે. અગાઉ હાર્બર સર્વિસ ફક્ત સીએસએમટી - અંધેરી સુધી જ હતી. પરિણામે અનેક મુસાફરો સીએસએમટીથી અંધેરી મુસાફરી કરી પછી પશ્ચિમ રેલવેની ઉપનગરીય ટ્રેનમાં બાકીની મુસાફરી કરતા હતા. મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને, હાર્બર ટ્રેન સર્વિસ ગોરેગાંવ સુધી લંબાવવામાં આવી હતી. આ વિસ્તરણ ડિસેમ્બર ૨૦૧૭ થી શરૂ કરવાનું આયોજન હતું, પરંતુ ટેકનિકલ મુશ્કેલીઓને કારણે લોકલ ટ્રેનો માર્ચ ૨૦૧૯ થી જ ગોરેગાંવ સુધી શરૂ થઈ શકી હતી.

ગોરેગાંવ સુધીની સર્વિસને સફળતા મળતા હવે તેને બોરીવલી સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૮૨૫ કરોડ રૂપિયા થશે. વિસ્તરણ બે તબક્કામાં કરવામાં આવશે - ગોરેગાંવથી મલાડ સુધીનો ૨ કિમીનો પહેલો તબક્કો ૨૦૨૬-૨૭ માં પૂર્ણ થશે અને મલાડથી બોરીવલી સુધીનો ૫ કિમીનો બીજો તબક્કો ૨૦૨૭-૨૮માં પૂર્ણ થશે.

# પુત્રના ૮૦ લાખ રૂપિયાના દેવાને લઈ વૃદ્ધ માતાનું અપહરણઃ એકની ધરપકડ

મુંબઈઃ જુહુમાં ૮૦ લાખ રૂપિયાનું દેવું પરતફેડ કરવામાં પુત્ર નિષ્ફળ જતાં તેની ૬૩ વર્ષની વૃદ્ધ માતાનું બે નાણાં ધિરાણકારે અપહરણ કર્યું હતું અને દેવું લીધું હોવાના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરાવ્યા હતા. આ ઘટના ગયા મહિને બની હતી અને પોલીસે સોમવારે એક જણની ધરપકડ કરી હતી, જ્યારે તેના સાથીની શોધ ચલાવાઇ રહી છે.

વૃદ્ધાનો આરોપ છે કે તેના પુત્રએ ઝફર કુરેશી સહિત વિવિધ લોકો પાસેથી ૩૦ ટકા વ્યાજ દરે લોન લીધી હતી અને ત્રણ કરોડના દાગીના ગિરવે મૂક્યા હતા. ૮૦ લાખની પરતફેડ કરવા છતાં કુરેશીએ વસૂલી માટે ધમકી આપવાનું ચાલુ રાખ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦ના અધિકારીઓએ સોમવારે કુરેશીના સાગરીત અલ્ફાઝ ફિરોઝ કાસમની ધરપકડ કરી હતી, જ્યારે કુરેશીની શોધ ચાલી રહી છે.

ગયા મહિને એક અવસરે વૃદ્ધાને કુરેશી અને તેના બે સાગરીતે સાંતાક્રુઝ પશ્ચિમમાં જબરજસ્તીથી કારમાં બેસાડી હતી અને નિર્જન સ્થળે લઇ જઇ તેને ધમકી અપાઇ હતી તેમ જ સ્ટેમ્પપેપર પર હસ્તાક્ષર તથા અંગૂઠાનું નિશાન લેવાયાં હતાં, જેમાં ૮૦ લાખનું દેવું લીધું છે, એવું લખાણ હતું. તેનો વીડિયો પણ ઉતારવામાં આવ્યો હતો.

# સાંસદ પાસેથી પાંચ કરોડ રૂપિયા વસૂલવાનો પ્રયાસ

મુંબઈઃ આંધ્ર પ્રદેશના સાંસદને બ્લેકમેઇલ કરીને પાંચ કરોડ રૂપિયા વસૂલવાનો પ્રયાસ કરવા બદલ આરટીઆઇ કાર્યકરની મુંબઈથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

આંધ્ર પ્રદેશ અને મુંબઈ પોલીસે જોઇન્ટ ઑપરેશન હાથ ધરીને દક્ષિણ મુંબઇથી રૂશાંત જયકુમાર વાડકે નામના આરોપીને તાબામાં લીધો હતો.

આરટીઆઇ કાર્યકર હોવાનો દાવો કરનારા વાડકેએ વેસ્ટ ગોદાવરી જિલ્લાના સાંસદને ટાર્ગેટ કર્યો હતો. આરટીઆઇ અરજીઓ મારફત મેળવેલી સંવેદનશીલ માહિતી સેન્ટ્રલ એજન્સીઓને શૅર કરી હતી.

# મતદાન વખતે સહીનો વિવાદ

## પુનરાવર્તિત મતદાર મળી આવે તો કાર્યવાહી કરવામાં આવશે

‘મતદાર મતદાન મથક પર પહોંચ્યા પછી, મતદાન પ્રતિનિધિઓ હોય છે જે તેને ઓળખે છે. તે ઓળખની પુષ્ટિ થયા પછી, તેને મતદાન કરવાનો અધિકાર છે. જો તેને મતદાન સામે કોઈ વાંધો હોય, તો તે મતદાન અધિકારીને ફરિયાદ કરી શકે છે. જો કોઈ મતદાર ફરીથી મતદાન કરવા આવે છે, તો મતદાન મથકના અધિકારીઓ તેની તપાસ કરશે અને જો એવું જણાય કે તે બે વાર મતદાન કરવા આવ્યો છે, તો કાર્યવાહી કરવામાં આવશે,’ એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મતદારોની ટકાવારી સારી છે. માર્કર પેનના અનુભવ લઈને, અમે જિલ્લા પરિષદની ચૂંટણી માટે ઇન્ટેલ ઇન્કનો ઉપયોગ કરીશું. મતદાનનો દર ૩૫ ટકા છે. બે ટકા ઈવીએમને નુકસાન થયું છે. છેલ્લાં ૧૦ વર્ષમાં એક પણ ઈવીએમ ખરીદવામાં આવ્યું નથી. સમાન ઈવીએમ મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેથી, ૨ ટકા ઈવીએમને નુકસાન થવાની સંભાવના છે.

### ‘ચૂંટણી પંચને સોફ્ટ ટાર્ગેટ કરવામાં આવી રહ્યું છે’

ચૂંટણી પંચને સોફ્ટ ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યું છે. ચૂંટણી પંચ દરેક વસ્તુ માટે જવાબદાર નથી, કેટલીક જવાબદારી મતદારોની પોતાની છે, કેટલીક જવાબદારી રાજકીય પક્ષોની છે. કેટલીક જવાબદારી ઉમેદવારોની પણ છે, એમ વાઘમારેએ ઉદ્ધવ ઠાકરેના ચૂંટણી પંચ સામે કાર્યવાહી કરવાના નિવેદન પર ટિપ્પણી કરતા કહ્યું હતું.

### ‘મતદારોનું કામ યાદીઓ તપાસવાનું છે’

‘યાદીઓ તપાસતી વખતે પણ ઘણા મતદારોના નામ યાદીમાં નહોતા. અમે વિધાનસભાના વોર્ડ પ્રમાણે મતદારોની યાદી વિભાજિત કરી. તે પોલીસ સ્ટેશનની મર્યાદા પ્રમાણે બદલાય છે. તે વોર્ડ પ્રમાણે બદલાઈ ગઈ છે. તેથી, કોઈ મતદાન મથકમાં ફેરફાર જોવા મળી શકે છે. લોકો વિધાનસભાની યાદી લઈને મતદાન મથકો પર જઈ રહ્યા છે. અમારી પાસે એક એપ છે, એક પોર્ટલ છે. મતદારનું નામ તપાસવા માટે મતદાન મથક પર એક બીએલઓ બેઠો છે, તેઓ મતદારોને શોધી આપે છે. જોકે, નામ શોધવાની જવાબદારી મતદારની છે,’ એમ પણ વાઘમારેએ કહ્યું હતું.

# હિન્દુ મરણ

### ઉમરેઠ વિશા ખડાયતા

ગં. સ્વ. પ્રવીણાબેન શાહ તા. ૧૩-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. અનીલભાઇના ધર્મપત્ની. આશિષના માતુશ્રી. અ. સૌ. વૈશાલીના સાસુ. ગં. સ્વ. ગીરજાબેન અંબાલાલ શાહના પુત્રવધૂ. સ્વ. રમેશભાઇ, જગદીશભાઇના ભાભી. ગં. સ્વ. લલીતાબેન ચંદુલાલ શાહના પુત્રી. લૌકિક પ્રથા બંધ છે.

### ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રમાબેન શામળદાસ મહેતા (દાણી)ના સુપુત્ર રાજેન્દ્ર મહેતા (ઉં. વ. ૭૧) તા. ૧૪-૧-૨૬ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે રેખાબેન મહેતાના પતિ. જસ્મીન મહેતા, પૂર્વી કાર્તિક ટોપરાણી, મીતલ મૌલિક વસાણીના પિતાશ્રી. ઝલક જસ્મીન મહેતાના સસરા. રજનીકાન્ત મહેતા, ગં. સ્વ. પૂનમબેન વિનાયક કપાસી, ગં. સ્વ. મીના મહેશ દોશીના ભાઇ. સ્વ. દલપતરાય મોહનલાલ મહેતા (ખોખાણી)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઔદિચ્ય સાડાચારસો બ્રાહ્મણ

હર્ષદરાય જયંતીલાલ ત્રિવેદી મુળવતન પીપળીયા (હાલ ડોમ્બિવલી)ના ધર્મપત્ની રીટાબેન તા. ૧૪-૧-૨૬ના દેવલોક પામ્યા છે. સ્વ. ચંદ્રભાગાબહેન જયંતિલાલ ત્રિવેદીના પુત્રવધૂ. તે હેતલબેનના માતુશ્રી. તે પ્રશાંત મહેતાના સાસુ. ચિ. તનિશા અને ચિ. પરીના નાની. કુસુમબેન વામનભાઇ વ્યાસ, મધુબેન ભાલચંદ્ર મહેતા તથા વિરુબેન મંજીતસિંહ ભોગલના ભાભી. નંદલાલ મણીશંકર રાવલના સુપુત્રી. બેસણું શુક્રવાર તા. ૧૬-૧-૨૬ના સાંજે ૪થી ૬, તેમના નિવાસસ્થાને. ઠે. રૂમ. નં.૯, પ્રસાદ બિલ્ડિંગ, ૧લે માળે, પી. પી. ભગતવાડી, તુકારામનગર, ડોમ્બિવલી (ઇસ્ટ).

### કપોળ

રાજુલાવાળા હાલ બોરીવલી સ્વ. લલિતરાય ભગવાનદાસ દોશીના પત્ની ગં. સ્વ. ઇચ્છાગૌરી (ઉં. વ. ૯૫) તા. ૧૫-૧-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઓધવજી નરસીદાસ શેઠની દીકરી. અ. સૌ. ભારતીબેન પ્રકાશ કટકિયા, ઉપેન્દ્ર, અ. સૌ. રશ્મિબેન શૈલેષ પારેખ, અ. સૌ. બીજલબેન નરેન શ્રોફના માતુશ્રી. અ. સૌ. માલાબેનના સાસુ. સ્વ. અમૃતલાલ તથા છબીલદાસના ભાઇના પત્ની. તે શ્રીજી, ધ્રુવી રીનવ મોદીના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### પરજીયા સોની

ગામ દુધાળા હાલ દહીસર, સોની નરેશભાઈ ભુરાભાઇ ધાણકના પત્ની અ.સૌ. રક્ષાબેન નરેશભાઈ ધાણક (ઉં. વ. ૬૧) તા.૧૩/૦૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે જીગરભાઈ, પ્રજ્ઞાબેન મીલનકુમાર ચોકસીના માતુશ્રી. સ્વ. નટવરલાલ કેશવલાલ સાગરના દિકરી (ધારકેરળવાળા) પ્રાર્થનાસભા/ લૌકિક પ્રથા બંધ છે.

### કપોળ

શેખપીપરીયાવાળા હાલ મુંબઈ, સ્વ. પ્રતાપરાય તથા સ્વ. ઇન્દુમતીના પૌત્ર ચિ. જુગલ (ઉં. વ.૪૧ ) તે નયનાબેન તથા નરેશ પ્રતાપરાય મોદીના પુત્ર. ચિ. અભિષેક તથા સેજલ અસીમ સદ્યના, રાજવી સૌમિલ ત્રિવેદી, કુણાલ મહેન્દ્ર મોદી તથા સ્વેતા મેઘ ધોળકિયાના ભાઈ. સ્વ. વિલાસબેન પ્રધુમન વોરા તથા સ્વ. મહેન્દ્ર પ્રતાપરાય મોદીના ભત્રીજા. હુબલીવાળા કમલનયન તથા બીમલ કાંતિલાલ મહેતાના ભાણેજ તા. ૧૨/૦૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### આહીર

મૂળ રાજકોટ, હાલ મુંબઈ, શ્રીમતી લક્ષ્મીબેન લાખાભાઈ માખેલા (ઉં. વ. ૮૬) સોમવારે તા. ૧૨-૦૧-૨૬ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે હરીશ, યોગેશ, દિનેશ, સંગીતાના માતુશ્રી. મીના, શીતલ, હર્ષા તથા મહેન્દ્રભાઈ બલદાણિયાના સાસુ. જીવાભાઈ, દેવાભાઈ, બબીબેન, જાનાબેન, મણીબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. જીવણભાઈ કાનાભાઈ આહીરના પુત્રી. સ્વ. અમૃતબેન, સ્વ. બચુભાઈ, સ્વ. સવિતાબેન, હસમુખ, પ્રકાશના બેન. તેમની પ્રાર્થનાસભા શુક્રવારે તા. ૧૬-૦૧-૨૬ના ૪ થી ૬. સ્થળ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

### લુહાર સુતાર જ્ઞાતિ

ગામ સિંબર હાલ દહીસર, સ્વ. આણંદભાઈ જીવનભાઈ કવાના ધર્મપત્ની. (ઉં. વ. ૯૪) સ્વ. જેકીબેન આણંદભાઈ કવા તા. ૧૧-૧-૨૬ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ગીરધરભાઈ, સ્વ. બાલુભાઈ, સ્વ. નરોત્તમભાઈ, કિશોરભાઈ, કલ્પેશભાઈ, અરવિંદભાઈ, ગં.સ્વ. કંકુબેન ગોવિંદભાઈ પરમાર, અ.સૌ. જ્યોત્સનાબેન લાલજીભાઈ ગોહીલના માતુશ્રી.

# પારસી મરણ

જરૂ ધનજીશા મુઝ તે મરહુમો ધનજીશાના ધનિયાની. તે મરહુમો દીનબઇ જહાંગીર દાદાભાઇ મિસ્ત્રીના દીકરી. તે પરવેઝ, શેરનાઝ, અદીલના માતાજી. તે કેશમીરાના સાસુજી. તે યાદગર સકલાત, મરહુમો મની, નરગીશ, રોદા, દારા, જમશેદ, નોશીરના બહેન. તે પરસીસ, માહીતના મમઇજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. ગુલ-ધન આબાદ, ફ્લેટ નં.૧, એ વિંગ, એસ. વી. રોડ, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૧-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, માલકમ બાગ, અગિયારીમાં છેજી.

બોમી શાપુરજી કોટવાલ તે ફ્રેનીના ધની. તે મરહુમો શીરીનબાઇ શાપુરજી કોટવાલના દીકરા. તે કેશમીરાના પપા. તે વીરાફના સસરા. તે નરગીશ મીનુ ને મરહુમો કેરસી ને નોશીરના ભાઇ. તે જેહનાઝ ને બેનાફશાના મમાવા. (ઉં. વ. ૮૦) રે. ઠે. દાદા ચાનજી બિલ્ડિંગ, બીજે માળે, મર્ઝબાન કોલોની, ડો. એ. આર. નાયર રોડ, મુંબઇ-૪૦૦૦૧૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૧-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની બાટલીવાલા અગિયારીમાં છેજી.

વિરાફ નોશીર દારૂવાલા(ઉં. વ. ૫૩) તે વૈશાલીના ધણી. તે પરવીન અને નોશીરના દીકરા. તે ડૉ. ડાયેનાના પપ્પા. તે મહારૂખના ભાઇ. તા. ૧૪-૧-૨૬ના ગુજર પામ્યા છે. ઠે. એ-૫૦૪, સત્યમ કો.ઓ. સોસાયટી, શેટ્ટી હાઇસ્કૂલની બાજુમાં, પવઇ, મુંબઇ.

---

ગામ ટીંબીવાળા સ્વ. મોઘીબેન પરસોત્તમભાઈ મકવાણાની દિકરી. ગં. સ્વ. ભાનુબેન, ગં.સ્વ. ઉષાબેન, ગં.સ્વ. ઉર્મિલાબેન, સૌ. સુધાબેન, અ.સૌ. વનીતાબેન, સૌ. સોનલબેનના સાસુ. હર્ષદ, ધર્મેશ, કેતન, તીરૂપ, ક્રીષ્ના, અનિકેત, જંકીત, અક્ષય, અભીષેકના દાદીમા. સાદડી શનિવાર તા. ૧૭-૧-૨૬ના ૫ થી ૭. લુહાર જ્ઞાતિ વેલ્ફેર સેન્ટર, દત્તપાડા રોડ, અંબાજી મંદીરની બાજુમાં બોરીવલી ઈસ્ટ.

### ખંભાત વિશા મોઢ અડાલજા વણિક

સ્વ. વલ્લભદાસ દામોદરદાસ શાહ તથા સ્વ. શાંતાબેન શાહના સુપુત્ર દિલીપભાઈ (ઉં. વ.૮૮) તથા સ્વ. ભાનુબેનના પતિ તા. ૧૪/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કિશોરભાઈ, સ્વ. દિનેશભાઈ, પ્રતીમાબેનના ભાઈ, હમાગીબેન, અવનીબેનના પિતા. નૈનેશભાઈના સસરા. પ્રાચી, ફોરમ, પ્રેરક, હીલોનીના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવ્યો છે.

### કચ્છી ભાટિયા

ભરત કુવરજી આશેર (ઉં.વ.૭૯) તા. ૧૩ જાન્યુઆરી ૨૬ના અવસાન પામ્યા છે. સુપુત્ર- સ્વ. કુવરજી ચારણદાસ આશેર તથા સ્વ. કસ્તુર કુવરજી આશેર, ભાઈ-બહેન-વિમલા પલેચા તથા જયેશ આશેર, પતિ- શ્રીમતી પુષ્પા આશેર. જમાઈ- સ્વ. રણછોડદાસ કાનજી વેદ તથા સ્વ. શાંતિ રણછોડદાસ વેદ, પિતા- શ્રીમતી કલ્પના કામદાર તથા શ્રીમતી સોનલ ઉદેશી, સસરા - રવિ કામદાર તથા શ્રી સંજય ઉદેશી. લૌકિક વ્યવહાર બંધ છે.

### ગામડિયા દરજી

સ્વ. હેમંત ભિખુભાઇ દલાલ તા. ૧૨/૦૧/૨૬ના પ્રભુશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા/(બેસણું) તા. શુક્રવાર, ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬, બપોરે ૪ થી ૬. સ્થળઃ મુંબઈ ઉપનગર સેવા મંડળ, રાષ્ટ્રીય શાલા માર્ગ, ગાંધી ચોક, વિલે પાર્લે પશ્ચિમ. તે અન્નપૂર્ણા દલાલ (પત્ની), ટ્વિંકલ દલાલ (પુત્રી), મોનીલ દલાલ (પુત્ર), કિશોર દલાલ (મોટા ભાઈ), ચંદ્રિકા ટેલર (મોટા બહેન).લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કપોળ

ફોર્ટ સોનગઢના હાલ કાંદિવલી, સ્વ. હસમુખભાઈ ઠાકોરલાલ મહેતા (ઉં. વ. ૮૮) તા. ૧૨.૦૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ. અનસુયાબેનના પતિ. નિલેષ-હિના, વંદના-વિજય, ભાવેશા-સંદીપ, કૃષ્ણા-કેતનના પિતાશ્રી. સ્વ. મનહરભાઈ, સ્વ. અમૃતલાલ, નરેન્દ્રભાઈના ભાઈ. વિપુલ નાથાલાલ પારેખના ફુવા, સ્વ. કાંતિલાલ પરમાનંદદાસ, સ્વ. ભુપતરાય વ્રજલાલ મહેતા, સ્વ. હિંમતલાલ ત્રિભોવનદાસ, સ્વ. પી. કે.શર્માના વેવાઈ. પ્રાર્થનાસભા તા. ૧૭.૦૧.૨૬ના શનિવારે ૫.૩૦ થી ૭.૦૦. ૯એ, રેસીડેન્સી એલ લેવલ, બમનજી પેટિટ રોડ,પારસી જનરલ હોસ્પિટલની પાછળ, બ્રીચ કેન્ડી, મુંબઈ -૨૬.

### કપોળ

અમરેલી નિવાસી હાલ મુંબઈ, કલ્પના તથા સ્વ. જીતેન્દ્ર ચુનીલાલ પારેખના દીકરી મનીષા બ્રહ્મા દુગ્ગલ (ઉં.વ.૫૬) ૧૩.૦૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે કુ. નિધીના માતુશ્રી. ચેતન, દિગીશ અને જયનીના બહેન. મનીષા ચેતનના નણંદ. દેવના ફઈ. પરેશ - રાજુલના ભત્રીજી. સર્વે લૌકિક પ્રથા રાખેલ નથી.

# જૈન મરણ

### વેરાવળ દશા શ્રીમાળી જૈન

વેરાવળ નિવાસી હાલ કાંદિવલી રમેશચંદ્ર અને સ્વ. મૃદુલાબેન શાહના સુપુત્ર ચેતનભાઇ (ઉં. વ. ૬૯) હાલ મુલુંડ તા. ૧૪-૧-૨૬ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. પરેશભાઇ અને મનીષાબેનના ભાઇ. રાહુલના પિતા. જેનેટના સસરા. તે પ્રભાબેન તેમ જ સ્વ. ચંદ્રકાંત ચુનીલાલ શાહ (માટુંગા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### સ્થાનકવાસી જૈન

માઢિયા (મહુવા) નિવાસી હાલ વિલેપાર્લે ભરતભાઇ (ઉં. વ. ૭૩) તા. ૧૩-૧-૨૬ના બેંગલોર ખાતે અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. પાયલ નિપુલ દેસાઇ તથા પૂર્વી નિખિલ આનંદપરાના પિતાશ્રી. ઓમ, રેયાંશના નાનાજી. સ્વ. હસુમતીબેન કેશવલાલ મહેતા તથા ગીતાબેન નાનાલાલ મહેતાના પુત્ર. દિનેશભાઇ, સ્વ. અતુલભાઇ, અમીષભાઇ, લીલીબેન કાંતિલાલ, વિમળાબેન ભોગીલાલ, નીરુબેન નરેશકુમાર, જયશ્રીબેન પ્રવીણકુમારના ભાઇ. કમલેશભાઇ તથા સ્વ. કિશોરભાઇ વ્રજલાલ, મધુબેન પ્રવીણચંદ્ર, ભારતીબેન રજનીકાંતના બનેવી. પ્રાર્થનાસભા તા. ૧૯-૧-૨૬ના સોમવાર સાંજે ૫થી ૭. ઠે. સરદાર પટેલ બાગ, પાર્લેશ્વર રોડ, અગ્રવા માર્કેટ, પાર્ક રોડ, વિલેપાર્લે (ઇસ્ટ).

### ઘોઘારી વિસા શ્રીમાળી જૈન

વલ્લભીપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. હસુમતીબેન ચંપકલાલ વેલચંદ દોશીના સુપુત્ર કૌશીકભાઇ (બકુલભાઇ) (ઉં. વ. ૬૩) તા. ૧૩-૧-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કિરણભાઇ તથા અમીતભાઇના ભાઇ. નીતાબેનના દિયર. કિન્નરી મનનકુમાર ઝવેરીના કાકા. કુંવરજી ગોરધનદાસ શાહ (ભાવનગરવાળા)ના ભાણેજ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશાશ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતિલાલ ભગવાનદાસ સંઘવીના પૌત્ર, ઉષાબેન અને પ્રવિણભાઇ સંઘવીના પુત્ર પિનાંક (ઉં. વ. ૪૫) ૧/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રાહુલના ભાઈ. મોનાના જેઠ, સ્વ. દિનેશભાઇ મહેશભાઈ, સૂર્યાબેન, સ્વ. સરલાબેનના ભત્રીજા. મોસાળપક્ષે બેચરદાસ માણેકચંદ દોશી સાવરકુંડલાના ભાણેજ. સિધ્ધચક્ર પૂજન રવિવારના રોજ તા. ૧૮/૦૧/૨૦૨૬ સવારે ૯ થી ૧. સ્થળ શ્વેતાંબર મૂર્તિ પૂજક આદેશ્વર જૈન દેરાસર મંડપેશ્વર રોડ, બોરીવલી વેસ્ટ.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જીથરી નીવાસી હાલ મુલુન્ડ, રતીલાલ નાનચંદ શાહના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૭૫) તા. ૧૨/૦૧/૨૬ અરિહંતશરણ પામેલ છે. પિયુષ, જતીનના માતા. ભાવના, ફાલ્ગુનીના સાસુ. કવિયા, વિણી -નિવાના દાદી, સ્વ. નગીનભાઈ, સ્વ. શાંતીભાઈ, સ્વ. વજુભાઈ, સ્વ. કોતીભાઇ, રસિકભાઈ, ચંકુભાઇ, પ્રતાપભાઈ, બિપિનભાઈ, પ્રવિણભાઈ, લાખાણી ઇન્દુબેન ત્રંબકલાલના ભાભી. પિયરપક્ષે સ્વ. કેશવલાલ ગુલાબચંદ મહેતા (કમળેજ) ના દિકરી. સાદડી તા.૧૮/૧/૨૬ને રવિવાર ૩ થી ૫. ગોપુરમ હોલ, આર.પી.રોડ, જ્ઞાન સરીતા સ્કુલની બાજુમાં, મુલુન્ડ વેસ્ટ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

હાલાપુરના છગનલાલ જીવરાજ હરીયા (ઉં. વ. ૮૫) તા. ૧૧-૧-૨૬ના અવસાન પામેલ છે. રાણબાઈ જીવરાજના પુત્ર. વેલબાઇના પતિ. લક્ષ્મીચંદ, અમૃત, પંકજ, અનિલના પિતા. પોપટ, મુલબાઈ, ગંગા, મણી, કેશરનાભાઇ. સાભરાઈના સોનબાઇ ભવાનજી ઉમરશીના જમાઈ. પ્રા. શ્રી.ક. વિ.ઓ.મ. સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, ઘાટકોપર (ઈ), ૨ થી ૩.૩૦.

લુણીના સાકરબેન ગાંગજી ગાલા (ઉં. વ. ૮૭)તા.૧૩-૧-૨૬ ના અવસાન પામ્યા છે. ગંગાબાઈ રતનશીના પુત્રવધુ. ગાંગજીના પત્ની. રમેશ, નવિન, અશોક, જયવંતીના માતા. પત્રી હીરબાઈ ભુલા જીવરાજ ધરોડના પુત્રી. વડાલા વેલબાઈ ભારમલ શીવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમેશ ગાંગજી ગાલા. બિલ્ડીંગ નં.૧૬, રૂમ. નં.૨૦૩, તિલક વૈભવ સોસયટી, તિલક નગર, ચેંબુર, મું. ૮૯.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

દાઠા નિવાસી હાલ મુલુંડ, સ્વ. હીરાબેન દલીચંદ દોશીના સુપુત્ર પ્રફુલભાઈના ધર્મપત્ની ચેતનાબેન (ઉં. વ.૫૭) તા. ૧૪/૦૧/૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે મૌલિક અને હેતવીના માતુશ્રી. ભાવનાબેન મહેન્દ્રભાઈના દેરાણી, સિદ્ધિ મિતેશકુમાર તથા મિતના કાકી. પિયરપક્ષે સ્વ. મંગળાબેન હીરાલાલ નેમચંદભાઈ વોરા પાલિતાણાવાળાની દિકરી. તેમની સાદડી તા. ૧૬/૦૧/૨૬ શુકવારના ૩ થી ૫. સાદડી એમના નિવાસસ્થાને બી-૭૦૧, મિનર્વા હાઇટ્સ, નાહુર ગાંવ રોડ, સર્વોદયનગર, મુલુંડ વેસ્ટ. લૌકિક વહેવાર રાખેલ નથી.

### ઝાલાવાડી સ્થાનકવાસી જૈન

ગુંદિયાળા નિવાસી હાલ જોરાવનગર ઘાટકોપર, લલીતાબેન દેવચંદભાઈ સંઘવીના સુપુત્ર શૈલેષભાઈ (મહેશભાઈ) દેવચંદભાઈ સંઘવી (ઉં. વ. ૬૫) તા. ૫/૧/૨૬ના અરિહંતસરણ પામેલ છે. તે છાયાબેનના પતિ. મોનિક્રા હિરેનભાઈ ગોસલીયાના પિતા. માહી મિહિરના નાના. વિનયભાઈ સ્વ. દિનેશભાઈ નયનાબેનના નાનાભાઈ. રાજેશ જ્યોતિ સતીશના મોટાભાઈ. મનસુખભાઈ કસ્તુરચંદ શેઠના જમાઈ. તેમની પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

### ઘોઘારી વિશાશ્રીમાળી જૈન

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, વિનયચંદ ભોગીલાલ શાહના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૮૨) તા. ૧૪ જાન્યુઆરી ૨૬ બુધવારના સ્વર્ગવાસ થયેલ છે. તે જયેશ, નિલેશના માતુશ્રી. આશા, રીટાના સાસુ. સંકેત, નિધિ, કેવીનના દાદી. હસુબેન અમૃતલાલ શાહ, કોકિલાબેન અનંતરાય શાહ, જીતેન્દ્ર ભોગીલાલ શાહ અને હર્ષાબેન પ્રફુલચંદ વોરાના ભાભી. પીયરપક્ષે ટાણાવાળા નંદલાલ કાળીદાસની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# મહારાષ્ટ્રની ૨૮ મનપામાં સરેરાશ ૫૫% મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકામાં ગુરુવારે મતદાન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક અંદાજ મુજબ મુંબઈમાં પચાસ ટકાની આસપાસ અને રાજ્યની અન્ય ૨૮ મનપામાં સરેરાશ પંચાવન ટકા મતદાન થયું હોવાનો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં મુંબઈમાં નોંધાયેલા ૫૫.૨૩ ટકા મતદાન કરતાં આ વખતે ઘણું ઓછું મતદાન થયું હોવાનું કહેવાઈ રહ્યું છે. આ સ્થિતિને જોતાં પરિણામો રસપ્રદ બની રહેવાની શક્યતા જોવાઈ રહી છે.

સાંજે ૫.૩૦ વાગ્યે મતદાન પૂર્ણ થયા પછી તરત જ બોલતા, રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ જણાવ્યું હતું કે ૨૯ મ્યુનિસિપલ સંસ્થાઓમાં મતદાન ૪૬-૫૦ ટકાની રેન્જમાં હતું. મુંબઈ કરતાં રાજ્યમાં મતદાનની ટકાવારી વધુ હતી અને આશરે ૫૫-૫૬ ટકા જેટલું મતદાન થયું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ચોક્કસ મતદાનના આંકડા પછી જાહેર કરવામાં આવશે, એમ અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું.૨૦૧૭ની ચૂંટણીમાં, મુંબઈમાં મતદાન ટકાવારી ૫૫.૫૩ હતી, જ્યારે ૨૬ કોર્પોરેશનોમાં સરેરાશ મતદાન - જાલના અને ઇચલકરંજી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ હતી - ૫૬.૩૫ ટકા હતું.

૨૯ નાગરિક સંસ્થાઓના ૮૯૩ વોર્ડમાં ૨,૮૬૯ બેઠકો માટે મતદાન સવારે ૭.૩૦ વાગ્યે શરૂ થયું અને સાંજે ૫.૩૦ વાગ્યે પૂર્ણ થયું. કુલ ૩.૪૮ કરોડ મતદારો ૧૫,૯૩૧ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા માટે લાયક હતા.

મુંબઈ સિવાય, ૨૮ અન્ય શહેરી સંસ્થાઓમાં બહુ-સભ્ય વોર્ડ છે. ૧૬ જાન્યુઆરીએ સવારે ૧૦ વાગ્યે મત ગણતરી શરૂ થશે.

કોવિડ-૧૯ મહામારી, સુપ્રીમ કોર્ટના ઓબીસી અનામત અંગેના ચુકાદાઓ અને વોર્ડ સીમાંકનને લગતા મુદ્દાઓને કારણે બીએમસીની ચૂંટણીમાં નોંધપાત્ર વિલંબ થયો હતો. છેલ્લી બીએમસીની ચૂંટણી ૨૦૧૭માં યોજાઈ હતી. કોર્પોરેટરોનો કાર્યકાળ સાતમી માર્ચ ૨૦૨૨ના રોજ પૂરો થયો હતો અને ત્યારબાદની ચૂંટણીઓ સમયસર થઈ શકી ન હતી, જેના કારણે મહાનગરપાલિકાઓને વહીવટકર્તા હેઠળ મૂકવામાં આવી હતી.

# આજે મતગણતરી સવારે ૧૦ વાગ્યે શરૂ થશે

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી (બીએમસી) માટે મતગણતરી શુક્રવારે સવારે ૧૦ વાગ્યે શરૂ થશે એમ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ગુરુવારે જણાવ્યું હતું. ગુરુવારે મહારાષ્ટ્રમાં બીએમસી અને અન્ય ૨૮ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન ચાલી રહ્યું હતું. ગગરાણીએ સંવાદદાતાઓને જણાવ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી


# સિક્વલમાં આવી રહ્યો છે તેજીનો દોર...

## આ વર્ષે રિલીઝ થનારી હિન્દી ફિલ્મોમાં સિક્વલનો સુકાળ જોવા મળશે અને હોલિવૂડનો સિનારિયો પણ અલગ નથી










**તુમ્હારા ઈંતઝાર હૈ...**

ગુલઝારની રચના અને ગાયક - સંગીતકાર હેમંત કુમારની જુગલબંધીના ગીતની આ પંક્તિ પ્રેમની મધુરતાનો પડઘો છે. પ્રેમિકાના આગમનની મીઠી પ્રતીક્ષા છે. જોકે, ચિત્રપટ પ્રદર્શિત કરતા થિયેટર માલિકો આજકાલ આ જ પંક્તિ અલગ ભાવથી ગણગણી રહ્યા છે એમ કહેવું પડે એવો માહોલ છે.

વાત એમ છે કે તાજેતરના એક સર્વે અનુસાર થિયેટરમાં ફિલ્મ જોવા આવતા રસિકોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આમ થવા પાછળ સહેલું અને હાથવગું કારણ એવું અપાય છે કે ફિલ્મ જોવા માટેની ટિકિટના તોતિંગ દર પ્રેક્ષકોને આવતા રોકે છે.

બીજું એક કારણ એ પણ અપાય છે કે વિવિધ ઓટીટી પ્લેટફોર્મ્સ પર અનેક વિકલ્પો ઉપલબ્ધ હોવાથી થિયેટર શું કામ જવું એવો સવાલ થાય એ સ્વાભાવિક છે. જોકે, દર્શકો થિયેટરથી રિસાઈ જવાનું આ એક માત્ર કારણ નથી.

સિનેમા પ્રદર્શિત કરતા એક્ઝિબિટર્સનું પ્રતિનિધિત્વ કરતા 'મલ્ટીપ્લેક્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા'એ એક વિગતવાર અહેવાલ તૈયાર કર્યો છે. એ અનુસાર ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન દર્શકોની સંખ્યામાં થયેલો ઘટાડો ઉપલબ્ધ ફિલ્મોની ઊતરતી ગુણવત્તા જવાબદાર છે. ફિલ્મ ટેકનિકલી વધુ સંગીન અને બહેતર બની છે, પણ ખાટલે મોટી ખોડ એ છે કે સારી વાર્તાનો અભાવ છે. પડદા પર જે જોવા મળે છે એનાથી દર્શક રાજી નથી. જોકે, અંગત અભિપ્રાય એવો છે કે દર્શકોની રુચિ બદલાઈ છે. તેમને ઈન્ટેન્સ (આવેશપૂર્ણ) ફિલ્મો વધુ ગમે છે અને સફળ ફિલ્મોની યાદી જોશો તો આ દલીલને સમર્થન મળે છે.

સારી વાર્તાની અછતની દલીલને આ વર્ષે રિલીઝ થનારી ફિલ્મો આ દલીલને સમર્થન આપી પડઘો પાડે છે. જાહેર થયેલા કેલેન્ડર અનુસાર પંદરેક સિક્વલ કે થ્રિક્વલ આ વર્ષે રિલીઝ થઈ રહી છે. લગભગ દરેક મહિને અગાઉ રિલીઝ થયેલી ફિલ્મની વાર્તા આગળ વધારતું ચિત્રપટ થિયેટરમાં પ્રદર્શિત કરવામાં આવશે. વર્ષના પહેલા જ મહિનામાં એટલે કે જાન્યુઆરીમાં બે સિક્વલ પ્રદર્શિત થઈ રહી છેઃ બોર્ડર ૨ અને મર્દાની ૩. એક સિક્વલ અને બીજી થ્રિક્વલ. ત્યારબાદ ફેબ્રુઆરીમાં 'વધ ૨' (સંજય મિશ્રા - નીના ગુપ્તાની ૨૦૨૨ની 'વધ'ની સિક્વલ) લાભ આપશે અને માર્ચમાં તો ત્રણ સિક્વલ દર્શકોને માથે મારવામાં આવશેઃ પતિ પત્ની ઔર વો ૨, ધુરંધર ૨ અને ધમાલ ૨. બે કોમેડી અને ત્રીજી સ્પાય થ્રિલર. એપ્રિલમાં 'આવારાપન ૨' આવશે જે ૧૯ વર્ષ પહેલા એટલે કે ૨૦૦૭માં રિલીઝ થયેલી 'આવારાપન'ની સિક્વલ છે. પહેલી ફિલ્મમાં ઈમરાન હાશ્મી અને શ્રિયા સરન લીડ રોલમાં હતા જ્યારે સિક્વલમાં હીરો તો ઈમરાન જ છે, હીરોઈન તરીકે દિશા પટની છે. મે મહિનામાં અનીસ બઝમીની 'વેલકમ' ફ્રેન્ચાઈઝીની ત્રીજી કોમેડી ફિલ્મ રિલીઝ થઈ રહી છે. અનિલ કપૂર, નાના પાટેકર, અક્ષય કુમાર અને પરેશ રાવલ જેવા ખમતીધર કલાકાર સાથે બે દાયકા પહેલા આવેલી 'વેલકમ'ને સિને રસિકોએ વધાવી લીધી હતી. ૨૦૧૫માં 'વેલકમ બેક' બાદ ૧૦ વર્ષના અંતરાલે ત્રીજી ફિલ્મ આવી રહી છે. ધૂમધડાકાવાળી ફિલ્મોના દોરમાં આ હલકીફૂલકી ફિલ્મ આવકારદાયક રહેશે. વર્ષની અધવચ્ચે એટલે કે જૂનમાં 'કોકટેલ'ની સિક્વલ 'કોકટેલ ૨' આવી રહી છે. દીપિકા પાદુકોણની કરિયરમાં વળાંક લાવનારા આ ચિત્રપટની સિક્વલનો ડિરેક્ટર હોમી અડજાણીયા જ છે, પણ મુખ્ય કલાકારોમાં ધરમૂળથી ફેરફાર છે. મોડર્ન રિલેશનશિપને કેન્દ્રમાં રાખી બનાવવામાં આવેલી ફિલ્મમાં શાહિદ કપૂર સિવાય બે હીરોઈન તરીકે કૃતિ સેનન અને રશ્મિકા મંદાના છે. ફિલ્મનું શૂટિંગ ભારત ઉપરાંત યુરોપમાં પણ થયું છે.

વર્ષના ઉત્તરાર્ધમાં પણ સિક્વલનો સપાટો ચાલુ રહેવાનો છે. જુલાઈમાં જેની અત્યંત આતુરતાથી રાહ જોવાઈ રહી છે એ 'હેરાફેરી' સિરીઝનો ત્રીજો હપ્તો 'હેરાફેરી ૩' ટાઇટલ સાથે આવી રહી છે. શૂટિંગ શરૂ થવા પૂર્વે જ પરેશ રાવલે ફિલ્મ છોડી દેતા અને પછી ઘીના ઠામમાં ઘી પડી રહ્યું એ નાતે ફરી ગોઠવાઈ જતા ફિલ્મ કુતૂહલનો વિષય તો બની જ છે. બીજી એક રસપ્રદ વાત એ છે કે પહેલી ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શને આ વખતે સુકાન સંભાળ્યું છે. રાજુ, શ્યામ અને બાબુરાવનો ટ્રાયો કેવી કમાલ દેખાડે છે એના પર સૌની નજર રહેશે.

છેલ્લાં કેટલાક વર્ષથી ઓગસ્ટ મહિનો ફિલ્મ રિલીઝ માટે અગત્ય ધરાવે છે. અગાઉ દિવાળી, ક્રિસમસ અને ઈદ વખતે ફિલ્મ રિલીઝને પ્રાધાન્ય આપવામાં આવતું હતું અને હજી પણ અપાય છે. જોકે, દેશદાઝનું લેબલ ધરાવતી ફિલ્મો બનવા લાગી એટલે એને સ્વાતંત્ર્ય દિન ૧૫ ઓગસ્ટની આસપાસ રિલીઝ કરવાનો ટ્રેન્ડ શરૂ થયો. સિક્વલની વાત કરીએ તો ઓગસ્ટમાં મેડોક ફિલ્મ્સની સુપરનેચરલ યુનિવર્સની 'ભેડિયા ૨' સ્વાતંત્ર્ય દિનની આસપાસ પ્રદર્શિત કરવાનું આયોજન છે. અલૌકિક પાર્શ્વભૂમિ પર ફિલ્મો બનાવવા માટે જાણીતા અમર કૌશિકની સિક્વલમાં પણ વરુણ ધવન અને કૃતિ સેનન જ છે. અજય દેવગનની 'દ્રશ્યમ ૩' ઓક્ટોબરમાં રિલીઝ થશે એવી જાહેરાત થઈ ચુકી છે. એકંદરે આ વર્ષ નવી વાર્તાના અભાવનું અને સિક્વલના સુકાળનું છે. ■


### હોલિવૂડના હાલહવાલ...

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ દર્શકોને થિયેટર ખેંચી લાવતી વાર્તાનો દુકાળ અને પરિણામે સિક્વલનો સુકાળ છે એવું માની લેવાની જરૂર નથી. હોલિવૂડમાં પણ દોઢેક ડઝન સિક્વલ રિલીઝની ઘોષણા થઈ ચુકી છે અને એમાં ઉમેરો થવાની સંભાવના છે. આ મહિને જ 28 Years Later: The Bone Temple (part of the 28 Days Later series) and Greenland 2: Migration એ બે દર્શકોને માથે ઠપકારવામાં આવી છે. લગભગ દર મહિને આવનારી હોલિવૂડ સિક્વલમાં અમુક એવી છે જેના માટે ભારતીય દર્શકોમાં પણ ઉત્સુકતા હશે. The Devil Wears Prada 2 (મેરિલ સ્ટ્રીપની ૨૦૦૬ની યાદગાર ફિલ્મની સિક્વલ), અમેરિકન એનિમેટેડ એડવેન્ચર કોમેડી ફિલ્મ Toy Story 5 (પહેલી ૧૯૯૫માં, બીજી ૧૯૯૯માં, ત્રીજી ૨૦૧૦માં અને ચોથી ૨૦૧૯માં આવી હતી. ચારે ચારને બોક્સ ઓફિસ પર બખ્ખા થયા હતા.) Sherlock Holmes 3, Jumanji 4 ફિલ્મો જોવાની દર્શકોમાં કુતૂહલતા રહેશે ....

સ્ટાર-યાર-કલાકાર

સંજય છેલ

# કુંદન શાહ: કોમનમેનનો અનકોમન અણમોલ લેખક-નિર્દેશક




એ માણસે કારકુન જેવું ટેરેલીનનું શર્ટ, લૂઝ પેંટ, ફાટેલા જૂતાં અને લાંબી છત્રી લઇને પોતાની પહેલી ફિલ્મ બનાવેલી.એ માણસના દેખાવ પર, એના દેખાવ, એની વાતો પર મજાક કરતું તો કોઇ એની વિચિત્ર કોઇ સ્ક્રિપ્ટ હસતું. પણ એ માણસે માત્ર ૧૯૮૨માં ત્યારે માત્ર ૪ લાખના બજેટમાં ૧૯૮૨કલ્ટ કોમેડી ફિલ્મ 'જાને ભી દો યારોં ' બનાવી. જ્યારે ફિલ્મો ૨૫ થી ૩૦ લાખના ખર્ચે બનતી. એ માણસે લગભગ બધાં નવા લોકોને લઇને મુંબઇની સડકો પર વિના પરમિશન વિના પૈસે ભારતની શ્રેષ્ઠ કોમેડી ફિલ્મ બનાવી શક્યો. એ માણસે 'યે જો હૈ ઝિંદગી' 'નુક્કડ' - 'સર્કસ' અને 'વાગલે કી દુનિયા' જેવી અનેક હિટ ટીવી સિરિયલો બનાવીને ૧૯૮૫ થી ૧૯૯૦ સુધી લાખો રૂપિયા કમાયો.. છતાંયે એ સાદાઇથી મુંબઇની ભીડભરી બસમાં પ્રવાસ કરતો અને જૂની સ્ક્રિપ્ટના કાગળો પાછળ નવી સ્ક્રિપ્ટ લખતો..

એ માણસે દેશભરના લોકોની ચાહના જીતી લે એવી ફિલ્મ 'જાને ભી દો યારો' જેવી ક્લાસિક ફિલ્મ બનાવી હતી, છતાંયે ૧૧ વરસ સુધી બીજી ફિલ્મ 'કભી હાં કભી ના' બનાવવા માટે જાલિમ સંઘર્ષ કર્યો. એ માણસે દિલ્હીથી ખાસ મુંબઇ સુધી શાહરૂખ નામના નવા છોકરાને બોલાવીને નેશનલ લેવલ પર ચમકાવેલો. એ માણસ મર્યો ત્યાં સુધી એની પાસે ના બનેલી ૪૦-થી ૫૦ સ્ક્રિપ્ટો તૈયાર હતી. એ સ્ક્રીપ્ટ નહોતી સપનાઓનો ખડકલો હતો. એ માણસ એટલે ગુજરાતનું સાચું ગૌરવ- ઈન્ટેલિજન્ટ એંગ્રી અને ફની કોમનમેન કુંદન શાહ.

૨૦૧૭માં ઊંઘમાં જ વિદાય લેનાર લેખક નિર્દેશક કુંદન ના હોત તો હું ક્યારેય કોમેડી કે સેટાયરવાળી ફિલ્મો-સિરિયલો લખી ના શક્યો હોત. મારા જેવા સાવ અજાણ્યા ગુજરાતી નવા લેખકને કુંદને 'નુક્કડ-૨'માં સ્ક્રિપ્ટ લખવા આપી. જ્યારે પહેલીવાર કુંદનને મેં એને 'કુંદનજી' કહ્યું ત્યારે એણે કહ્યુંઃ 'આ 'જી' શું છે? તું કોઈ રાજકિય પાર્ટીની ઓફિસમાં આવ્યો છે કે ઈંદિરાજી-બાજપેયીજીની જેમ મને 'જી' કહીને બોલાવે છે? કોલ મી ઓન્લી, કુંદન!' એ કુંદન ના હોત તો મને છેવાડાના માણસો,સંઘર્ષ કરતા લોકો,કોમનમેન વિશે વિચારવાની દ્રષ્ટિ જ ના મળી હોત.

કુંદન અતિશય ટેમ્પેરામેંટલ પણ અદ્ભુત માણસ હતો. ૯૦ના દાયકાની ફિલ્મી દુનિયામાં ખૂબ વર્ગવાદ હતો. નિર્માતા નિર્દેશક, અભિનેતાઓ, આસિસ્ટન્ટ ડિરેક્ટરોને પિયૂન જેમ ગણતા ત્યારે કુદંન લાઈટમેન કે સ્પોટબોય સાથે જમવા બેસતાં. કુંદન,સઈદ ને અઝિઝ મિર્ઝાની ઓફિસ એક એવી જગ્યા હતી જે અમારાં જેવા સ્ટ્રગલરો માટે સદાવ્રત કે લંગર સમાન હતી. હું, નીરજ વોરા,આશુતોષ ગોવારીકર ને શાહરૂખ ખાન વગેરે બપોરના સમયે ત્યાં અમસ્તાં જ પહોંચી જતાં. અમને સૌને જમવાનું મળતું. અમારા જેવા કેટલાય સ્ટ્રગલરોનું એ 'માવતર' હતું. સઈદ-અઝિઝ અને કુંદન એ હદે લિબરલ કે ઉદાર હતા કે પોતાનો પ્રોફિટ સૌમાં વહેંચી દેતાં! મારા જેવા નવા લેખકને સામેથી બોલાવીને ૧૯૯૩-૯૪ માં ૮૦૦૦નો ચેક આપતાં ને મારું ગુજરાન ચાલે એટલે એક મહિનામાં વધુમાં વધુ એપિસોડ લખવા મળે! મારાં જેવા અનેક સ્ટ્રગલરોમાં એક હતો શાહરૂખ, જે દિલ્હીથી આવીને કુંદન અને મિર્ઝા ભાઈઓની ઓફિસમાં જ મહિનાઓ સુધી રહેતો! મુંબઈની કમીની કમર્શિયલ મતલબી ફિલ્મ ઈંડસ્ટ્રીમાં આવું કોણ કરે?

'જાને ભી દો યારો' આજે પણ કુંદન શાહની એ ફિલ્મ છે જે ૨૫ મહાન ફિલ્મોમાં ગણાય છે જેની અદ્ભુત સ્ક્રિપ્ટ કુંદને લખેલી. કુંદન ને મિર્ઝા ભાઈઓની ઓફિસ એક એવી અનામ યુનિવર્સિટી હતી કે જ્યાંથી ગ્રેજ્યુએટ થઈને નીકળેલા અમારાં જેવા અનેકોની કેરિયર આજ સુધી ચાલી. કુંદને ગુજરાતી માધ્યમમાં ભણેલ,મારાં જેવા છોકરોને અંગ્રેજીમાં લખતો કર્યો. મારા વિચારોમાં મોર્ડન લિબરલ, નીડર, કોમવાદ વિરુદ્ધનાં વિચારો વાવી દીધાં.

આમ તો પોતે કુંદન એ હદે કંજૂસ કે વડાપાંવ પણ એ રીતે વિચારીને ઓર્ડર કરે જાણે કોહીનૂર હીરો ખરીદતો હોય પણ દિલનો એટલો દિલાવર કે 'નુક્કડ'ની સ્ક્રિપ્ટમાં ૩૦-૩૦ કલાકારોને સમાવી શકાય એવી સ્ક્રિપ્ટ લખાવડાવે. જો કોઈ કલાકારનો એમાં રોલ ના હોય તો સામેથી કહે, 'એ સંજય, પેલા એક્ટરનો એકાદ ડાયલોગ નાખી દે. એ બિચારાની એક એંટ્રીથી એનો ચેક બની જશે!!'

આજે ગુજરાતી અસ્મિતાનો આ અનોખો સેટાયરીસ્ટ લેખક - નિર્દેશક ગુજરી ગયો ત્યારે એક વાતની દિલમાં ટીસ ઊઠે છે કે આપણા ગુજરાતીઓએ સમાજે કે સરકારે એનું ક્યારેય યોગ્ય સન્માન ના કર્યું. એને ક્યારેય પોતાનો ગરવો ગુજરાતી ના ગણ્યો. બાવા-બાપુ ને નેતાઓની આરતી ગાનાર અને ૧૦-૧૨ લોકોને વારેવારે વધાવનાર ગુજરાતી મીડિયાએ ભાગ્યે જ કુંદનને 'ગુજરાતી' તરીકે નવાજ્યો.

કુંદન શાહ એ હસ્તી હતી કે જેની 'સેંસ ઓફ હ્યુમર' પર મહાન કાર્ટૂનીસ્ટ આર.કે. લક્ષ્મણ પણ ફિદા હતાં. 'વાગલે કી દુનિયા' નામની સિરિયલ 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં લક્ષ્મણનાં કાર્ટૂનોમાં આવતા 'કોમનમેન' પર આધારિત હતી. હકીકતમાં કુંદન પોતે જ ખરો 'કોમનમેન' હતો, જે સિસ્ટમ- સરકાર- સમાજ સામે હસતાં હસાવતાં આક્રોશ પ્રગટ કરતો. ખરેખર તો કુંદન જેટલો 'કોમનમેન' હતો એટલો જ ફિલ્મ લાઈનમાં 'અનકોમન' હતો. નિર્માતાઓ સામે લડનાર જિદ્દી અને શાહરૂખ જેવા સ્ટારને પણ ૩૫-૪૦ વાર એકનો એક શોટ આપવા રીટેક કરાવીને થકવી દે એવો નિર્દેશક હતો. આ કુંદને ભારતની પહેલી કોમેડી સિરિયલ 'યે જો હૈ ઝિંદગી' બનાવેલી જે સુપરહિટ હતી, જેમાં સંવાદો લખવા માટે એ હિંદી વ્યંગકાર શરદ જોષીને પહેલીવાર લઈ આવેલો પછી કુંદન-સઈદ-અઝિઝ મિર્ઝાએ સડક પરનાં સામાન્ય માણસો વિશેની 'નુક્કડ' જેવી અદ્ભુત સિરિયલ બનાવી, જેમાં મોચી, ઝાડુવાળી, ચા વાળો, સાઈકલ-મેકેનિક, હવાલદાર જેવાં પાત્રો પહેલીવાર મુંબઈના કોઇ નાકે ધમાલ કરતાં દેખાયાં. હસતાં હસતાં રડાવી દેતી એ સિરિયલ પછી આજ સુધી એવી સિરિયલ બની નથી કે બનશે પણ નહીં, કારણ. કે આજે તો સાસ-બહુની સિરિયલોના જમાનામાં કોણ ઝાડુવાળા કે મોચી કે પાનવાળી જેવાં પાત્રોની વાર્તા વિચારે?

એ 'નુક્કડ' સિરિયલમાં એક શરાબીનું પાત્ર હતુંઃ 'ખોપડી', જે દારૂના નશામાં સમાજ પર કટાક્ષ કરી દેતો જેના રાજ કપૂર પણ ફેન હતા. મને ગર્વ છે કે હું પણ એમાં શામિલ હતો! હવે નસીરુદ્દીન શાહ જેવાં કુંદનને યાદ કરીને જૂઠ્ઠી શ્રદ્ધાંજલિ આપતા એને જિનિયસ કહે છે પણ 'જાને ભી દો યારોં' વખતે નસીરને એ ફિલ્મમાં કે કુંદનમાં જરાયે ભરોસો નહોતો! કુંદનને આમેય એક્ટરો સામે ને ખાસ તો સ્ટાર સામે બહુ વાંધા હતા. 'કભી હાં કભી ના' ફિલ્મ પછી શાહરૂખે ક્યારેય કુંદન સાથે કામ ના કર્યું, કારણ કે કુંદન એને ઓવર એક્ટિંગ માટે ખરેખરું સંભળાવી દેતો. જોકે શાહરૂખે જ 'કભી હાં કભી ના' પોતાને પૈસે રિલિઝ કરેલી એટલું એને કુંદન પર માન પણ હતું. એ વિશે હું શાહરૂખને ઘણીવાર ફરિયાદમાં કહેતોઃ 'એક ફિલ્મ તો કર કુંદન સાથે!' ત્યારે એ કહેતો, 'હી ઈઝ ગ્રેટ, બટ મેડ!' હા, કુંદન મેડ ને જિદ્દી હતો જ. છેલ્લે મલ્લિકા શેરાવત સાથે ફિલ્મ બનાવતી વખતે ફિલ્મ શરૂ થતાં પહેલાં જ ઝગડી પડેલો, કારણકે મલ્લિકા પોતાનો કેમેરામેન લાવવા માગતી હતી! મેં મધ્યસ્થી કરવાની નાકામ કોશિશ કરેલી.પણ કુંદન શાહ ખુદ્દાર નિર્દેશક હતો.

કુંદન રોજે રોજ મહિનાઓ સુધી સ્ક્રિપ્ટ લખ્યાં જ કરતો, ફિલ્મ બને કે ના બને! મૃત્યુના અઠવાડિયા અગાઉ કુંદને ફોન કરીને કહેલું, 'સંજય, હું ફસાઈ ગયો છું એક પ્રોડયુસરે મને ફિલ્મ માટે સાઈન કર્યો છે. હવે તો બનાવવી પડશે યાર!'

મેં કહ્યું, 'કુંદન, તમે નહીં, પેલો પ્રોડયુસર ફસાયો છે!' પછી અમે બેઉ બહુ હસેલાં!

કુંદન, ભલભલાને ફસાવી કે હસાવી દે એવો જિનિયસ હતો.'ચાલ, બે-ચાર દિવસમાં મળીએ ને પાર્ટી કરીશું' એ છેલ્લી વાત થઈ ને અઠવાડિયામાં જ સૌને ફસાવીને અચાનક જતો રહ્યો પોતાનો આક્રોશ, અધૂરા સપનાં ને વ્યંગ્ય બધું પાછળ મૂકીને!

કુંદનને આવો ઇમોશનલ લેખ ના ગમ્યો હોત ને કહ્યું હોત : 'શું યાર,આમાં હ્યુમર ક્યાં છે? કિધર હૈ પંચ?' જો મૃત્યુ એક જોક હોય તો એની પંચલાઇનને હવે કોણ પૂરી કરશે? ■




અરવિંદ વેકરિયા

# આંસુ પાડશો તો દયા મળશે ને પરસેવો પાડશો તો પરિણામ...



અમારા નિર્માતા જ ફેરામાં અંદર થઈ ગયા છે એ સાંભળી મને ફેર ચડવા માંડ્યા. 'હવે નાટક કેમ ચલાવવું'? એ ચિંતા થવા માંડી. માંડ-માંડ- આટલી મહેનતે નાટકે 'પકડ' જમાવી ત્યારે દીપકનાં બે શોનાં જા.ખ.નાં પૈસા બાકી રાખી નિર્માતા જ છટકી ગયો.! વધુ વિગત જાણવા મેં એનાં સાળાને માટુંગા ફોન કર્યો. એમણે કહ્યું કે અઠવાડિયા સુધી અમને એમનો સંપર્ક કરવાની મનાઈ કરવામાં આવી છે. ફેરામાં કયા કારણે ગયા છે એ વિશે એ કશું બોલ્યા નહી અને એમને પીડા થાય કદાચ એટલે મેં પણ ન પૂછ્યું. નાટકને મળેલા સકારાત્મક પ્રતિસાદથી હું થોડો વધારે પડતો ઉત્સાહમાં આવી ગયો હતો પણ... સમય અને ભાગ્ય ઉપર ક્યારેય અહંકાર ન કરવો, બંનેમાં પરિવર્તન આવી શકે અને આવ્યું. હવે ચિંતાનાં વાદળ ઘેરાવાં લાગ્યાં એ વાતે કે મારી પાસે પૈસા તો એવાં હતા નહીં કે નાટક ચલાવી શકું. હું તો મારા ૩૦૦૦૦ માગવાનો વિચાર કરતો હતો ત્યાં તો એ જ ગાયબ થઈ નાટકને નોધારું છોડી ગયાં. કલાકારો બધાં મારે કારણે જ જોડાયેલા. એમને 'ફેરા'નું કારણ જણાવું તો એમના મનમાં તુષારભાઈની જે 'ઈમેજ' હોય એ તૂટી જ જાય. જોકે આજે નહી તો કાલે સાચી વાત કહેવી તો પડશે કે... પણ 'ક્યારે' એનો કોઈ જવાબ નહોતો.

સળગતો સવાલ એક જ હતો, હવે નાટકનું શું થશે?'. ફરી બાની વાત, 'પડશે એવાં દેવાશે'. આમ પણ રડવાનો કોઈ અર્થ નહોતો. 'આંસુ પાડશો તો દયા મળશે અને પરસેવો પાડશો તો પરિણામ.!' ટૂંકમાં કોઈ એવી વ્યક્તિ મળે જે નાટક ચલાવવા તૈયાર થાય. તુષારભાઈનું આ પ્રોડક્શન હું આખેઆખું બારોબાર વેંચી તો ન શકું, હા, એ ફેરા માંથી ફરી પાછા આવે ત્યાં સુધી માત્ર નાટક ચલાવે એવી વ્યક્તિ શોધવા પરસેવો પાડવો પડે. ઓફકોર્સ, જે કમાણી થાય એ એની એમ નુકસાની થાય તો પણ એની, માત્ર પાલક નિર્માતા. તુષારભાઈ પાછા આવેલા એ ગમેલું પણ આવાં 'ફેરા. માં 'અંદર' થઈ જશે એવી કલ્પના નહોતી.

હવે હું તુષારભાઈને ભરોસે અને કલાકારો મારે ભરોસે હતાં. આજે લાગે છે કે દરેક એકબીજાને ભરોસે છીએ છતાં એકબીજા પર કોઈને ભરોસો નથી. મારી ભૂલ મને સમજાય, તમે નિરાશ થાવ એની બેશક્યતા, ખોટી આશા અને ખોટી વ્યક્તિ.

જો કે એક વ્યક્તિ તરીકે તુષારભાઈ મને ખોટા નહોતા લાગ્યાં, પણ... જુઓને, મારા બાકી નીકળતાં ૬૦૦૦૦, બાકી રાખીને ચાલ્યા ગયેલાં પણ આવીને મારાં ભાગનાં તો મને આપવા, નવું નાટક મારી પાસે કરાવવા અને જા.ખ. પણ મારી પાસે જ કરાવવા માગતા હતાં. કદાચ કોઈ ખોટા કામ કર્યા હોય એટલે 'અંદર' હોય પણ 'બહાર' રહેલાં એનાં પરિવાર ઉપર કેવી વીતતી હશે એ તો એ જાણે. આટલો વખત સાથે રહ્યાં એટલે આવી ચિંતા સહજ હતી.

મેં કલાકારોને, 'મારે હજી થોડા રિહર્સલની જરૂર છે' કહી બોલાવ્યા. સાચી વાત હિમ્મત કરીને કહી દીધી. બે મિનિટ સોપો પડી ગયો. એક કલાકારે તો પૂછ્યું, 'અમારે ક્યાં સુધી રાહ જોવાની?. અમને પણ બીજા નાટકની જરૂર હોય. નાટક સિવાય અમે કોઈ કામ કરતાં નથી. નાટક પર નભીએ તો ક્યાં સુધી આશાએ બેઠાં રહીએ?'. જવાબ આપવો અઘરો હતો. મેં કહ્યું, 'બધાં સાંભળો. જરૂર બધાને છે...આ રવિવારનો શો આપણે નથી કરતાં. વચ્ચે ત્રણ સોલ્ડઆઉટ શો છે. મને ખબર નથી એ સંસ્થાઓ પાસેથી કેટલાં એડવાન્સ લીધાં છે.! હવે જે બેલેન્સ હશે એ મળશે જ. એમના સાળાએ કહ્યું છે કે અઠવાડિયા પછી ખબર પડે.

ત્યાં સુધી સંપર્ક નહીં કરી શકાય. જે બાકી રહેલ સોલ્ડઆઉટ શોનાં પૈસા આવશે એમાંથી શો કરીશું. હા, દીપકના બાકી રહેલ પૈસા બાબત હું એની સાથે વાત કરી લઈશ જેથી આપણી એડ. અટકે નહીં.'

બધાએ કહ્યું,'ઠીક છે...અઠવાડિયું ધીરજ રાખીએ પછી વિચારીશું, આમ પણ ધીરજનાં ફળ મીઠા.' હું એમને કેમ કહું કે હજી મારા નીકળતાં પૈસા માટે મેં એટલી ધીરજ રાખી છે કે મને હવે ફળ નહીં તો ફ્રુટસલાડ મળવું જોઈએ....

મને લાગ્યું જ કે કલાકારોને ઝટકો તો લાગ્યો છે, કારણ અનિશ્ચિતતા. ખેર! પહેલા રિહર્સલમાંથી હસીને છુટા પડતા. આજે થોડા દુઃખ સાથે મેં ઘરે આવી પત્ની ભારતીને વાત કરી. એણે તો 'ઠાકોરજીની જેવી ઈચ્છા' કહી બધું ભગવાન પર છોડ્યું. ઉપરથી લટકામાં બોલી : 'મારો લાલો બધું સારું જ કરશે.' મારી પણ ઇચ્છા હોય કે નાટક સારું બન્યું છે, સારું ચાલે છે ત્યાં 'ફેરા'નું સ્પીડબ્રેકર ક્યાં આવ્યું?. સ્પીડબ્રેકર હોય તો ઠીક પણ રોડ (નિર્માતા) જ તૂટી ગયો ત્યાં હવે ડાયવર્ઝન (અન્ય પાલક નિર્માતા) ક્યાં શોધવું?

એકવાર ઇચ્છા થઈ આવી કે શિરીષ પટેલને વાત કરું, કારણ કે એમને આ નાટકનો વિષય ખૂબ ગમેલો અને એમનાં હાથમાં જો આ વિષય આવ્યો હોત તો પોતાનાં બેનર હેઠળ રજૂ કરત, આ એમણે કહેલું મને અક્ષરશઃ યાદ હતું. આ મારી ઈચ્છા.... આ ઇચ્છા ખબર નહીં કઈ માટીની બનેલી છે મરે છે, તરફડે છે છતાં રોજ જન્મે છે.

મેં નક્કી કર્યું કે હું બધી વાત શિરીષ પટેલને જણાવું...પણ એ આખેઆખું પ્રોડક્શન લઈ લેવા માગે તો? સમજો કદાચ આપી દઉં તો તુષારભાઈ બહાર આવે પછી એમને શું જવાબ આપું? મારે તો અત્યારે રામાયણનાં 'ભરત'ની જેમ રહેવાનું હતું. રામને વનવાસ થયો પછી ભરતે સિંહાસન પર પોતાની પાદુકા મૂકી વનવાસ પૂરો થયો ત્યાં સુધી 'ગાદી' સાંભળેલી. મારે પણ તુષારભાઈ છૂટીને આવે ત્યાં સુધી 'નાટક'ને સાંભળવાનું હતું.

ત્યાં અચાનક મને ફોન આવ્યો 'હેલ્લો... ■

**ડબલ રિચાર્જ**

*એક ભાઈએ સી.એ.ને પૂછ્યુંઃ ૫% જી.એસ.ટી. ભરેલું દૂધ ફાટી જાય તો જી.એસ.ટી. રીફંડ મળે? સી. એ.: રિફંડની ખબર નથી પણ ફાટેલાં દૂધમાંથી પનીર બનાવો તો વધારાનો જી.એસ.ટી. ભરવો પડે.*

હેન્રી શાસ્ત્રી

**ફ્લેશ બેક**

# મીના કુમારીનું યોગદાન ગાયકીમાં પણ છે...!

## ટ્રેજેડી ક્વીન તરીકે ખ્યાતિ મેળવનારી આ કુશળ અભિનેત્રીએ પાર્શ્વગાયનમાં પણ ગળું અજમાવ્યું છે એ હેરત પમાડનારી વાત છે



**મીના કુમારી...**

નામ પડતા જ ‘પાકીઝા’ અને ‘ચલતે ચલતે યૂં હી કોઈ મિલ ગયા થા’ કે પછી ‘સાહિબ બીબી ઔર ગુલામ’ની છોટી બહુ અને ‘ન જાઓ સૈયાં છૂડા કે બૈયાં’ તેમ જ પ્રેમ પામવામાં નિષ્ફળ રહેલી ‘દિલ અપના ઔર પ્રીત પરાઈ’ની કરુણા અને ‘અજીબ દાસ્તાં હૈ યે, કહાં શુરૂ કહાં ખતમ’ નજર સામે તરવરવા લાગે અને ફરી એકવાર એ ફિલ્મ કે એનાં દૃશ્યો - ગીત સાંભળવાની ઈચ્છા થઈ આવે. મીના કુમારીનું આ સામર્થ્ય છે. એના પાત્રની પીડા પ્રત્યે તમને સહાનુભૂતિ થયા વિના રહે નહીં. અલબત્ત, આ જ મીના કુમારીએ ‘આઝાદ’ સહિત જૂજ ફિલ્મોમાં હલકાફૂલકા પાત્ર પણ પ્રભાવીપણે સાકાર કર્યા છે. જોકે, થયું છે એવું કે ટ્રેજેડી ક્વીન એવી હાવી થઈ ગઈ કે ગમગીન મીનાજી પાછળ ગમતીલા મીનાજી ઢંકાઈ ગયાં. મીના કુમારીએ જ મીના કુમારી સાથે અન્યાય કર્યો એવી દલીલમાં વજૂદ જરૂર છે. અને એટલે જ ગાયિકા મીના કુમારીને આપણે નથી ઓળખતા. ઓળખવાની અને એમની આ આવડતને સમજવાની વાત તો દૂર રહી, સાદી જાણકારી પણ મોટાભાગના લોકો પાસે નથી એ વરવી વાસ્તવિકતા છે.

જી હા, અભિનયમાં અવ્વલ સાબિત થયેલાં મીના કુમારી ગઝલ લખતા હતા એ ગુલઝારની કોશિશને કારણે મીનાજીનાં અવસાન પછી અને લોકો એમની લખેલી રચનાઓથી વાકેફ થયા. તેમનો અલગ પહેલુ નજરમાં આવ્યો. આજે પાર્શ્વગાયનમાં તેમણે કરેલી કોશિશ પર ધ્યાન દોરવું છે.

ડાયલોગ ડિલિવરીમાં - દૃશ્ય ભજવણીમાં સંવાદ બોલતી વખતે એમના અવાજનો જાદુ દર્શકોએ અનુભવ્યો છે. એમના ગળાની તાકાત ગાયનોમાં પણ અજમાવી લેવામાં આવી છે, પણ એ સીમિત રહી ગઈ એ આપણી કમનસીબી, બીજું શું? મીનાજીને સાંભળ્યા પછી તેઓ પણ સુરૈયાની માફક ‘સિંગિંગ સુપરસ્ટાર’ બની શક્યા હોત એવું માનવાનું મન થાય છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ઈતિહાસ તપાસતા એક વાત ઊડીને આંખે વળગે છે કે ૧૯૫૦ પહેલા સિંગિંગ એક્ટરનું ચલણ વધુ હતું. કુંદનલાલ સાયગલ, પંકજ મલ્લિક, શરૂઆતમાં અશોક કુમાર, કરણ દીવાન, તલત મેહમૂદ, કિશોર કુમાર, નૂરજહાં, સુરૈયા... અન્ય નામ પણ ઉમેરી શકાય. મીના કુમારીની અભિનય યાત્રાનો પ્રારંભ બાળ કલાકાર તરીકે થયો હતો..

વિજય ભટ્ટ નિર્મિત અને દિગ્દર્શિત ‘લેધરફેસ’ (ફરજંદ - એ - વતન) ફિલ્મમાં બેબી મેહજબીન તરીકે તેઓ સૌપ્રથમ રૂપેરી પડદા પર જોવા મળ્યાં હતાં. આ ફિલ્મ રિલીઝ ૧૯૩૯માં થઈ હતી. મીનાજી એક સંપૂર્ણ હીરોઈન તરીકે દર્શકોની નજરમાં વસ્યા છેક ૧૯૫૨માં અને એ પણ વિજય ભટ્ટની જ ‘બૈજુ બાવરા’ ફિલ્મમાં. ૧૯૪૦ના દાયકામાં મુખ્યત્વે બાળ કલાકાર તરીકે તેમજ અન્ય કેટલીક નાનીમોટી ભૂમિકાઓ ભજવી તેમણે - રાખ્યું. આ જ દોરમાં તેમણે પાર્શ્વગાયન પણ કર્યું. એ દોર સિંગિંગ એક્ટરનો હતો અને ઈન્ડસ્ટ્રીમાં ટકી રહી આગળ આવવું હશે તો ગાયકી કામ આવશે એ સમજણ અથવા સૂચનને કારણે બેબી મીનાએ પાર્શ્વગાયન કર્યું અથવા એની પાસે કરાવવામાં આવ્યું હશે એ તર્કસંગત દલીલ છે.

પાર્શ્વગાયક તરીકે તેમનો પ્રથમ પરિચય થયો ૧૯૪૧માં રિલીઝ થયેલી ‘બહન’ ફિલ્મના ગીતથી. મેહબૂબ ખાનની આ ફિલ્મના મુખ્ય કલાકાર હતા શેખ મુખ્તાર અને નલિની જયવંત. ફિલ્મના સંગીતકાર હતા એ સમયના ખ્યાતનામ અનિલ બિશ્વાસ. ફિલ્મમાં કુલ ૧૨ ગીત છે, જેમાંથી બે યુગલ ગીત શેખ મુખ્તાર - નલિની જયવંતના સ્વરમાં છે. બાકીના નવ ગીતમાંથી એક સોલો સોન્ગ નલિની જયવંતના સ્વરમાં છે, ચાર ગીત હુસ્ન બાનોએ ગાયા છે જેમણે ફિલ્મોમાં અભિનય પણ કર્યો છે. એક ગીત મિસ ઈકબાલે ગાયું હોવાનો ઉલ્લેખ છે અને કલાકારોની યાદીમાં ઈકબાલ બેગમનો ઉલ્લેખ છે અને આ બંને વ્યક્તિ એક જ હોવાની સંભાવના ભારોભાર છે. આ જાણકારી પરથી એક્ટર - સિંગરના મહત્ત્વનો ખ્યાલ આવે છે. ત્રણ ગીત ખુદ સંગીતકાર અનિલ બિશ્વાસના સ્વરમાં છે. એક ગીત છે ‘તોરે કજરા લગાઉં મોરી રાની’. આ યુગલ ગીત છે જેમાં પ્લેબેક સિંગર તરીકે બીના કુમારી અને બેબી મીનાના નામ છે. આ બંને ફિલ્મના કલાકાર હોવા ઉપરાંત આ ગીતનું ફિલ્માંકન પણ તેમની ઉપર જ કરવામાં આવ્યું છે. બેબી મીનાના અવાજમાં રહેલી મીઠાશ માણવા જેવી છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીને બેબી મેહજબીનની અભિનયની આવડતનો પરિચય તો થઈ જ ગયો હતો. ‘બહન’ ફિલ્મથી આ બાળકીના ગળામાં પણ કૌવત છે એનો ખ્યાલ આવ્યો. ‘ગરીબ’, ‘પ્રતિજ્ઞા’, ‘લાલ હવેલી’ વગેરે ચિત્રપટોમાં તેમના અભિનયને મહોરવાની તક મળી. ૧૯૪૭માં આવેલી ‘દુનિયા એક સરાઈ’ ફિલ્મમાં પડદા પર નામ મીના કુમારી નજરે પડે છે, જેની શરૂઆત ૧૯૪૬માં આવેલી ‘બચ્ચોં કા ખેલ’થી થઈ હતી. આ ફિલ્મમાં સિંગર મીના કુમારીને મોટો બ્રેક મળ્યો અને એના ત્રણ ગીત સાંભળવા મળ્યા. બે સોલો સોન્ગ હતા અને એક યુગલ ગીત એ સમયના પ્રસિદ્ધ ગાયિકા ઝોહરાબાઈ અંબાલેવાલે સાથે હતું. બે સોલો ગીત હતા ‘માં દેખ રી માં, બદલી હુઈ જવાન’ અને ‘સાવન બિત ગયો રે માઈ.’ હંસરાજ બહલનું સ્વરાંકન અનેક લોકોને કદાચ નહીં ગમે, પણ મીનાજીની ગાયકી પસંદ પડે એવું કહી શકાય એમ છે. ડ્યુએટ સોન્ગ હતું ‘છીન લે હમારી હંસી, દે ગયા હમકો રોના’. કમનસીબે આ ગીતનો ઓડિયો કે વીડિયો ઉપલબ્ધ ન હોવાથી મીનાજીનો સ્વર ઝોહરાબાઈ સાથે કેવો લાગે છે એ જાણી નથી શકાતું.

૧૯૪૭માં રિલીઝ થયેલી ‘પિયા ઘર આજા’ ગાયિકા મીના કુમારીનું સર્વોચ્ચ બિંદુ કહી શકાય. સંગીતકાર બુલો સી. રાનીના સ્વરાંકનમાં ફિલ્મમાં કુલ ૧૦ ગીત છે જેમાંથી મીનાકુમારીએ ગાયા હોય એવાં આઠ ગીત છે, છ સોલો અને બે ડ્યુએટ. વિચાર કરી જુઓ કે ૧૪ વર્ષની ઉંમરે મીના કુમારીને અભિનેત્રી ઉપરાત ગાયિકા તરીકે કેવી લોકપ્રિયતા મળી હશે. બુલો સી. રાની પણ મીનાજીના ગળાથી પ્રભાવિત થયા હોવા જોઈએ, કારણ કે ૧૯૪૮માં એમના સંગીત નિર્દેશનમાં આવેલી ‘બિછડે બાલમ’માં મીનાજીના સ્વરમાં છ ગીત રેકોર્ડ કરવામાં આવ્યાં હતાં, ચાર એકલ ગીત અને બે યુગલ ગીત છે.

અહીં સુધી જણાવેલાં ગીતો પૈકી અમુક યુટ્યૂબ પર ઉપલબ્ધ છે. સાંભળશો તો મીના કુમારી અદ્‌ભુત ગાયિકા હતાં એવો અભિપ્રાય નહીં બંધાય, પણ તેમણે સનિષ્ઠ કોશિશ કરી હોત તો ગાયિકા તરીકે પણ કાઠું કાઢ્યું હોત એમ નિર્વિવાદપણે માનવાનું મન થશે.

૧૯૬૬ની ‘પિંજરે કે પંછી’માં સલિલ ચૌધરીએ સ્વરાંકન કરેલા યુગલ ગીત ‘ઐસા ભી કભી હોગા’માં મુખ્ય સ્વર મન્ના ડે નો છે અને મીનાજી તો ફક્ત તેમની પંક્તિઓ સ્વરમાં બોલ્યા છે, પણ અવાજની મીઠાશ માણવા જેવી છે.

સંગીતકાર ખૈયામ સાથે બહાર પાડેલા આલબમમાં મીના કુમારીએ આઠ ગઝલ રજૂ કરી છે. એ સમયે બીમાર હોવા છતાં તેમના અલાયદા અવાજમાં આઠેઆઠ ગઝલ કર્ણપ્રિય છે. એમાંય ‘ચાંદ તન્હા હૈ, આસમાં તન્હા’ સાંભળશો તો નમન કરવાનું મન થઈ જશે.


૧૯૪૮માં લતા મંગેશકરનો સિતારો ઝળહળવા લાગ્યા પછી તેમજ સિંગર - એક્ટરનું મહત્ત્વ ઘટી જવાથી મીના કુમારીએ પાર્શ્વગાયન સદંતર બંધ કરી દીધું એ હકીકત છે. ૧૯૫૨ની ‘બૈજુ બાવરા’થી માંડી ૧૦૭૨ની ‘પાકીઝા’ સુધી આપણને એમની અદ્‌ભુત યાત્રા જોવા મળી, પણ ગાયિકા મીના કુમારી ભૂતકાળ બની ગયાં. અલબત્ત, એમના જે પણ સચવાયેલાં ગીતો છે એ સાંભળશો તો આનંદ જરૂર આવશે. ■

**શો-શરાબા**

દિવ્યકાંત પંડ્યા

# મલ્ટિસ્ટારર મૂવીઝનું મેગા કમબેક...

## શા માટે મલ્ટિસ્ટારર મૉડેલને ફરી અપનાવવાની જરૂર પડી રહી છે?




એક સમય હતો જ્યારે હિન્દી સિનેમામાં એક ફિલ્મ એટલે ઘણા સ્ટાર્સ. ‘શોલે’, ‘અમર અકબર એન્થની’, ‘દિલ તો પાગલ હૈ’, ‘કભી ખુશી કભી ગમ’ કે ‘કલ હો ના હો’ જેવી ફિલ્મ્સ આજે પણ એટલા માટે યાદ છે કારણ કે દરેક પાત્રની પોતાની ઓળખ હતી. પછી ધીમે ધીમે ટ્રેન્ડ બદલાયો. ફિલ્મ્સ વધુ ને વધુ એક હીરો પર કેન્દ્રિત થતી ગઈ, સાઈડ કેરેક્ટર્સ માત્ર સપોર્ટ સુધી સીમિત રહી ગયા. સમય સાથે બજેટ, શેડ્યુલ અને સ્ટાર ઈમેજના કારણે ઇન્ડસ્ટ્રી આ મૉડેલથી દૂર ગઈ, પણ હવે ફરી એ જ મૉડેલની જરૂર પડી રહી હોય એવું લાગી રહ્યું છે.





આ બદલાવનું સૌથી મોટું ઉદાહરણ છે ‘બોર્ડર ૨’. ૨૩ જાન્યુઆરીના રોજ રિલીઝ થનારી આ ફિલ્મ ૧૯૯૭ની ‘બોર્ડર’ની સિક્વલ છે. સની દેઓલ ફરી એક વાર બોર્ડરના વિશ્વમાં જોવા મળશે. પણ સાથે છે વરુણ ધવન, દિલજીત દોસાંઝ, આહાન શેટ્ટી, મોના સિંહ અને સોનમ બાજવા જેવા અલગ અલગ પેઢીના કલાકારો. ફિલ્મમાં સૈનિકોની જુદી જુદી બેકસ્ટોરીઝ, તેમની ફેમિલી, ડ્યૂટી અને બલિદાનને ‘બોર્ડર’ની જેમ જ સમાન મહત્ત્વ આપવામાં આવ્યું હશે એવું લાગે છે.

રિપબ્લિક ડે વીકએન્ડ પર રિલીઝ થવાની યોજના એ બતાવે છે કે મલ્ટિસ્ટારર ફિલ્મ્સ ફરીથી ફેમિલી ઓડિયન્સ અને મોટા સ્ક્રીન માટે બનાવવામાં આવી રહી છે.

બીજી તરફ, એકદમ જુદી શૈલીમાં ‘ધુરંધર’ જેવી ફિલ્મ છે. આદિત્ય ધર દ્વારા લખાયેલી અને ડિરેક્ટ કરેલી આ સ્પાય-એક્શન ફિલ્મ ડિસેમ્બર ૨૦૨૫માં રિલીઝ થઈ અને જબરજસ્ત બોક્સ ઓફિસ પ્રદર્શન કર્યું. રણવીર સિંહ, સંજય દત્ત, અક્ષય ખન્ના, આર. માધવન અને અર્જુન રામપાલ જેવા અભિનેતાઓ સાથે ફિલ્મ કોઈ એક એજન્ટ પર અટકી નથી. અહીં દરેક કેરેક્ટર પોતાનો દૃષ્ટિકોણ, પોતાનો સંઘર્ષ અને પોતાનો ગ્રે ઝોન લઈને આવે છે. આ જ મલ્ટિસ્ટારર ફોર્મેટની તાકાત છે, એક સાથે ઘણા વિચારો અને ટોનને હેન્ડલ કરવાની ક્ષમતા. ‘ધુરંધર’ની સિક્વલ પણ એ હિસાબે મલ્ટિસ્ટારર જ હોવાની.

મલ્ટિસ્ટારર ટ્રેન્ડ ફક્ત દેશભક્તિ કે એક્શન સુધી સીમિત નથી. વિશાલ ભારદ્વાજની આવનારી ફિલ્મ ‘ઓ’રોમિયો’ પણ એ જ દિશામાં છે. વેલેન્ટાઇન વીકમાં રિલીઝ થનારી આ ફિલ્મમાં શાહિદ કપૂર અને તૃપ્તિ ડીમરી લીડમાં છે, પણ સાથે નાના પાટેકર, તમન્ના ભાટિયા, અવિનાશ તિવારી અને વિક્રાંત મેસી જેવા મજબૂત કલાકારો પણ છે.







વિશાલ ભારદ્વાજની ફિલ્મ્સમાં હંમેશાં સાઈડ કેરેક્ટર્સ ખૂબ જ મહત્ત્વના રહ્યા છે અને ‘ઓ’રોમિયો’માં તેમનું મહત્ત્વ વધ્યું છે. એમ લાગે છે. અહીં રોમાન્સ, ક્રાઇમ અને પાવર ડાયનેમિક્સ અલગ અલગ પાત્રોની નજરથી બતાવવામાં આવશે એવું તેના ટીઝર પરથી જણાઈ રહ્યું છે, જે આજના દર્શકોને વધુ કનેક્ટ કરશે.

ઇતિહાસ આધારિત ફિલ્મ્સમાં પણ હવે મલ્ટિસ્ટારર એપ્રોચ જોવા મળે છે. ૧ મેના રોજ રિલીઝ થનારી રિતેશ દેશમુખ દિગ્દર્શિત ‘રાજા શિવાજી’ તેનું મોટું ઉદાહરણ છે. રિતેશ દેશમુખ છત્રપતિ શિવાજી મહારાજના રોલમાં છે, પણ ફિલ્મ આખી એક પાત્ર પર આધારિત નથી. સંજય દત્ત, અભિષેક બચ્ચન, મહેશ માંજરેકર, સચિન ખેડેકર, ભાગ્યશ્રી અને જેનિલિયા દેશમુખ જેવા કલાકારો સાથે ફિલ્મ એક આખી ઐતિહાસિક દુનિયા અને એ સમયને બતાવશે એવું લાગી રહ્યું છે. અલગ-અલગ પાત્રો દ્વારા રાજકારણ, યુદ્ધ, પરિવાર અને વિચારધારાને એકસાથે બતાવવાનો પ્રયાસ હશે. આ ફિલ્મ મલ્ટિસ્ટારર ઉપરાંત મલ્ટીલેન્ગ્વેજ રિલીઝ તરીકે પણ પ્લાન કરવામાં આવી છે. એનો અર્થ એ કે મલ્ટિસ્ટારર ફિલ્મ્સ ફક્ત હિંદી સિનેમા જ નહીં, પરંતુ પેન-ઇન્ડિયા સ્કેલ પર વિચારવામાં આવી રહી છે.

મલ્ટિસ્ટારર ફિલ્મ્સની વાપસી ફક્ત ગંભીર અથવા ભવ્ય વિષયોમાં જ નહીં, મનોરંજનમાં પણ થઈ છે. ડેવિડ ધવન દિગ્દર્શિત ‘હૈ જવાની તો ઇશ્ક હોના હૈ’ ફિલ્મને વરુણ ધવન, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર સાથે મૌની રોય, જિમ્મી શેરગિલ, ચંકી પાંડે, મનીષ પોલ જેવાં કલાકારો એક ફુલ-ઓન ઓન્સોમ્બલ બનાવે છે. આ ફિલ્મ ૯૦ના દાયકાની ડેવિડ ધવનની જ રોમેન્ટિક કોમેડી વાઈબને ફરી લાવવાનો પ્રયાસ હશે, જ્યાં એક સાથે ઘણા લવ ટ્રાયએન્ગલ્સ, સાઈડ ટ્રેક્સ અને કોમિક પાત્રો દર્શકોને એન્ગેજ રાખતા હતા.

આ સિવાય પણ ઘણા પ્રોજેક્ટ્સ બતાવે છે કે મલ્ટિસ્ટારર હવે અપવાદ નથી રહ્યા. ૨૦૨૪ની ‘સિંઘમ અગેન’માં અજય દેવગન, અક્ષય કુમાર, રણવીર સિંહ, દીપિકા પાદુકોણ, ટાઈગર શ્રોફ અને કરીના કપૂર ખાન જેવાં નામો સાથે એક રોહિત શેટ્ટીનું સિનેમેટિક યુનિવર્સ આપણે જોયું. ‘વેલકમ ટુ ધ જંગલ’ જેવી આવનારી ફિલ્મમાં અક્ષય કુમાર, સંજય દત્ત, અર્શદ વારસી અને સુનિલ શેટ્ટી સાથે એક સાથે અનેક કલાકારો જોવા મળશે. ફિલ્મને મલ્ટિસ્ટાર ઇવેન્ટ તરીકે જ ડિઝાઇન કરવામાં આવી છે.

આજના સમયમાં થિયેટરમાં લોકો ફક્ત ફિલ્મ નથી જોવા આવતા, એ લોકો અનુભવ લેવા આવે છે. ટિકિટના ભાવ વધ્યા છે, સ્ટ્રીમિંગનો વિકલ્પ છે. એટલે ફિલ્મને સ્પેશ્યલ બનાવવી જરૂરી છે. અને મલ્ટિસ્ટારર ફિલ્મ્સ એ કામ કરી શકે છે. અલગ અલગ સ્ટાર્સ અલગ અલગ ઓડિયન્સને ખેંચે છે, અને સ્ટોરીને પણ વધારે લેયર્સ મળે છે. આ ફિલ્મ્સ ક્રિએટિવ અને કમર્શિયલ રીતે સફળ થાય તો મનોરંજન દેવની કૃપાથી શક્ય છે કે આવનારા વર્ષોમાં મલ્ટિસ્ટારર ફરી એકવાર હિન્દી સિનેમાની કરોડરજ્જુ બની જાય! ■

**લાસ્ટ શોટ**

*હિન્દી અને દક્ષિણ ભારતીય મલ્ટીસ્ટારર ફિલ્મ્સનું એક કોમન નામ એટલે સંજય દત્ત.*

**ક્લેપ એન્ડ કટ..!**

સિદ્ધાર્થ છાયા


## આખરે ‘દાદા સાહેબ’ આવશે...


રાજકુમાર હિરાણી- આમિર ખાન

દાદા સાહેબ ફાળકે પર બાયોપિક બનશે કે નહીં બને એ પ્રશ્ન ક્યારનોય લટકી રહ્યો હતો, પરંતુ લાગે છે કે હવે છેવટે અહીં પ્રશ્નાર્થની જગ્યાએ પૂર્ણવિરામ આવી ગયો છે. શરૂથી શરૂ કરીએ તો ગયા વર્ષનાં મધ્યમાં રાજકુમાર હિરાણીએ આમિર ખાનને આ બાયોપિકની સ્ક્રિપ્ટ સોંપી હતી. પછી આમિરે એનાં સ્વભાવને અનુરૂપ ત્રણેક મહિનાનો સમય ‘વિચારવા’ માટે લીધો. પછી જ્યારે હિરાણીને ચર્ચા કરવા આમિરે બોલાવ્યા અને પોતાના ફેરફારો સૂચવ્યા ત્યારે હિરાણીને આઘાત લાગી ગયો. આમિરે એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું હતું કે, ‘આમાં કોમેડી ક્યાં?’ હવે ભારતીય સિનેમાનાં પિતા એવા દાદાસાહેબ ફાળકેનાં જીવનમાં મારી મચડીને કોમડી કેમની ઘુસાડાય? એટલે છેવટે ફિલ્મને અભેરાઈ પર ચડાવી દેવામાં આવી હોવાના રિપોર્ટ્સ મળ્યા હતા.

હવે એવું લાગે છે કે દાદાસાહેબને પોતાને આ ફિલ્મ બનતી જોવી છે એટલે આમિર અને હિરાણી થોડાં સમય પહેલાં પાછાં મળ્યાં. આ બેઠકમાં વચલો માર્ગ નક્કી કરી લેવામાં આવ્યો. એટલે કે માર્ચ મહિનામાં ફ્લોર પર જનારી આ ફિલ્મ દાદાસાહેબનાં જીવન પર આધારિત જ હશે, પરંતુ, તેમાં ‘હિરાણી સ્ટાઈલ’ પ્રમાણે કોમેડીના થોડાં અમીછાંટણાં પણ કરવામાં આવશે.

## હવે તો ભગવાન બચાવે...!




સામાન્ય રીતે જીવનમાં બને છે એમ બોલિવૂડમાં પણ ઘણી વાર ઉત્સાહમાં આવી જઈને મોટી જાહેરાતો કરી દેવામાં આવે છે પછી ખ્યાલ આવે કે, યાર, થોડી ઉતાવળ થઇ ગઈ. ‘OMG 3’ની જાહેરાત પછી પણ આવું જ કશું સામે આવ્યું છે. અક્ષય કુમારનાં કેમિયોવાળી આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટે ‘મર્દાની’ રાની મુખર્જીને સાઈન કરી લેવામાં આવી હતી. આ જાહેરાતનાં બે જ દિવસ બાદ ‘ડિજિટલ એઇટીન’ નામની એક સંસ્થા મેદાનમાં આવી. આ સંસ્થાએ ટ્રેડ મેગેઝિન્સમાં એક લિગલ નોટિસ પ્રકાશિત કરાવી કે જે કોઈપણ ફિલ્મનાં ટાઈટલમાં ‘OMG’ શબ્દનો ઉપયોગ કરવો હોય તો એ માટે એમની - સંસ્થાની પૂર્વમંજૂરી લેવી જરૂરી છે. સંસ્થાનો એવો દાવો છે કે ‘OMG' નામની કોઇપણ ફિલ્મની સિકવલ, પ્રિકવલ કે રીમેક આ બધાનાં હક્ક એની પાસે છે...!

આ ‘OMG' ને ડિરેક્ટ પણ ‘OMG 2’નાં ડાયરેક્ટર અમિત રાય કરવાનાં છે, પરંતુ લાગે છે કે આ ફિલ્મના મેકર્સને ડિજિટલ એઇટીન નામની સંસ્થાને પણ આ ફ્રેન્ચાઇઝીમાં ઇન્વોલ્વ કરવી પડશે એનો ખ્યાલ નહીં હોય. તેમ છતાં, આ ફિલ્મ ચોક્કસ ફ્લોર ઉપર જઈ રહી છે અને કદાચ ફિલ્મને કોઈ લીગલ વાંધો ન આવે એનો તોડ પણ કાઢી લેવામાં આવ્યો છે.

એવું જાણવા મળ્યું છે કે ફિલ્મનું નામ ‘ઓહ! માય ગોડ ૩’ને બદલે ‘ઓહ! માય ગોડેસ’ આવું કરી નાખવામાં આવ્યું છે. હવે આ બદલાયેલું નામ સાંભળીને કદાચ ‘ડિજિટલ એઇટીન’ના બોસ લોગ બોલી ઉઠ્યાં હશે, ઓહ! માય ગોડ.

## ‘ધુરંધર’થી ફરી એક ધોવાયો...


કપિલ શર્મા

કપિલ શર્મા, એક સમયે ઘર-ઘરનો લાડકો આજકાલ મુસીબતમાં ફસાયો છે. જોકે આ મુસીબત એકલા કપિલની નથી. મ્યુઝિક કંપની વિનસ પણ આ મુસીબતનો એક સરખો સામનો કરી રહી છે. આ મુસીબતનાં કેન્દ્રબિંદુમાં છે ફિલ્મ ‘કિસ કિસ કો પ્યાર કરું-૨’. મૂળ આ ફિલ્મ રિલીઝ થઇ હતી ૧૨ ડિસેમ્બરે એટલે કે બોક્સ ઓફિસ પર ‘ધુરંધર’ નામની ત્સુનામી આવી એનાં બરાબર એક અઠવાડિયા પછી.

હવે ત્સુનામી તો ત્સુનામી છે! ભલભલી હોલિવૂડની ‘એવેટાર’ (હા હવે, અવતાર...) પણ આ ત્સુનામી સામે પાણી ન માગી શકી તો બીજી બોલિવૂડ ફિલ્મની તો શી વિસાત? એટલે કપિલની હિરોગીરી દર્શાવતી આ ફિલ્મ પણ ધોવાઈ ગઈ. હવે પ્રશ્ન કપિલની ઈજ્જત અને વિનસનાં રોકાણનો હતો. આ બંનેનું થયેલું ‘ધોબી ધોવાણ’ પાછું લાવી શકાય એવું તો ન હતું. એટલે એમણે રી-રિલીઝનો દાવ ખેલ્યો.

તારીખ નક્કી થઇ ૯ જાન્યુઆરી. ડિસ્ટ્રીબ્યુટર્સે વિનસને ૫૦૦ સ્ક્રિન્સ આપવાનો વાયદો કર્યો. પરંતુ ૮ જાન્યુઆરીએ વિનસને મેસેજ આવ્યો કે ‘સોરી! ૨૫૦ સ્ક્રિનથી વધુ મળે એમ નથી!’ કારણ? હજી પણ પેલી ત્સુનામીનાં જબરા આફ્ટરશોક્સ આવી રહ્યાં છે. એટલે વિનસે નક્કી કર્યું કે એમ અડધા સ્ક્રિન્સ પર ફિલ્મ રિલીઝ કરીને આપણે આપણું નાક કપાવવું નથી.

હાલમાં તો વિનસે ફિલ્મ રિલીઝ સોરી! રી-રિલીઝ કરવાનું માંડી વાળ્યું છે. હવે કોઈ ‘સારી તારીખ’ શોધીને ફરીથી રિલીઝ કરવાનો પ્રયાસ આદરવામાં આવશે. કપિલ માટે જોકે આ મોટા ઝટકાથી ઓછું નથી. એની ફિલ્મ તો એક વીકમાં ઊતરી ગઈ, પણ એનો ‘નેટફ્લીક્સ’ પર ‘ચાલતો’ શો પણ ડચકાં ખાઈ રહ્યો છે. ■

**કટ એન્ડ ઓકે...**

*૨૦૦૭માં અમિતાભ બચ્ચને ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ૭ કરોડમાં એક જમીન લીધી હતી જેની કિંમત આજે ૨૧૦ કરોડ થઇ ગઈ છે!*

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# મોના સિંહ

## ‘જસ્સી જૈસી કોઈ નહીં’થી છવાઈ ગયેલી આ નિપુણ અભિનેત્રીની આગેકૂચ સતત ચાલુ છે



સત્તર વર્ષની ફિલ્મ કારકિર્દી દરમિયાન માત્ર ૧૧ જ ફિલ્મ અને તેમાંથી પણ ત્રણ ફિલ્મ આમિર ખાન સાથે કરનારી મોના સિંહની ફિલ્મી કારકિર્દી દરમિયાન પહેલી જ વાર એવું થવાનું છે કે ઉપરાછાપરી એટલે કે સતત બે અઠવાડિયામાં તેની બે ફિલ્મ રજૂ થવાની છે. આવું તો ખૂબ જ લોકપ્રિય હોય એવી અભિનેત્રીઓ સાથે પણ કોઈક જ વાર થાય છે.

મોના સિંહની ‘હેપ્પી પટેલ -ખતરનાક જાસૂસ’ ફિલ્મ ૧૬ જાન્યુઆરી એટલે કે આજે રિલીઝ થવાની છે અને તેની બીજી ફિલ્મ ‘બોર્ડર-ટુ’ આવતા શુક્રવારે ૨૩ જાન્યુઆરીએ પ્રદર્શિત થવાની છે.

મોના સિંહે ૨૦૦૩થી અભિનયની કારકિર્દી શરૂ કરી છે. ૨૦૦૩થી ૨૦૦૬ સુધી તે ટી.વી. પર રીતસરની છવાઈ ગઈ હતી. ‘જસ્સી જૈસી કોઈ નહીં’ સીરિયલમાં મુખ્ય ભૂમિકા કરીને મોના સિંહે ટી.વી. ઉદ્યોગમાં ખૂબ જ નામના - લોકપ્રિયતા મેળવી છે.

‘થ્રી ઈડિયટ્સ’, ‘લાલસહિ ચઢ્ઢા’ અને હવે ‘હેપ્પી પટેલ - ખતરનાક જાસૂસ’એ મોના સિંહની આમિર ખાન સાથેની ત્રીજી ફિલ્મ છે. ‘હેપ્પી પટેલ...’નો નિર્માતા આમિર ખાન છે અને તેમાં એ મહેમાન કલાકાર તરીકે પણ છે.

પંજાબના ચંડીગઢમાં શીખ કુટુંબને ત્યાં જન્મેલી મોના સિંહ અત્યારે ૪૪ વર્ષની ઉંમરે એક અભિનેત્રી તરીકે સતત આગેકૂચ કરી રહી છે. હમણાં જ કે.બી.સી. (કૌન બનેગા કરોડપતિ)માં વીર દાસની સાથે આવેલી મોનાએ પોતાનો સંઘર્ષ વર્ણવતા કહ્યું હતું કે ‘જસ્સી જૈસી કોઈ નહીં’ સિરિયલ તેને મળી તે અગાઉ તેણે આ ભૂમિકા માટે ૫૦ જેટલાં ઓડિશન આપ્યા હતા. તે સમયે તે દિલ્હીમાં રહેતી હતી અને ઓડિશન આપવા માટે તે દિલ્હીથી આવતી હતી. જોકે, આ સિરિયલે તેને ભરપૂર નામના - લોકપ્રિયતા અપાવી હતી. ઉપરાંત આ સિરિયલને કારણે તેને ઘણાં એવોડર્સ પણ મળ્યા હતા. તેમાં અપ્સરા એવોર્ડ, ઈન્ડિયન ટેલી એવોર્ડસ અને ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી એવોર્ડસનો સમાવેશ થાય છે.

૨૦૦૭માં મોના સિંહે રિયાલિટી શો ‘ઝલક દિખલા જા’ની પહેલી સીઝનમાં ભાગ લીધો અને તેમાં તે વિજેતા નીવડી હતી. ત્યાર પછી ૨૦૦૮માં ‘એક ખિલાડી - એક હસીના’ નામના રિયાલિટી શોમાં પણ તે વિજેતા બની હતી. આમ, મોના સિંહ અનેક એવોર્ડ અને અનેક ટ્રોફી મેળવીને સતત આગળ વધી રહી છે.

ટી.વી. સિરિયલ, ફિલ્મો અને પછી વેબ સિરીઝની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ૨૦૧૮માં મોના સિંહે ઓટીટી પર પદાર્પણ કર્યું. ‘યે મેરી ફેમિલી - સીઝન વન’ એ તેની પહેલી વેબ સિરીઝ હતી. ત્યાર પછી કહને કો હમસફર હૈ -મિશન ઓવર માર્સ- બ્લેક વિડો - મેઈડ ઈન હેવન- કાલા પાની- મિસ્ટ્રી -ધ બેડ્સ ઑફ બોલિવૂડ અને થોડે દૂર થોડે પાસ... જેવી વેબ સિરીઝમાં તેનું કામ વખણાયું છે.

આ બધા ઉપરાંત મોના સિંહે ટી.વી. કાર્યક્રમના સંચાલક તરીકે પણ અનોખી છાપ છોડી હતી. ‘ઝલક દિખલા જા’ની પહેલી સીઝનમાં ભાગ લીધા પછી ૨૦૦૭માં ‘ઝલક દિખલા જા’ની બીજી સીઝનમાં તે સંચાલક તરીકે રજૂ થઈ. ૨૦૦૯થી ૨૦૧૪ સુધી ‘એન્ટરટેનમેન્ટ કે લિયે કુછ કરેગા’ની સંચાલક, ઝલક દિખલા જા - સીઝન ફોર - શાદી તીન કરોડ કી- સ્ટાર યા રોકસ્ટાર- કોમેડી નાઈટ્સ બચાઓ અને મૌકા એ વારદાત જેવાં શોના સંચાલક તરીકે મોના સિંહ ટી.વી.ના ટચૂકડા પડદે સતત દેખાતી રહી છે.

‘બોર્ડર-ટુ’માં સની દેઓલ, વરુણ ધવન, દિલજીત દોસાંજ, અહાન શેટ્ટી, સોનમ બાજવા, સુનીલ શેટ્ટી, અક્ષય ખન્ના જેવાં કલાકારો છે. અનુરાગ સિંહ દિગ્દર્શિત ફિલ્મમાં મોના સિંહ, સની દેઓલની માતાની ભૂમિકામાં દેખાવાની છે. ૬૮ વર્ષના સની દેઓલની માતા તરીકે ૪૪ વર્ષની મોના સિંહની અભિનય ક્ષમતાની કસોટી થશે. જોકે, આવું પહેલી વાર નથી થઈ રહ્યું. હીરો કરતાં તેની માતાની ભૂમિકા ભજવનારી અભિનેત્રીની ઉંમર નાની હોય એવું ઘણી વખત જોવા મળ્યું છે અને રૂપેરી પડદા પર એ ‘મેકઅપ’ અને ‘ગેટ અપ’ વત્તા અભિનય ક્ષમતાને કારણે એ શક્ય બને છે અને મોના સિંહ તેમાં પાર ઊતરશે એમાં કોઈ જ શંકા નથી. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ સંગીતકાર જોડીની પ્રથમ હિન્દી ફિલ્મ કઈ હતી એ જાણો છો?

૧) શંકર- જયકિશન
૨) નદીમ - શ્રવન
૩) અજય - અતુલ
૪) જતીન- લલિત
૫) આનંદ - મિલિન્દ
૬) વિશાલ - શેખર
૭) લક્ષ્મીકાંત - પ્યારેલાલ


લક્ષ્મીકાંત – પ્યારેલાલ

### ક્વિઝ (બ)

આ ફિલ્મોના કયા ગીતની પહેલી કડી માં પતંગ શબ્દ આવે છે એ જાણો છો?

૧) ભાભી (જૂનું )
૨) પતંગ
૩) ૫ રાઈફલ્સ
૪) રઈસ
૫) હમ દિલ દે ચુકે સનમ
૬) માંઝા
૭) કટી પતંગ

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

## OTTનું હોટસ્પોટ

### ૧૭ જાન્યુઆરીથી ૨૩ જાન્યુઆરી ન્યૂ ઝીલેન્ડ સાથેની મેચોનું આકર્ષણ...

ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે અત્યારે વન-ડે સિરીઝ રમાઈ રહી છે, તેની ત્રીજી અને છેલ્લી વન-ડે ૧૮ જાન્યુઆરીએ જિયો હોટસ્ટાર પર રજૂ થશે, ત્યાર પછી ટી-૨૦ શ્રેણી શરૂ થશે, તેમાંની પહેલી મેચ ૨૧ જાન્યુઆરીએ અને બીજી મેચ ૨૩ જાન્યુઆરીએ રજૂ થશે.

* **જિયો હોટસ્ટારઃ** વિભુ પૂરી દિગ્દર્શિત ફિલ્મ ‘ગુસ્તાખ ઈશ્ક’ ૨૩ ફેબ્રુઆરીએ રજૂ થશે. વિજય વર્મા, ફાતિમા સના શેખ, નસીરુદ્દીન શાહ અને શારીબ હાશ્મીની આ ફિલ્મ દર્શકોને જકડી રાખવા સમર્થ છે.

* **નેટફ્લિક્સઃ** આ ઓટીટી ચેનલ પર આવતા શુક્રવારે ૨૩ જાન્યુઆરીએ ધનુષ, ક્રીતી સેનન, પ્રકાશ રાજ, જયા ભટ્ટાચાર્ય અને વિનીત કુમાર અભીનિત અને આનંદ એલ. રાય દિગ્દર્શિત સફળ ફિલ્મ ‘તેરે ઈશ્ક મેં’ રજૂ થશે.

* **ઝી ફાઈવઃ** અહીં આજે એટલે કે ૧૬ જાન્યુઆરીએ વિવેક ઓબેરોય, રિતેશ દેશમુખ, આફતાબ શિવદાસાની, તુષાર કપૂર અભિનીત ફિલ્મ ‘મસ્તી ફોર’ રિલીઝ થશે, જેના દિગ્દર્શક મિલાપ ઝવેરી છે. આ જ ચેનલ પર આજે ૧૬ જાન્યુઆરીએ ભા-ભા ફિલ્મ રજૂ થશે, જેનાં મુખ્ય કલાકારો દિલીપ અને મોહનલાલ છે.

* **સોની લિવઃ** મામૂટી સ્ટારર ફિલ્મ ‘કલમ-કાવલ’ આજે ૧૬ જાન્યુઆરીએ રજૂ થશે. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઈલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| भाँड | નસીબ |
| भाँडा | કહેવું |
| भाखना | ઓટ |
| भाटा | વાસણ |
| भाग्य | વિદુષક |

### જાણવા જેવું

શાહરુખ - કાજોલની ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ અત્યંત સફળ અને યાદગાર ફિલ્મ છે. જોકે, ફિલ્મ બનાવતી વખતે એક વાત દિગ્દર્શકના ધ્યાન બહાર રહી ગઈ હોય એવું લાગે છે. ફિલ્મનો ઈન્ટરવલ પછીનો હિસ્સો અને ખાસ કરીને ક્લાઈમેક્સ પંજાબમાં શૂટ થયો છે, પણ જે આપટા નામનું રેલવે સ્ટેશન દેખાડવામાં આવ્યું છે એ પંજાબમાં નહીં પણ મહારાષ્ટ્રમાં છે.

### ગુજરાત મોરી મોરી રે

‘સોન કંસારી’ ફિલ્મનું ‘છેલાજી રે, મારી હાટુ પાટણથી પટોળા મોંઘા લાવજો’ ગીત કોણે ગાયું છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ગીતા દત્ત બ) આશા ભોસલે
ક) સુમન કલ્યાણપુર ડ) લતા મંગેશકર

### નોંધી રાખો

જીવનમાં ગુણવાન વ્યક્તિની કદર થાય છે. નમ્રતા એ સૌથી શ્રેષ્ઠ ગુણ છે અને એની અસર તાત્કાલિક સ્વરૂપે અન્યો પર પડે છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| | | ૭ | | | | | | | |
| ૮ | ૯ | | | | ૧૦ | ૧૧ | | ૧૨ | |
| | | | | ૧૩ | | | | | |
| ૧૪ | | | | | | | | ૧૫ | |
| | | | ૧૬ | | ૧૭ | | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | | | | |
| ૨૨ | | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| | | ૨૬ | | ૨૭ | | ૨૮ | | | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. ચડસાચડસી, રકઝક (૪)
૪. પક્ષપાત (૫)
૭. કવચ, લોઢાનો પોષાક (૪)
૮. કોલસાની ---માં હાથ કાળા થાય જ (૩)
૧૦. જમાનો (૨) (જો.છૂ.)
૧૨. એક અપ્સરા (૨)
૧૩. સમાન, બરાબરિયું (૪)
૧૪. શ્રી કૃષ્ણનો બાલસખા (૩)
૧૮. --- તેવી ભરણી (૩)
૨૦. વીંધાતા કે જોરમાં વહેતા પવનનો અવાજ (૪)
૨૨. રમણીય (૨)
૨૩. કાયદો (૨)
૨૪. નસીબ (૩)
૨૭. ભવિષ્યકથન (૪)
૨૯. પ્રમાણિક (૫)
૩૦. ખેડયા કે વાવ્યા વિનાનું (જમીન, ખેતર) (૪)

**ઊભી ચાવી**

૧. અહંકાર, અભિમાન (૩)
૨. માથાની ખોપરી (૩)
૩. વિદાયગીરી કે તે સમયે અપાતી ભેટ (૨)
૪. ભાષાંતર (૪)
૫. સાપની ફેણ (૨)
૬. વર્તણૂક, ચાલચલણ (૪)
૯. ફાયદાકારક (૪)
૧૧. ગોવાળીયો, ઢોર રાખનાર (૩)
૧૩. સૈકો (૨)
૧૫. પતિ (૪)
૧૬. પૃથ્વી (૩)
૧૭. પવન (૨)
૧૯. --- કરવું=સંપૂર્ણ પતાવટ કરવી (લેણું) (૪)
૨૧. મોટું તળાવ (૪)
૨૪. કોટિ, સો લાખ (૩)
૨૫. આધાર, ભરોસો (૩)
૨૬. ગીત, ગાણું (૨)
૨૮. તડકો, ગરમી (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ન્યા | ય | મં | ૨ દિ | ૩ ર | | ૪ ભ | ણ | ૫ ત | ૬ ર |
| રું | | | ૭ લા | ઈ | લા | જ | | ૮ રે | ત |
| | ૯ અ | ૧૦ ફ | સો | સ | | ૧૧ નિ | કા | લ | |
| ૧૨ ગ | | ર | | | ૧૩ શો | ક | | | ૧૪ ઉ |
| ૧૫ ભ | ૧૬ ર | મા | ર | | ર | | ૧૭ અ | ૧૮ મા | પ |
| ૧૯ રા | જ | ન | | ૨૦ વ | | ૨૧ મ | હે | ત | લ |
| ટ | | | ૨૨ અ | સ્ત્ર | | | વા | | ક |
| | ૨૩ ની | ર | વ | | ૨૪ આ | ૨૫ મ | લ | ક | |
| ૨૬ મ | હા | | ૨૭ સ | મા | રં | ભ | | | ૨૮ નો |
| ૨૯ ત | ર | વા | ર | | ૩૦ ભ | મ | તા | રા | મ |

### ઓળખાણ પડી?



અભિષેક બચ્ચન સાથે ફિલ્મ કારકિર્દીની શરૂઆત કરનારી કરીના કપૂરની ફિલ્મની ઓળખાણ પડી જેમાં અન્ય લીડ પેર પણ હતી.

અ) અજનબી બ) ચમેલી ક) યુવા ડ) દેવ

### સુડોકુ-૯૧૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૧ | | | ૯ | | | |
| | | ૬ | | | | | ૯ | ૪ |
| ૮ | | | ૩ | | | ૫ | | |
| ૯ | | | | ૮ | | | | |
| ૪ | ૬ | | | | | | ૫ | ૩ |
| | | | | ૨ | | | | ૯ |
| | | ૩ | | | ૧ | | | ૫ |
| ૬ | ૨ | | | | | ૧ | | |
| | | | ૯ | | | ૮ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪ | ૭ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૩ | ૯ | ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૭ | ૧ |
| ૬ | ૮ | ૭ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫ | ૩ | ૮ | ૧ | ૨ | ૯ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૨ | ૧ | ૬ | ૮ | ૭ | ૯ | ૫ | ૩ |
| ૯ | ૭ | ૬ | ૩ | ૪ | ૫ | ૨ | ૧ | ૮ |
| ૮ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ | ૫ | ૯ | ૨ |
| ૭ | ૪ | ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૨ | ૧ | ૯ | ૫ | ૩ | ૬ | ૭ | ૮ | ૪ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ફિલ્મનું નિર્માણ આર. કે. ફિલ્મ્સનું હોય અને મુખ્ય ભૂમિકા રાજ કપૂરની જ હોય, પણ દિગ્દર્શન બીજા કોઈનું હોય એ ફિલ્મ કઈ?

અ) અનાડી બ) ચોરી ચોરી ક) જાગતે રહો ડ) શ્રી ૪૨૦

### માઈન્ડ ગેમ

પહેલા સલમાન ખાનને ઓફર કરવામાં આવી હતી, પણ તેણે ના પાડતા આમિર ખાને કરેલી કઈ ફિલ્મ હતી જે સુપરહિટ સાબિત થઈ?

અ) લગાન બ) ગજની ક) થ્રિ ઈડિયટ્સ ડ) દિલ ચાહતા હૈ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बिख | ઝેર |
| बिग | કટાક્ષ |
| बिकट | મુશ્કેલ |
| बिकाऊ | વેચાઉ |
| बिगारी | વેઠિયો |

**ગુજરાત મોરી મોરી રે:** ભુપિન્દર સિંહ

**ઓળખાણ પડી?** અસલી નકલી

**માઈન્ડ ગેમ :** દિલ સે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** આરાધના

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) શ્રદ્ધા આશર (૭) હર્ષા મહેતા (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) પુષ્પા પટેલ (૧૨) કિરીટ છેડા (૧૩) મીનળ કાપડિયા (૧૪) ચેતના છેડા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) અલકા વાણી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) કમલ માતલિયા (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) પુષ્પા ખોના (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) નયના ગિરીશ મિસ્ત્રી (૩૪) દિપીકા દોશી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) બરસાત (જૂનું ) ૨) મૈને જીના સીખ લીયા ૩) સિંઘમ ૪) યારા દિલદારા ૫) અબ આયેગા મઝા ૬) પ્યાર મેં કભી કભી ૭) પારસમણિ

ક્વિઝ (બ) ૧) ચલી ચલી રે પતંગ મેરી ચલી રે, ચલી બાદલો કે પાર હોકે દોર પે સવાર ૨) યે દુનિયા પતંગ નિત બદલે યે રંગ કોઈ જાને ના ઉડાને વાલા કોણ હૈં યે ૩) પ્યાર કે પતંગ કી ડોર જિસકે હાથ હૈં કિસમત ભી ઉસકે સાથ હૈં જો લે ૪) ઉડી ઉડી જાય ઉડી ઉડી જાય દિલ કી પતંગ દેખો ઉડી ઉડી જાય, ઉડી ૫) કાંઈ પો છે,એ ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા ઉસ પતંગ કો ઢીલ જૈસે હી ૬) હૈં માંજા તેરા તેઝ યે દિલ કી પતંગ કો કાટે હાયે તુજી સે કટકે યે ગીરે ૭) ના કોઈ ઉમંગ હૈં ના કોઈ તરંગ હૈં મેરી ઝીંદગી હૈં ક્યાં એક કટી પતંગ હૈં.

# ગુજરાતીઓમાં દેખાયો મતદાનનો ઉત્સાહ

## ચંદનબેન ધીરજલાલ શાહ, કોપરખૈરાણે-નવી મુંબઈ



નવી મુંબઈમાં રહેતા ૭૬ વર્ષના ચંદનબહેને જણાવ્યું હતું કે તબિયતને કારણે ઘરની બહાર બહુ નીકળતી નથી પણ ચૂંટણીમાં એક-એક મત કિંમતી હોય છે. એક મત પણ આખી બાજી પલટી શકે છે. લોકશાહીમાં આપણને આપણો નેતા પસંદ કરવાનો અધિકાર આપ્યો છે ત્યારે મત આપીને સાચ્ચો અને નાગરિકો માટે કામ કરી શકે તેવો પ્રતિનિધિ ચૂંટી કાઢવો આપણી ફરજ છે. તેથી વહેલી સવારે મારા દીકરા સાથે જઈને હું વોટ આપી આવી હતી.

## કેસરબહેન ગંગજી શાહ, બોરીવલી પૂર્વ



બોરીવલીમાં વહેલી સવારના મતદાન કરવા આવેલા દાદીમાં કેસરબહેન ૯૪ વર્ષે પણ વ્હીલચેરની મદદ વગર પોતાની જાતે જ પોતાના મતદાન કેન્દ્ર સુધી જઈને મત આપીને આવ્યા હતા. તેમના દીકરા પરેશે જણાવ્યું હતું કે આ ઉંમરે પણ તેઓ સારી રીતે જાણે છે કે આ ચૂંટણી કૉર્પોરેશનની છે અને નગરસેવકો શું કામ કરે છે અને તેમના વિસ્તારમાં શું સમસ્યા છે અને કોઈ વ્યકિત કામ કરી શકે છે. કોને મત આપવો છે તેનો નિર્ણય તેમણે જાતે લઈને મત આપ્યો છે.

## પ્રવીણ ભિમજીભાઈ આશર, ઘાટકોપર-પૂર્વ



પોતાનું નામ શોધવા માટે પોતાના પત્ની રંજનબહેન સાથે લગભગ દોઢ કલાક સુધી એક પોલિંગ બુથથી બીજા પોલિંગ બુથના ચક્કર કાપનારા ૭૮ વર્ષના ભિમજીભાઈએ જણાવ્યું હતું કે મારી પત્ની અને મારા પગના ની રીપ્લેસપમેન્ટના ઓપરેશન થયા છે. ચાલવામાં તકલીફ છે છતાં મત આપવો જ એવું નક્કી કરીને ઘરની બહાર નીકળ્યા હતા. જોકે હંમેશા જ્યાં મત આપીએ છે પોલિંગ બુથમાં અમારા નામ ન હોવાનું અમને કહેવામા આવ્યું હતું. તેથી એક જગ્યાથી બીજી જગ્યાએ અમને નામ શોધવા માટે ફાંફા મારવા પડયા હતા. છેવટે એક પોલિટિકલ કાર્યકર્તાની મદદથી જે જગ્યાએ નામ નથી એવું કહ્યું હતું કે એ જ જગ્યાએ અમારા નામ તેણે શોધી આપતા અમે ત્યાં મત આપ્યો હતો.

## કરણ સુનીલ શાહ, શિવાજી પાર્ક- દાદર



ડોગ ટ્રેનર અને ડોગ સાયકોલોજિસ્ટ તરીકે કામ કરનારો કરણ જન્મથી જ દિવ્યાંગ છે, છતાં તે મત આપવાની પોતાની ફરજ ચૂક્યો નથી. તેના પિતા સુનીલ શાહે જણાવ્યું હતું કે ૨૬ વર્ષનો કરણ જન્મથી દિવ્યાંગ હોવા છતાં વ્હીલચેર પર બેસીને પણ તે વહેલી સવારે મત આપવા અમારી સાથે આવ્યો હતો અને અમારા મતદાન કેન્દ્રમાં મત આપનારો એ પહેલો મતદાર રહ્યો હતો. વિધાનસભા અને લોકસભાની ચૂંટણી પણ તે અચૂક મતદાન કરવા અમારી સાથે આવે છે.

## હસુમતી ગુણવંત પારેખ, દહિસર પૂર્વ



૮૨ વર્ષના હસુમતીબહેને જણાવ્યું હતું કે કમર અને પગનો દુખાવો હોવાથી ચાલવામાં તકલીફ છે. તેથી ઘરની બહાર નીકળવાનું બંધ છે પણ આટલા વર્ષોમાં કોઈ દિવસ વોટિંગ કર્યું ન હોય એવું બન્યું નથી. એટલે કે આ વખતે પણ વોટિંગ કરવું જ છે એવું મનમાં પહેલાથી જ નક્કી કર્યું હતું. તેથી વ્હીલચેર પર બેસીને મારા દીકરા સાથે પોલિંગ બુથમાં જઈને મત આપ્યો હતો.

## કટારિયા પરિવાર, ઘાટકોપર



ઘાટકોપર પૂર્વમાં રહેતા કટારિયા પરિવારના ત્રણ પેઢીના લોકો એકી સાથે મતદાન કરવા માટે આવ્યા હતા. પરિવારમાં સૌથી મોટા ૮૦ વર્ષના હંસાબહેને જણાવ્યું હતું કે તેમની ત્રણ પેઢી એકી સાથે મતદાન કરવા માટે આવી હતી. મારી બંને વહુ વૈશાલી અને વનિતા અને મારા બંને દીકરા ધવલ અને ધર્મેશની સાથે મારા પૌત્રો હરેશ અને જશ સાથે હું મતદાન કરવા માટે આવી હતી. વર્ષોથી અમારો નિયમ રહ્યો છે કે બધાએ સાથે મતદાન કરવા નીકળવું અને તેને અમે પાલન કરતા આવ્યા છે. ચૂંટણી પ્રત્યેક સિંગલ મતનું મુલ્ય હોય છે, તેથી જ અમારા પરિવારના સાતેય સભ્યોએ એક સાથે મતદાનની ફરજ બજાવી હતી.

## અર્ચના વેજાણી, ઘાટકોપર-પૂર્વ



લોકશાહીમાં દરેક સિંગલ મત મહત્વનો હોવાથી મત આપીને મે ફરજ બજાવી હોવાનું જણાવતા ૭૪ વર્ષના અર્ચના વેજાણીએ જણાવ્યું હતું કે આટલા વર્ષોમાં કોઈ વખત મતદાન કરવાનું ચૂકી ગયું હોય એવું બન્યું નથી. આપણા મત ઉમેદવાર માટે જ નહીં પણ નાગરિકો માટે પણ એટલા જ મહત્ત્વના છે. લાયક ઉમેદવાર જ નાગરિકો માટે કામ કરી શકે છે, તેથી મે મારા વિસ્તારના લાયક ઉમેદવારને મત આપ્યો તેનો મને સંતોષ છે.

## રસિકલાલ હેમરાજ લાખાણી, કાંદિવલી



કાંદિવલી પશ્ચિમના મહાવીરનગરમાં પંચશીલ ગાર્ડન ખાતે રહેતા અને સ્વ. અભિનેતા દેવ આનંદના ચાહક રસિકભાઇ લાખાણી કહે છે કે હું વર્ષોથી ચૂંટણીમાં મતદાન કરવાનું ચૂકતો નથી. આમણે દેશ માટે મતદાન કરવાનું છે. ચૂંટણીમાં યોગ્ય ઉમેદવારોને ચૂંટી લાવવા માટે આપણો મત કીમતી છે અને આપણે સમજી વિચારીને મત આપવો જોઇએ. ઉમેદવારો પર આપણને આશા છે. આપણા વિસ્તારની સમસ્યાઓ સમજી શકે તેમ જ વિકાસ કરી શકે એવા લાયક ઉમેદવારોને આપણે મત આપવો જોઇએ.

## જયશ્રી શાંતિલાલ ભેદા, વાશી-નવી મુંબઈ



જુવાનિયોને પણ શરમાવે એવી ફુર્તિ ધરાવતા ૮૨ વર્ષના જયશ્રીબહેન વહેલી સવારે દીકરા-વહુ સાથે મતદાન કરવા માટે પોલિંગ બુથ પહોંચી ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે ઉંમર થઈ ગઈ હવે શું એવું બોલનારા અનેક લોકોએ મેં જોયા છે પણ ઉંમર એ એક આંકડો છે. મતદાનનો મારો અધિકાર છે અને તેને હું કોઈ હિસાબે છોડું નહીં. હંમેશાથી મારા પરિવાર સાથે મતદાન કરવાનો ક્રમ છે તે જાળવી રાખ્યો છે. મારી યંગસ્ટરોને પણ અપીલ છે કે તેઓ જેવા ૧૮ના થાય તેમણે પોતાના નામ વોટિંગ માટે નોંધાવી જ દેવા જોઈએ.

## પ્રવીણભાઇ શામજી હોડાર, ચંદનવાડી



મરીન લાઇન્સ નજીક ચંદનવાડી સ્થિત શ્રીકાંત પાલેકર માર્ગ ખાતે રહેતા ૬૨ વર્ષના પ્રવીણભાઇ શામજી હોડારના જેટલા વખાણ કરો એટલા ઓછા છે. વિલે પાર્લેમાં આવેલી દુકાનમાં છેલ્લાં પંદર વર્ષથી કામ કરતા પ્રવીણભાઇ ચાર વર્ષથી લકવાનો શિકાર છે અને તેમના ડાબા હાથમાં કોઇ જ સંવેદના નથી. આવી દિવ્યાંગતા હોવા છતાં સતત બીજી ચૂંટણી જેમાં મતદાન કેન્દ્ર ખૂલતાની સાથે પ્રથમ મતદાન કરનાર નાગરિક તેઓ હતા. મતાધિકાર વિશે તેમણે કહ્યું હતું કે મતદાન કરવું એ આપણો અધિકાર છે. દરેક નાગરિકે પોતાનો આ અધિકાર બજાવવો જોઇએ.

## નિરાલી સૂરજ પંચમતિયા, ગ્રાન્ટ રોડ



ગ્રાન્ટ રોડ વિસ્તારમાં વસીમુલ બિલ્ડિંગમાં રહેતી નિરાલી પંચમતિયાએ મુંબઈમાં આ વર્ષે પાલિકાની ચૂંટણીમાં પહેલી વખત મતદાન કર્યું હતું. નિરાલી પંચમતિયા કહે છે કે હું મૂળ ગુજરાતની છું અને ત્યાં મારું વોટિંગ કાર્ડ હતું હતું, પણ નામમાં ભૂલને કારણે હું મતદાન ત્યાં કરી શકી નહોતી. લગ્ન બાદ મુંબઈ આવી અને ગયા વર્ષે મારું કાર્ડ બનીને ઘરે આવી ગયું હતું, પણ એ વર્ષે ચૂંટણી વખતે વોટિંગ લિસ્ટમાં મારું નામ ન હોવાને કારણે હું મતદાન કરી શકી નહોતી. આખરે આ વર્ષે મારું નામ લિસ્ટમાં આવ્યું અને હું મારો મતદાનનો અધિકાર બજાવી શકી. પહેલી વાર મતદાન કરવા જઇ રહી હોવાથી એક્સાઇટેડ હતી, પણ મતદાન કરતી વખતે ઇવીએમ પર મરાઠીમાં ઉમેદવારો નામ લખ્યાં હોવાથી થોડી કન્ફયુઝ થઇ ગઇ.

## માલતી મહેતા, ઘાટકોપર-પૂર્વ



આપણા જનપ્રતિનિધિને ચૂંટી કાઢવાની આપણી ફરજ હોવાનું જણાવતા ૭૦ વર્ષના માલતીબહેને જણાવ્યું હતું કે નાગરિકો ઘરેથી બહાર નીકળીને યોગ્ય વ્યક્તિને મત નહીં આપે તો બિનસક્ષમ વ્યક્તિ ચૂંટાઈ આવે તો તેનાથી છેવટે નુકસાન નાગરિકોને જ થવાનું છે. તેથી આપણો મત આપીને આપણી માટે કામ કરનારી વ્યક્તિને ચૂંટવા માટે મત આપીને મેં મારી ફરજ બજાવી હતી.

## રમણીકલાલ છેડા, માટુંગા



મૂળ કચ્છના ૭૪ વર્ષના રમણીકભાઈએ જણાવ્યું હતું કે મને યાદ છે ત્યાં સુધી છેલ્લા ૫૦ વર્ષોથી મતદાન કરતો આવ્યો છે. મત આપવો આપણો અધિકાર છે અને તેને કોઈ હિસાબે ગુમાવવો જોઈએ નહી. આપણને આપનો પ્રતિનિધિ પસંદ કરવાની તક મળી છે તેનો ઉપયોગ કરીને સાચ્ચો જનપ્રતિનિધિ ચૂંટવો આપણા હાથમાં છે. જે તમારી માટે કામ કરે છે તેમને મત આપીને ચૂંટી કાઢવો જરૂરી છે. ભૂતકાળમાં ચૂંટણી સમયે મારા વતન કચ્છ ગયો હતો અને મત આપવા માટે ખાસ મુંબઈ આવ્યો હોવાના બનાવ પણ બન્યા છે.

## જીતેન્દ્રભાઈ મહેતા અને નિમિત મહેતા



ક્રેડાઈ એમસીએચઆઈના સિનિયર વાઇસ પ્રેસિડન્ટ અને ગુજરાતી સમાજના પ્રમુખ જીતેન્દ્રભાઈ મહેતા અને તેમના પુત્ર નિમિત મહેતાએ ઘાટકોપર ખાતે મતદાન કર્યું હતું અને તેમને કહ્યુંકે બીએમસીનું ઇલેકશન એ આપણા બધાને રોજિંદા જીવનમાં મૂળભૂત જરૂરિયાતો સાથે સંકડાયેલું છે. મને લાગે છે કે દરેક નાગરિકોએ ઉત્સાહ પૂર્વક મોટા પ્રમાણમાં મતદાન કરવું જોઈએ.



## મુલુંડમાં રહેવા છતાં નામ પુણેની મતદાર યાદીમાં!

મુંબઈઃ મુલુંડ (વેસ્ટ)માં રહેતા મુલુંડ ન્યૂઝના તંત્રી સુભાષ શાહ છેલ્લાં ૪૦ વર્ષથી દર ચૂંટણીમાં લોકસભા, વિધાનસભા તેમજ બીએમસીની ચૂંટણીમાં મુલુંડમાંથી મતદાન કરે છે. આ વખતે બીએમસીની ચૂંટણીમાં તેમને મતદાર સ્લીપ ન આવતા મતદાનના દિવસે મુલુંડ (વેસ્ટ)ની સેન્ટ જ્યોર્જ હાઈસ્કૂલમાં બૂથ પર તેમજ રૂનવાલ એન્થોરિયમના બૂથ પર તપાસ કરતાં તેમનું નામ મતદાર યાદીમાં જોવા મળ્યું ન હતું. આથી તેઓ મુલુંડ ટી-વોર્ડમાં ચૂંટણી અધિકારીની ઓફિસ પર જઈને તેમની પાસેનું ઈલેકશન કાર્ડ પરના ઈપીક નંબરમાં તપાસ કરતાં તેમનું નામ પુણેના ખરડી વિસ્તારમાં ગણતરાવ થીટ્ટે હાઈસ્કૂલમાં પોલિંગ સ્ટેશન પરથી મતદાર તરીકે જોવા મળ્યું હતું. મુલુંડમાં જ પ્રારંભથી રહ્યા હોવા છતાં પુણેની ખરડી વિસ્તારની મતદાર યાદીમાં નામ કેમ પહોંચી ગયું તે નવાઈજનક ઘટના છે. આમ સુભાષ શાહ મતદાનથી વંચિત રહેવા પામ્યા હતા.

## મુંબઈ મનપાના માજી ડીએમસીનું નામ પણ મતદાર યાદીમાંથી ગાયબ!



મુંબઈઃ થોડા વરસો પહેલાં મુંબઈ મનપામાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પદેથી નિવૃત્ત થયેલા સુહાસ કરવંદે હાલમાં મુલુંડ (વેસ્ટ)માં રહે છે અને છેલ્લી વિધાનસભા અને તે અગાઉ લોકસભાની ચૂંટણીમાં તેમણે મુલુંડ (વેસ્ટ)માં સેન્ટ જ્યોર્જ હાઈસ્કૂલના મતદાન કેન્દ્રમાં મતદાન કર્યું હતું. પરંતુ આશ્ચર્યજનક રીતે મતદાન સેન્ટરમાં ભારે શોધખોળ છતાં સેન્ટજ્યોર્જ કે રૂનવાલ એન્થોરિયમ તેમજ મુલુંડના એક પણ વોર્ડની મતદાર યાદીમાં તેમનું નામ ન હતું. આમ બીએમસીના માજી ડીએમસીનું નામ જ બીએમસીની ચૂંટણીમાં ગાયબ થયેલું જોવાયું હતું.

# મતદાન વખતે આંગળી પરની સહીનો વિવાદ

## પાલિકાની જવાબદારી અને પારદર્શિતા અંગે અનેક સવાલોઃ કૉંગ્રેસ

મુંબઈઃ વહેલી સવારે, મુંબઈ કૉંગ્રેસના નેતા અને લોકસભાના સભ્ય વર્ષા ગાયકવાડે તેમના પક્ષના સાથીદારનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેઓ પોતાની આંગળી પરથી શાહી સાફ કરવા માટે એસીટોનનો ઉપયોગ કરતા હતા.'બીએમસી જવાબદારી સાફ કરી રહી છે? સવારથી અમને અનેક અહેવાલો મળી રહ્યા છે કે મતદાન થયું છે તે બતાવવા માટે ઉપયોગમાં લેવાતી માર્કર શાહી સરળતાથી કેવી રીતે સાફ થઈ રહી છે. મારા સાથીદાર અને તેમની પત્ની અહીં દર્શાવે છે કે એસીટોન અથવા નેઇલ પોલિશ રીમુવરથી આ શાહી કેવી રીતે સરળતાથી સાફ કરી શકાય છે,' એમ તેમણે એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું.

આ વખતે બીએમસી ચૂંટણીનું સંચાલન જવાબદારી અને પારદર્શિતા અંગે ઘણા પ્રશ્નો ઊભા કરે છે, એમ પણ ગાયકવાડે કહ્યું હતું.

મતદારોને આપવામાં આવતી વિવિધ છેલ્લી ઘડીની લાંચ, મતદારોના નામ ગુમ થવા, એસઈસીની વેબસાઇટ ક્રેશ થવાથી મતદારોને તેમના નામ શોધવામાં મુશ્કેલી પડી રહી છે, શાહી જે સરળતાથી સાફ થઈ રહી છે.

આપણી લોકશાહી પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ કોઈપણ કિંમતે સુરક્ષિત રાખવો જોઈએ પરંતુ ચૂંટણી પંચ અને બીએમસી તે બાબતે સંપૂર્ણપણે બેદરકાર હોય તેવું લાગે છે. શરમજનક!' એમ તેમણે પોતાની એક્સ પરની પોસ્ટમાં લખ્યું હતું.

## શું ઠાકરે ભાઈઓની આંગળી પરની શાહી લૂછાઈ ગઈ?

જે વ્યક્તિએ તેમની આંગળી પરથી શાહી લૂછી નાખી હતી તેની સામે કેસ દાખલ કરો, જે લોકોએ તેમની આંગળી પરથી શાહી લૂછી હતી તે ફરીથી મતદાન કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. શું વાંધો ઉઠાવનારાઓએ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે? શું જેમની શાહી લૂછી નાખવામાં આવી હતી તેઓએ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે? શું ઠાકરે ભાઈઓની આંગળી પરથી શાહી લૂછી નાખવામાં આવી હતી? તેમણે આનો જવાબ આપવો જોઈએ, એમ પણ આશિષ શેલારે કહ્યું હતું.

તેમણે એવી ટીકા કરી હતી કે ઠાકરેના સલાહકારો સુકાઈ ગયા છે અને ઠાકરે ભાઈઓ આંસુથી ભરાઈ ગયા છે. ઉપરાંત, જો તેઓ રડવા માગતા હોય તો તેઓ શા માટે લડી રહ્યા છે? ઠાકરે બંધુઓ રાજકીય હાસ્ય કલાકારો છે, તેઓ રડતા બાળક છે, મુંબઈગરા તેમની સાથે જશે નહીં, મુંબઈગરા લડનારાઓની સાથે રહેશે, એમ પણ શેલારે કહ્યું હતું.

## મતદાન કર્યા પછી આંગળી પરની શાહી કેમ સાફ કરવામાં આવે છે?: ચૂંટણી પંચ

મુંબઈઃ મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે બધે મતદાન ચાલી રહ્યું છે, પરંતુ પહેલીવાર મતદાન કર્યા પછી શાહી બતાવવાનો ટ્રેન્ડ હતો, પરંતુ હવે આંગળી પરની શાહી સાફ કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. મુંબઈમાં, આંગળી પર લગાવેલી શાહી સાફ કરવામાં આવી રહી છે. ઠાકરે બંધુઓએ આનો સખત વિરોધ કર્યો છે. આખરે, ચૂંટણી પંચ પણ જાગ્યું છે અને સ્પષ્ટતા કરી છે કે શાહી સાફ કરવામાં આવી રહી છે. એવું સ્વીકારવામાં આવ્યું છે કે માર્કર પેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાજ્ય ચૂંટણી પંચના કમિશનર દિનેશ વાઘમારેએ ખુલાસો કર્યો છે કે ભવિષ્યમાં જિલ્લા પં.ની ચૂંટણીઓમાં તેનો ઉપયોગ કરવામાં આવશે નહીં, પરંતુ શાહી બદલવા અંગે હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે કોઈ પગલું લેવામાં આવ્યું નથી.

## જેમણે આંગળીઓ પરથી શાહી લૂછી નાખી, તેમની સામે કેસ દાખલ કરોઃ ભાજપ

મુંબઈઃ આંગળીઓ પરથી શાહી લૂછી નાખવા અંગે ઘણી ફરિયાદો બહાર આવી રહી છે. ઠાકરે બંધુઓએ પણ તેના પર રાજકારણ શરૂ કરી દીધું છે. પરંતુ સંબંધિત લોકોએ એવું કેમ વિચાર્યું કે તેમની આંગળીઓ પરથી શાહી લૂછી નાખવી જોઈએ? આંગળીઓ પરથી શાહી લૂછી નાખવા પાછળ તેમનો શું ઈરાદો હતો? હકીકતમાં, તેઓ શાહી લૂછીને ફરીથી મતદાન કરવા માગતા હતા. તેથી જ પ્રક્રિયા સાથે ચેડાં કરવા બદલ તેમની સામે કેસ દાખલ થવો જોઈએ, એવી માગણી ભાજપના નેતા આશિષ શેલારે કરી હતી. તે જ સમયે, તેમણે આ મુદ્દે ઠાકરે બંધુઓ પર નિશાન તાક્યું હતું.

મુંબઈ અને બાકીના મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણી દરમિયાન ડબલ વોટર્સ, આંગળીઓ પરથી શાહી લૂછી નાખવી અને મતદાન મશીનોમાં ગડબડ જેવા મુદ્દાઓ પર ફરિયાદો આવી રહી છે. આ પૃષ્ઠભૂમિ સામે, ઉદ્ધવ ઠાકરેએ આજે મુંબઈના શિવસેના ભવનમાં પ્રેસ કોન્ફરન્સ કરી અને ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવ્યા હતા. આશિષ શેલારે કહ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરે ચૂંટણીના દિવસે પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે. શું તેઓ પોતાનો રાજકીય ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માગે છે? ઉદ્ધવ ઠાકરે જાણી જોઈને હઠીલા છે. ઘણા લોકો તેમની આંગળી પરથી શાહી લૂછી નાખવાની ફરિયાદ કરી રહ્યા છે. મીડિયા પ્રતિનિધિઓએ પણ કેટલાક પ્રયોગો કર્યા. તેમણે તપાસ પત્રકારત્વ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ મતદારોને શાહી લૂછી નાખવાનું કેમ યોગ્ય લાગ્યું? આ કાર્યવાહી દ્વારા તેઓ શું કહેવા માગતા હતા? શું તેઓ ફરીથી મતદાન કરવા માગતા હતા? તેમણે માગણી કરી હતી કે આની તપાસ કરીને સંબંધિતો સામે કેસ નોંધવામાં આવે.

# રાજકારણી અને ફિલ્મી હસ્તીઓ



મુખ્ય પ્રધાન ફડણવીસ પરિવાર સાથે



નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પરિવાર સાથે




રાજકારણી પરાગશાહ પરિવાર સાથે



રાજકારણી પ્રકાશ મહેતા



પરેશ રાવલ



સચિન તેંડુલકર



રણવીર કપૂર



સલમાન ખાન



આમિર ખાન

# સૂર્યકુમાર યાદવ આ હૉટ ઍક્ટ્રેસને કરતો હતો મૅસેજ? ચાહકે ૧૦૦ કરોડના માનહાનિ કેસનો કર્યો દાવો

મુંબઈઃ ભારતના ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવ સંબંધમાં તાજેતરમાં કરવામાં આવેલી એક ટિપ્પણી બાદ વિવાદમાં આવી ગયેલી અભિનેત્રી અને મૉડલ ખુશી મુખર્જી વિરુદ્ધ સૂર્યકુમારના સમર્થક ફૈઝાન અન્સારીએ ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કર્યો છે.

આ કિસ્સા સંબંધિત ફરિયાદ ગાઝીપુર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. જોકે ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ (એફઆઇઆર) નોંધવામાં આવ્યા વિશે કોઈ સ્પષ્ટતા નથી થઈ.





### ખુશી મુખર્જીએ ટિપ્પણીમાં શું કહ્યું હતું?

ખુશી મુખર્જીએ થોડા દિવસના પહેલાં દાવામાં કહ્યું હતું કે 'હું કોઈ પણ ક્રિકેટરને ડેટ કરવા નથી માગતી. ઘણા ક્રિકેટરો મારી પાછળ પડ્યા છે. સૂર્યકુમાર યાદવ અગાઉ મને ઘણી વાર મૅસેજ કરતો હતો, પણ હવે અમારી વચ્ચે વધુ વાતચીત નથી થતી. હું કોઈ પણ રીતે જોડાવા નથી માગતી. મારા નામ સાથે જોડાતા કોઈ પણ પ્રકારના લિન્ક-અપ મને પસંદ નથી.'

### સૂર્યાના ચાહકનો શું આરોપ છે?

ફૈઝાન અન્સારીનો આરોપ છે કે 'ખુશી મુખર્જીએ જાણી જોઈને સૂર્યકુમાર યાદવ વિશે ટિપ્પણી કરી હતી. આવી કમેન્ટથી રાષ્ટ્રીય સ્તરના આ ખેલાડીની છબિને નુકસાન થઈ શકે છે. આ ટિપ્પણી ખુશીએ કંઈ પણ પ્રકારના પુરાવા વિના તથા બદઇરાદાથી કરી હતી.'

### ખુશીએ ક્યો ખુલાસો આપ્યો હતો?

ખુશી મુખર્જીએ સૂર્યકુમાર વિશેની પોતાની ટિપ્પણીને લઈને વિવાદ વધતાં એક જાણીતી ટીવી ચૅનલ સાથેની વાતચીતમાં ખુલાસામાં જણાવ્યું હતું કે 'સૂર્યકુમાર યાદવ સાથે તેનું ક્યારેય પણ કોઈ પણ પ્રકારની રૉમેન્ટિક રિલેશનશિપ નહોતી અને મારી કમેન્ટને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે. મારી ટિપ્પણીને ખોટી રીતે ચગાવવામાં આવી છે જેને લીધે ગેરસમજ ફેલાઈ છે.'

ખુશીએ એવો પણ દાવો કર્યો છે કે એ સમયગાળા દરમ્યાન મારું ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ હૅક થયું હતું. અગાઉ સૂર્યકુમાર સાથે મારી વાતચીત માત્ર દોસ્તી સુધી સીમિત હતી, પણ હવે અમારી વચ્ચે કોઈ સંપર્ક નથી. વિવાદ પછી પણ સૂર્યકુમાર સાથે મારી કોઈ વાતચીત નથી થઈ.'

### સૂર્યકુમાર વિશે થોડું જાણીએ...

સૂર્યકુમાર અશોક યાદવ ૩૫ વર્ષનો છે. તેનો જન્મ સપ્ટેમ્બર ૧૯૯૦માં મુંબઈમાં થયો હતો. રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન સૂર્યકુમાર ભારતની ટી-૨૦ ટીમનો કૅપ્ટન છે. તેના સુકાનમાં ટીમ ઇન્ડિયા ઘણી સિરીઝ જીતી રહી છે, પણ હાલમાં તે બૅટિંગમાં સારા ફૉર્મમાં નથી. ભારત વતી તે ૯૯ ટી-૨૦, ૩૭ વન-ડે અને એક ટેસ્ટ રમ્યો છે. તેણે કુલ ચાર સેન્ચુરી અને પચીસ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩,૫૦૦થી વધુ રન કર્યા છે. આઇપીએલમાં તે કોલકાતા નાઇટ રાઇડર્સ વતી રમી ચૂક્યો છે અને ઘણાં વર્ષોથી મુંબઈ ઇન્ડિયન્સની ટીમમાં છે. સૂર્યકુમારે જુલાઈ, ૨૦૧૬માં ડાન્સર અને ડાન્સિંગની કોચ દેવિશા શેટ્ટી સાથે લગ્ન કર્યાં હતાં.

### ખુશીનું બૅકગ્રાઉન્ડ શું છે? તેણે કોના પર આરોપ મૂકેલો?

ખુશી મુખર્જી ૨૯ વર્ષની છે. ૧૯૯૬માં કોલકાતામાં તેનો જન્મ થયો હતો. ૨૦૧૩માં તેણે તમિળ ફિલ્મ 'અંજલ થુરાઇ'ના અભિનય સાથે ફિલ્મ કારકિર્દી શરૂ કરી હતી. તમિળ તથા તેલુગુ ફિલ્મોમાં અભિનય આપવા ઉપરાંત તેણે હિન્દી ફિલ્મ 'શૃંગાર'માં પણ ભૂમિકા ભજવી હતી. એમટીવીના એક રિયલિટી શૉ સાથે તે વધુ ફેમસ થઈ હતી અને ટીવી પર 'બાલવીર રિટર્ન્સ'માં જ્વાલા પરીના પાત્રમાં તથા 'કહત હનુમાન જય શ્રી રામ' જેવા શૉમાં પણ જોવા મળી હતી. વેબ સિરીઝમાં ભૂમિકાઓ ભજવવા બદલ પણ તે ચર્ચામાં રહી છે. ૨૦૧૫માં ખુશીએ ભોપાલની એક હોટેલના સગીર વયના કર્મચારી પર આરોપ મૂક્યો હતો તે હોટેલની રૂમમાં સૂઈ ગઈ હતી ત્યારે આ કર્મચારીએ તેની સાથે છેડછાડ કરી હતી. એક ન્યૂઝ ચૅનલના લાઇવ શૉમાં ખુશીએ એ આરોપીને થપ્પડ મારી ત્યારે એ મામલો ખૂબ ચગ્યો હતો. જોકે હોટેલના મૅનેજમેન્ટે ખુશીના આરોપને ખોટા ગણાવતાં જણાવ્યું હતું કે ખુશી નશાની હાલતમાં હતી અને કર્મચારી તેને તેના રૂમમાં પલંગ સુધી પહોંચાડવા માટે જ તેના રૂમમાં ગયો હતો.'

# ભારત અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં અમેરિકા સામે મહામહેનતે જીત્યું

## વલસાડના હેનિલ પટેલને પાંચ વિકેટ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર

બુલવૅયોઃ ભારતે ગુરુવારે અમેરિકાને અન્ડર-૧૯ વર્લ્ડ કપની પ્રારંભિક મૅચમાં છ વિકેટે હરાવી દીધું હતું. વરસાદ અને નબળા પ્રકાશને લીધે વિઘ્નો આવ્યા બાદ ભારતને ૫૦ ઓવરમાં ૧૦૮ રન કરવાને બદલે ૩૭ ઓવરમાં ૯૬ રન બનાવવાનો નવો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો જે ભારતીય ટીમે ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી (બે રન) સહિતના કેટલાક ટૅલન્ટેડ બૅટ્સમેનની વિકેટ ગુમાવ્યા બાદ મહામહેનતે મેળવ્યો હતો. અમેરિકાની પાંચ વિકેટ લેનાર વલસાડના હેનિલ પટેલને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

ક્રિકેટના નવાસવા દેશ અમેરિકાની ટીમમાં તમામ ભારતીય મૂળના ખેલાડીઓ હતા. તેમની સામે ભારત ભારે સંઘર્ષ બાદ જીત્યું એ જોતાં ભારતીય ટીમના મૅનેજમેન્ટે હવે પછીની મૅચો માટે નવેસરથી વ્યૂહરચના વિચારવી પડશે. ભારતની હવે પછીની લીગ મૅચ બાંગ્લાદેશ સામે અને ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડ સામે રમાશે.



હેનિલ પટેલ



અભિજ્ઞાન કુન્ડુ અને કનિષ્ક ચૌહાણ

### કુન્ડુ બન્યો તારણહાર

આયુષ મ્હાત્રેના સુકાનમાં ભારતીય ટીમે ૧૭.૨ ઓવરમાં ચાર વિકેટે ૯૯ રન બનાવીને જીત હાંસલ કરી હતી, પરંતુ એક તબક્કે માત્ર પચીસ રનમાં ત્રણ વિકેટ અને ૭૦મા રને ચોથી વિકેટ ગુમાવતાં ભારતીય ટીમની છાવણીમાં ચિંતા ફરી વળી હતી. જોકે વિકેટકીપર અભિજ્ઞાન કુન્ડુ (૪૨ અણનમ, ૪૧ બૉલ, ૪૫ મિનિટ, એક સિક્સર, પાંચ ફોર) ટીમ માટે તારણહાર બન્યો હતો. કૅપ્ટન આયુષ મ્હાત્રે (૧૯ રન, ૧૯ બૉલ, ૨૮ મિનિટ, ચાર ફોર) તેમ જ અમદાવાદના વેદાંત ત્રિવેદી (બે રન) તેમ જ વાઇસ-કૅપ્ટન વિહાન મલ્હોત્રા (૧૮ રન, ૧૭ બૉલ, ૩૩ મિનિટ, બે ફોર)ની વિકેટ પણ સસ્તામાં પડી ગઈ હતી.

લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન કુન્ડુએ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન અને ઑલરાઉન્ડર કનિષ્ક ચૌહાણ (૧૦ અણનમ, ૧૪ બૉલ, ૧૫ મિનિટ) સાથે ૨૯ રનની બહુમૂલ્ય અતૂટ ભાગીદારી કરી હતી અને ભારતે ૪/૯૯ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

### ભારતની પચીસ રનમાં ત્રણ વિકેટ પડી

એ પહેલાં, માત્ર ૧૦૮ રનના લક્ષ્યાંક સામે ભારતે વરસાદ અને નબળા પ્રકાશના વિઘ્નો બાદ ઉપરાઉપરી વિકેટો ગુમાવી દીધી હતી. સુપરસ્ટાર બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી ફક્ત ત્રણ બૉલ રમી શક્યો હતો અને ચોથા બૉલ પર ક્લીન બોલ્ડ થયો હતો. ભારતે ૧૨મા રને ૧૪ વર્ષના વૈભવની પ્રથમ વિકેટ ગુમાવી ત્યાર પછી વરસાદ, બૅડ લાઇટ તેમ જ વીજળીના ચમકારા વચ્ચે ઘણી વાર સુધી રમત રોકી દેવામાં આવી હતી. ૧/૨૧ના સ્કોર સાથે રમત ફરી શરૂ થઈ ત્યાર બાદ ૨૧મા રને અને પચીસમા રને વિકેટ પડી હતી. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે ૮.૧ ઓવરમાં ભારતનો સ્કોર ૩/૪૬ હતો.

એ પહેલાં, અમેરિકાને ૧૦૭ રનમાં ઑલઆઉટ કરાવવામાં વલસાડના પેસ બોલર હેનિલ પટેલનું સૌથી મોટું યોગદાન હતું. તેણે ૧૬ રનમાં પાંચ વિકેટ લીધી હતી.

હેનિલ સિવાયના અન્ય ચાર બોલરને એક-એક વિકેટ મળી હતી જેમાં મોડાસાના ખિલન પટેલ તેમ જ દીપેશ દેવેન્દ્રન, આર. એસ. અંબરિશ અને વૈભવ સૂર્યવંશીનો સમાવેશ હતો. અમેરિકાની ટીમમાં સૌથી વધુ રન નીતીશ સુદિનીના હતા. તેણે ૩૬ રન કર્યા હતા અને તેની વિકેટ સૂર્યવંશીએ મેળવી હતી. અદનિત ઝામ્બે ૧૮ રન તેમ જ સાહિલ ગર્ગ અને વિકેટકીપર અર્જુન મહેશે ૧૬-૧૬ રન બનાવ્યા હતા. અમેરિકાની ટીમના બે બૅટ્સમૅનના ઝીરો હતા અને બાકીના બૅટ્સમેનના રન સિંગલ ડિજિટમાં હતા.

# બાંગ્લાદેશ ક્રિકેટમાં બળવોઃ ક્રિકેટરોએ શા માટે પોતાની જ ટી-૨૦ લીગનો બહિષ્કાર કર્યો?

ઢાકાઃ આવતા મહિને મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો રમવા વિશે અસલામતીના ડરથી બાંગ્લાદેશના ક્રિકેટરો ભારતમાં આવતા ડરી રહ્યા છે અને એને પગલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના સંબંધો ભારત સાથે તેમ જ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) સાથે બગડ્યા છે એવામાં ખુદ બાંગ્લાદેશમાં ક્રિકેટરોએ બળવો પોકાર્યો છે. તેમણે પોતાના જ ક્રિકેટ બોર્ડ પર નિશાન તાક્યું છે. ક્રોધિત ક્રિકેટરોએ પોતાના જ દેશની બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)નો બૉયકૉટ કર્યો છે. એટલું જ નહીં, ખેલાડીઓએ તમામ પ્રકારની ક્રિકેટને લગતી પ્રવૃત્તિઓ બંધ કરી દેવાની ધમકી પણ આપી છે. ૨૬મી ડિસેમ્બરે શરૂ થઈ ગયેલી બીપીએલની ગુરુવારની પહેલી મૅચ સમયસર શરૂ નહોતી થઈ શકી.

બાંગ્લાદેશના ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન તમીમ ઇકબાલને ભારતનો એજન્ટ કહેનાર બીસીબીના ડિરેક્ટર એમ. નજમુલ ઇસ્લામે એક ગંભીર અને અપમાનજનક ટિપ્પણી કરી જેનાથી બાંગ્લાદેશના ક્રિકેટરો ગુસ્સે થયા છે અને તેમણે બીસીબી સમક્ષ નજમુલનું રાજીનામું માગ્યું છે. ભારત સાથે તકરાર પર ઊતરેલા નજમુલને ખુદ એના જ ક્રિકેટ બૉર્ડે કારણદર્શક નોટિસ મોકલી છે જેના પર ૪૮ કલાકમાં જવાબ આપવાનું તેમને કહેવામાં આવ્યું છે. બીસીબી ખેલાડીઓની પડખે ઊભા રહેવા મક્કમ છે.

### નજમુલે કરી અપમાનજનક ટિપ્પણી

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના ડિરેક્ટર એમ. નજમુલ ઇસ્લામે બુધવારે એવી કમેન્ટ કરી હતી કે ' જો બાંગ્લાદેશ આવતા મહિને ભારત-શ્રીલંકામાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં ન રમવાનો નિર્ણય લેશે તો બાંગ્લાદેશના ખેલાડીઓને કોઈ પણ વળતર મળવું જ ન જોઈએ (તેઓ એ વળતરને લાયક જ નથી), કારણકે તેમણે ક્રિકેટ બોર્ડને આ અભિગમ બદલ પૂરતું સમર્થન આપ્યું જ નથી. ઊલટાનું, બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડે ખેલાડીઓ પાસેથી રિફન્ડ માગવું જોઈએ, કારણકે આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટોમાં તેમનો પર્ફોર્મન્સ નબળો રહ્યો છે. આઇસીસી ઇવેન્ટ નથી જીતી શક્યા.'

### કમિટીમાંથી નજમુલની હકાલપટ્ટી

બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડે નજમુલ ઇસ્લામને બીસીબીની નાણાકીય સમિતિના અધ્યક્ષસ્થાનેથી હટાવી દેવામાં આવ્યા છે. આ નિર્ણય ખેલાડીઓના સંગઠને નજમુલને ડિરેક્ટરપદેથી નહીં હટાવાય ત્યાં સુધી દેશમાં ક્રિકેટની તમામ પ્રકારની પ્રવૃત્તિઓથી દૂર રહેવા આપેલી ધમકીને પગલે લેવામાં આવ્યો હતો.

# નીતીશ રેડ્ડીનું સિલેક્શન સતતપણે ચર્ચાસ્પદ રહ્યું છે



નવી દિલ્હીઃ પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડી હાલમાં ટૉક ઑફ ધ ટાઉન છે, કારણકે ટીમમાં તેના સિલેક્શન તેમ જ બાદબાકી વિશે સમયાંતરે ચર્ચા થતી જ રહેતી હોય છે અને ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝ અડધી પૂરી થવા આવી એમ છતાં હજી પણ ટીમમાં તેના સમાવેશના મુદ્દે સામસામી પ્રતિક્રિયાઓ મીડિયામાં વાઇરલ થતી રહી છે. સુબ્રમણ્યમ બદરીનાથ અને કે. શ્રીકાંતે નીતીશ રેડ્ડીને ટીમમાં લેવાના નિર્ણયની ટીકા કરી છે.

અજિત આગરકરના અધ્યક્ષસ્થાનવાળી સિલેક્શન કમિટીના કેટલાક નિર્ણયો ચર્ચાસ્પદ રહ્યા છે. શુભમન ગિલને ટેસ્ટ ઉપરાંત વન-ડેનો પણ સુકાની બનાવવામાં આવ્યો તેમ જ અમુક ખેલાડીઓને આડકતરી રીતે જરૂર કરતાં વધુ પીઠબળ આપવાના મુદ્દે આ સમિતિની ટીકા થઈ છે. ખુદ આગરકર વિદેશી ટૂર દરમ્યાન મૅચ પહેલાં મેદાન પર જોવા મળ્યો એ મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે.

### આગરકરે લેવડાવ્યો, ગંભીરે બાકાત રખાવ્યો?

કહેવાય છે કે નીતીશ રેડ્ડીને આગરકરની સમિતિએ સ્ક્વૉડમાં લેવડાવ્યો, પણ હેડ-કોચ ગૌતમ ગંભીર તેને પ્લેઇંગ-ઇલેવનમાં નહોતો લેવા દેતો. આ અફવા હોઈ શકે, પણ ચીફ સિલેક્ટર અને હેડ-કોચ પર સમયાંતરે જે તીર છોડવામાં આવ્યા એમાં આ પણ એક નિશાન હોઈ શકે. બુધવારે નીતીશને ઈજાગ્રસ્ત વૉશિંગ્ટન સુંદરના સ્થાને કિવીઓ સામેની બીજી વન-ડેમાં રમવાનો મોકો અપાયો હતો અને તેણે ૨૧ બૉલમાં ૨૦ રન કર્યા હતા.

હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં નીતીશ રેડ્ડીને ભારતની છેલ્લી ત્રણ સિરીઝ માટેની સ્ક્વૉડમાં સામેલ કરવામાં આવ્યો છે, પરંતુ તેને ભાગ્યે જ રમવા મળ્યું છે. કોઈ પણ ખેલાડીને પ્લેઇંગ-ઇલેવનમાં સામેલ કરવાનું કામ ટીમ-મૅનેજમેન્ટનું હોય છે અને એ મૅનેજમેન્ટમાં કૅપ્ટન, હેડ-કોચ તથા ટીમના વરિષ્ઠ ખેલાડીઓનો સમાવેશ હોય છે.

### બદરીનાથ છે ગાયકવાડની તરફેણમાં

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુબ્રમણ્યમ બદરીનાથે ઋતુરાજ ગાયકવાડને બદલે નીતીશ રેડ્ડીને ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે ટીમમાં સમાવવાના નિર્ણયને વખોડ્યો છે. બદરીનાથે એક મુલાકાતમાં કહ્યું છે, 'ટીમમાં ઑલરાઉન્ડર તરીકે રવીન્દ્ર જાડેજા છે જ. નીતીશને બદલે ઋતુરાજ ગાયકવાડને લેવો જોઈતો હતો.'

ગાયકવાડ પાછલી વન-ડે સિરીઝની બીજી મૅચમાં ૧૦૫ રનની શાનદાર ઇનિંગ્સ રમ્યો હતો. તેણે વિજય હઝારે ટ્રોફીમાં ઉત્તરાખંડ વિરુદ્ધ સેન્ચુરી (૧૨૪ રન) પણ ફટકારી હતી.

### નીતીશ ઑલરાઉન્ડર કહેવાય જ નહીંઃ શ્રીકાંત

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કે. શ્રીકાંતે ત્યાં સુધી કહ્યું છે કે 'નીતીશ રેડ્ડીને ઑલરાઉન્ડર ગણાવો છો એ જ ખોટું છે. તે કઈ રીતે ઑલરાઉન્ડર કહેવાય એ કોઈ મને કહેશે? મને તો ડર છે કે આગળ જતાં તેને બોલિંગ અપાશે તો હરીફ ટીમના બૅટ્સમેનો ચારેય દિશામાં બૉલને બાઉન્ડરી લાઇનની બહાર મોકલશે. નીતીશને ઑલરાઉન્ડર તરીકે ટીમમાં સમાવવા પાછળનું તથ્ય શું છે એ જ મને નથી સમજાતું. શા માટે નીતીશને હાર્દિક પંડ્યાનો વિકલ્પ ગણાવો છો? હાર્દિક તો બૅટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગ ત્રણેયમાં ખૂબ ઉપયોગી હોય છે. શું નીતીશને પ્લેઇંગ-ઇલેવનમાં સ્પેશ્યાલિસ્ટ બોલર તરીકે ફિટ કરી શકાય? તે એક મૅચમાં સતતપણે પાંચથી છ ઓવર બોલિંગ કરી નહીં શકે. ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ તેનો રેકૉર્ડ સારો નથી. તેને બદલે અક્ષર પટેલને ઑલરાઉન્ડર તરીકે લઈ શકાય.'

# રાજકોટમાં ડેરિલ મિચલે કુલદીપ-જાડેજા સામે કેવી રીતે સફળતા મેળવી, જાણી લો...

રાજકોટઃ બુધવારે અહીં નિરંજન શાહ સ્ટેડિયમમાં ભારત સામે વન-ડે શ્રેણીની બીજી મૅચમાં વન-ડે કરીઅરની આઠમી સેન્ચુરી સાથે ન્યૂ ઝીલૅન્ડને શાનથી વિજય અપાવનાર ડેરિલ મિચલ (૧૩૧ અણનમ, ૧૧૭ બૉલ, ૧૫૩ મિનિટ, બે સિક્સર, અગિયાર ફોર) મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા અને નીતીશકુમાર રેડ્ડી સામે તો સફળતા મેળવી જ હતી, તેણે ખાસ કરીને ટોચના બે સ્પિનર કુલદીપ યાદવ તથા રવીન્દ્ર જાડેજા સામે સારું રમીને પોતાની ઇનિંગ્સને ચાર ચાંદ લગાવી દીધા હતા.

ભારતના ૭/૨૮૪ના જવાબમાં ન્યૂ ઝીલૅન્ડે ૪૭.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૨૮૬ રન કરીને વિજય મેળવ્યો અને ત્રણ મૅચની શ્રેણી ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી. કે. એલ. રાહુલ (૧૧૨ અણનમ, ૯૨ બૉલ, ૧૨૧ મિનિટ, એક સિક્સર, અગિયાર ફોર)ની આઠમી સેન્ચુરી એળે ગઈ હતી.

મૅન ઑફ ધ મૅચ ડેરિલ મિચલની કુલદીપ (૧૦-૦-૮૨-૧) અને જાડેજા (૮-૦-૪૪-૦) સામેની સફળતાને ભૂતપૂર્વ કિવી ખેલાડી સાયમન ડુલે ખૂબ બિરદાવી હતી. બીજી તરફ, સુનીલ ગાવસકરે કહ્યું હતું કે હવે રવિવારની છેલ્લી મૅચમાં વધુ માનસિક દબાણ ભારતીયો પર જોવા મળી શકે.

સાયમન ડુલે જણાવ્યું હતું કે 'મિચલ ભારત સામે અગાઉ પણ સારું રમ્યો હતો. તેણે ફૂટવર્કના સારા ઉપયોગથી રિવર્સ સ્વીપમાં ઘણા રન બનાવ્યા હતા. કુલદીપ સામે શરૂઆતથી જ આગળ આવીને ફટકાબાજી કરીને મિચલે તેને પ્રેશરમાં લાવી દીધો હતો. ત્યારથી જ કુલદીપ લેન્ગ્થ થોડી ગુમાવી બેઠો હતો. આવું ભાગ્યે જ જોવા મળતું હોય છે. જાડેજા સામે પણ મિચલ સારું રમ્યો. તેની સામે આગળ આવીને સમજદારીપૂર્વકના ઊંચા શૉટ માર્યા હતા, આક્રમક વલણ જાળવી રાખ્યું હતું અને બૉલને મેદાનની બન્ને બાજુએ મોકલ્યા હતા. રિવર્સ-સ્વીપ, બૅક-ફૂટ શૉટ સહિત તમામ પ્રકારની કરામત મિચલે અજમાવી હતી.'

# અકરમે પાકિસ્તાનના 'મિસ્ટરી સ્પિનર' પરથી પડદો હટાવ્યો

## ઉસ્માન તારીક ભારતને કેમ ભારે પડી શકે?

લાહોરઃ આગામી ફેબ્રુઆરીમાં ભારત અને શ્રીલંકામાં રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઇન્ડિયા ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે રમશે એ પાકિસ્તાન માટે ઇર્ષ્યાનું કારણ છે જ, ગયા વર્ષના ટી-૨૦ એશિયા કપમાં ટીમ ઇન્ડિયાના હાથે ત્રણ-ત્રણ થપાટ ખાધી એનો આઘાત પણ પાકિસ્તાન હજી ભૂલ્યું નહીં હોય એટલે સ્વાભાવિક છે કે આગામી વિશ્વ કપમાં ભારતને નમાવવા એ કોઈને કોઈ નવા 'શસ્ત્ર' સાથે મેદાન પર ઊતરશે જ અને પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન વસીમ અકરમે અત્યાર સુધી છૂપા રાખવામાં આવેલા એવા એક 'શસ્ત્ર'ની જ વાત કરી છે.

### ઉસ્માન તારીકથી સૌ કોઈ ચેતશે

વસીમ અકરમે સરપ્રાઇઝ વેપન પરથી પડદો ઉઠાવતા કહ્યું છે કે 'અમારો ઉસ્માન તારીક નામનો રાઇટ-આર્મ સ્પિનર વર્લ્ડ કપમાં હરીફ ટીમોને ભારે પડશે. સામાન્ય રીતે હરીફ ટીમોના બૅટ્સમેનોને આવા છૂપા બોલર સામે રમવામાં તકલીફ થતી હોય છે. એક તો તેમને આવા બોલરના બહુ ઓછા વીડિયો ફૂટેજ જોવા મળ્યા હોય છે અને બીજું, આ બોલર સામે રમવાનો તેમને ખાસ કંઈ અનુભવ પણ નથી હોતો.'

સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની પાકિસ્તાન સામેની મૅચ ૧૫મી ફેબ્રુઆરીએ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) કોલંબોમાં રમાશે. વર્લ્ડ કપ ટૂર્નામેન્ટોમાં પાકિસ્તાન સામે ભારતનો હાથ મોટા ભાગે ઉપર રહ્યો છે, પણ ભારતે ઉસ્માન તારીકથી સંભાળવાનું કારણ એ છે કે સ્પિન બોલિંગ સામે રમવામાં ભારતીય બૅટ્સમેનો થોડા દિવસથી નબળા પુરવાર થયા છે.

### તારીકને મેન્ડિસ સાથે સરખાવ્યો

અકરમે સ્પિનર ઉસ્માન તારીકની સરખામણી શ્રીલંકાના ભૂતપૂર્વ 'મિસ્ટરી સ્પિનર' તરીકે ઓળખાતા અને કૅરમ બૉલના સ્પેશ્યાલિસ્ટ અજંથા મેન્ડિસ સાથે કરી છે. અકરમ કહે છે, 'અજંથા મેન્ડિસે ૨૦૦૮માં સૌને સ્તબ્ધ કરી દીધા હતા. તેણે બોલિંગમાં વિવિધતા અજમાવતા રહીને મોટા-મોટા બૅટ્સમેનોને મુસીબતમાં મૂકી દીધા હતા. અમારા તારીકમાં મેન્ડિસ જેવી જ ખાસિયતો છે અને પરિસ્થિતિ માફક આવશે તો તે ઘણી મૅચોમાં વર્ચસ્વ જમાવી શકે એમ છે.'

સ્પિનર ઉસ્માન તારીકની બોલિંગ-સ્ટાઇલ પણ અસાધારણ છે અને તે કેવા પ્રકારનો બૉલ ફેંકશે એ પારખવું બૅટ્સમૅન માટે અઘરું થઈ જાય છે. તે ઝિમ્બાબ્વે સામેની એક મૅચમાં હૅટ-ટ્રિક લઈ ચૂક્યો છે તેમ જ ઘણી ટી-૨૦ લીગ મૅચોમાં કુલ ૪૦ મૅચમાં ૬૫ વિકેટ સાથે ઘણા નિષ્ણાતોને પ્રભાવિત પણ કરી ચૂક્યો છે.

# કેરળમાં બે ટીનેજ મહિલા ઍથ્લીટનાં હોસ્ટેલમાંથી મૃતદેહ મળતાં ખળભળાટ

કોલ્લમ (કેરળ): અહીં ગુરુવારે સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (એસએઆઇ)ની હોસ્ટેલમાં રહેતી બે ટીનેજ મહિલા ઍથ્લીટ તેમની એક રૂમમાં મૃત હાલતમાં મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. બન્ને છોકરી તાલીમાર્થી હતી અને તેઓ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી.

૧૮ વર્ષની સૅન્ડ્રા અને ૧૫ વર્ષની વૈષ્ણવીએ આત્મહત્યા કરી હોવાની પોલીસને શંકા છે. સૅન્ડ્રા ચલિયામ કોઝિકોડની અને વૈષ્ણવી મુથક્કલ તિરુવનંતપુરમની હતી.

પોલીસે જણાવ્યું હતું કે 'સૅન્ડ્રા ઍથ્લીટ હતી. તે પ્લસ-ટૂમાં ટ્રેઇની હતી. વૈષ્ણવી કબડ્ડી ખેલાડી હતી અને ક્લાસ-૧૦ની વિદ્યાર્થિની હતી.'

ગુરુવારે વહેલી સવારે પાંચ વાગ્યે હોસ્ટેલના જ કેટલાક સ્ટુડન્ટ્સે જોયું કે સૅન્ડ્રા અને વૈષ્ણવી સવારના તાલીમના સત્રમાં નથી આવી ત્યારે તપાસ થતાં આખો મામલો બહાર આવ્યો હતો. હોસ્ટેલના સત્તાધીશોએ સૅન્ડ્રા અને વૈષ્ણવી જે રૂમમાં હતી એનો દરવાજો વારંવાર ખટખટાવ્યો હોવા છતાં ન ખૂલ્યો એટલે દરવાજો તોડવામાં આવ્યો હતો અને ત્યારે બન્ને છોકરી પંખા પર લટકતી હાલતમાં મળી આવી હતી.

પોલીસે પત્રકારોને જણાવ્યું હતું કે 'વૈષ્ણવી અલગ રૂમમાં રહેતી હતી, પણ બુધવારની રાત તે સૅન્ડ્રાના રૂમમાં હતી. હોસ્ટેલના કેટલાક સ્ટુડન્ટ્સને છેલ્લે તેઓ બુધવારે મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે જોવા મળી હતી. એસએઆઇ સેન્ટરના ઇન્ચાર્જની ફરિયાદને આધારે પોલીસે એફઆઇઆર નોંધ્યા બાદ આખો મામલો ચર્ચાસ્પદ થયો છે.

પોલીસ તપાસ દરમ્યાન પોસ્ટમૉર્ટમના રિપોર્ટને ધ્યાનમાં લેવા ઉપરાંત બન્ને છોકરીના મોબાઇલ તપાસશે તેમ જ હોસ્ટેલના અન્ય સ્ટુડન્ટ્સનાં પણ નિવેદનો રેકૉર્ડ કરશે.

# વિજય હઝારે ટ્રોફીમાં વિદર્ભ પહોંચ્યું ફાઇનલમાં

બેંગલૂરુઃ વિજય હઝારે વન-ડે ટ્રોફીની પ્રથમ સેમિ ફાઇનલમાં વિદર્ભએ કર્ણાટકને છ વિકેટે હરાવીને રવિવાર, ૧૮મી જાન્યુઆરીની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો જેમાં એનો મુકાબલો સૌરાષ્ટ્ર અને પંજાબ વચ્ચેની શુક્રવારની સેમિ ફાઇનલની વિજેતા ટીમ સામે થશે.

વિદર્ભએ ૨૮૧ રનનો લક્ષ્યાંક ૪૬.૨ ઓવરમાં ૪/૨૮૪ના સ્કોર સાથે મેળવી લીધો હતો અને આસાનીથી ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. અમન મોખાડે (૧૩૮ રન)ની સેન્ચુરી અને રવિકુમાર સમર્થ (૭૬ અણનમ)ની હાફ સેન્ચુરીની મદદથી વિદર્ભની જીત સહેલી બની ગઈ હતી. કર્ણાટકના અભિલાશ શેટ્ટીએ ત્રણ વિકેટ લીધી હતી, પણ વિદર્ભના બૅટ્સમેનોએ તેની મહેનત પર પાણી ફેરવી દીધું હતું.

એ પહેલાં, કર્ણાટકે કરુણ નાયરના ૭૬ રન અને વિકેટકીપર ક્રિશન શ્રીજીથના ૫૪ રનની મદદથી ૨૮૦ રન કર્યા હતા. વિદર્ભના પેસ બોલર દર્શન નાલકન્ડેએ ૪૮ રનમાં પાંચ વિકેટ લઈને તરખાટ મચાવી દીધો હતો. યશ ઠાકુરે ઓપનર દેવદત્ત પડિક્કલ (ચાર રન)ની મહત્ત્વપૂર્ણ વિકેટ લઈને કર્ણાટકને પ્રેશરમાં લાવી દીધું હતું. કરુણ નાયરની વિકેટ નાલકન્ડેએ મેળવી હતી.

# એશિયાઇ બજારોમાં નરમાઈઃ ટ્રમ્પના ઈરાનમાં હત્યાકાંડ અટકાવવાના સંકેત બાદ ક્રૂડમાં ત્રણ ડૉલરનો ઘટાડો

હોંગકોંગઃ ટેકનોલોજી શેરોમાં વેચવાલીના દબાણ વચ્ચે વોલસ્ટ્રીટમાં નરમાઇ રહેતા ગુરુવારે યુએસ ફ્યુચર્સ પણ ઘટ્યા હતા અને મોટાભાગના એશિયન શેરબજારોમાં પીછેહઠ જોવા મળી હતી. આ તરફ, ટ્રમ્પે ઇરાનમાં હત્યાકાંડ અટકી ગયો હોવાના સંકેત બાદ ક્રૂડ ઓઇલમાં લગભગ ત્રણેક ડોલરનો ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમને સત્તાવાર ધોરણે કહેવામાં આવ્યું છે કે ઈરાનમાં બળવાખોરોને ફાંસી આપવાની વિચારણાં હાલ પડતી મૂકાઇ છે. અલબત્ત તેહરાને વિરોધીઓ પર કડક કાર્યવાહીમાં ઝડપી ટ્રાયલ અને ફાંસીની સૂચના આપી છે. આ વિધાનને પગલે યુએસ બેન્ચમાર્ક ક્રૂડ ૨.૭૩ ડોલર અથવા ૪.૫ ટકા ઘટીને ૫૯.૧૩ પ્રતિ બેરલ બોલાયું હતું. આંતરરાષ્ટ્રીય ધોરણે, બ્રેન્ટ ક્રૂડ ૨.૯૪ ડોલર અથવા ૪.૪૦ ટકા ઘટીને ૬૩.૫૮ પ્રતિ બેરલ બોલાયું હતું.

એશિયન ટ્રેડિંગમાં, ટેકનોલોજી સંબંધિત શેરોમાં ઘટાડો થવાને કારણે ટોક્યોનો નિક્કી ૨૨૫ ૦.૯ ટકા ઘટીને ૫૩,૮૬૩.૮૪ પર પહોંચ્યો, જેમાં સોફ્ટબેંક ગ્રુપમાં ૫.૬૦ ટકાનો, ટેસ્ટીંગ ઇક્વિપમેન્ટ મેકર એડવાન્ટેસ્ટમાં ૪.૧૦ ટકા ઘટીને અને ચિપ બનાવતી કંપની ટોક્યો ઇલેક્ટ્રોનમાં ૩.૩૦ ટકાનો કડાકો નોંધાયો હતો. ઓટોમેકર ટોયોટા મોટરે કંપની માટે તેની બાયઆઉટ ઓફર વધારીને ૧૮,૮૦૦ યેન (૧૧૮.૬૧) પ્રતિ શેર કરી હોવાના અહેવાલો બાદ મશીનરી અને સાધનો બનાવતી કંપની ટોયોટા ઇન્ડસ્ટ્રીઝના શેર છ ટકા વધ્યા હતા.

હોંગકોંગનો હેંગસેંગ ૦.૬૦ ટકા ઘટીને ૨૬,૮૫૦.૭૮ પર પહોંચી ગયો હતો. બીજિંગે જૂથમાં એન્ટિટ્રસ્ટ તપાસ શરૂ કરી હોવાનું કહેતા હોંગકોંગમાં લિસ્ટેડ ચાઇનીઝ ઓનલાઈન ટ્રાવેલ પ્લેટફોર્મ ટ્રીપ ડોટ કો ના શેરમાં ૨૦ ટકાથી વધુ કડાકો હતો. શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૬ ટકા ઘટીને ૪,૧૦૧.૫૨ પર પહોંચી ગયો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ૦.૫૦ ટકા વધીને ૪,૭૪૭.૮૫ પર પહોંચી ગયો હતો, જ્યારે ઓસ્ટ્રેલિયામાં, એસએન્ડપી, એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૩૦ ટકા વધીને ૮,૮૫૧.૦૦ પર પહોંચ્યો હતો. તાઇવાનનો તાઇએક્સ ૦.૬ ટકા ગબડ્યો હતો. તાઇવાનની અગ્રણી ચિપ નિર્માતા ટીએસએમસી ગુરુવારે તેની કમાણીની જાહેરાતોમાં મજબૂત ત્રિમાસિક નફો નોંધાવે તેવી અપેક્ષા છે.

એસએન્ડપી ૫૦૦ અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ફ્યુચર્સ ૦.૧ ટકા ગબડ્યા હતા. બુધવારે, સતત બીજા ઘટાડામાં એસએન્ડપી ૫૦૦ ૦.૫ ટકા ઘટીને ૬,૯૨૬.૬૦ પર પહોંચ્યો હતો. ડાઉ જોન્સ ૦.૧ ટકા ઘટીને ૪૯,૧૪૯.૬૩ પર પહોંચ્યો. નેસ્ડેક કમ્પોઝિટ એક ટકા ઘટીને ૨૩,૪૭૧.૭૫ પર પહોંચ્યો હતો. આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સના ટેગવાળા શેરો ઓવરવેલ્યૂડ હોવાના અહેવાલો વહેતા થયા બાદ રોકાણકારો એઆઇના ઉન્માદથી પાછા ફર્યા હતા. એનવિડિયાના શેરમાં ૧.૪૦ ટકાનો અને ચિપ નિર્માતા બ્રોડકોમમાં ૪.૨ ટકાનો કડાકો હતો. ઘણી બેંકોના શેર પણ ઘટ્યા હતા. વેલ્સ ફાર્ગોએ અપેક્ષા કરતા નબળા ત્રિમાસિક નફા અને આવકના અહેવાલ આપ્યા પછી તેના શેરમાં ૪.૬ ટકાનો કડાકો જોવા મળયો હતો.

બેંક ઓફ અમેરિકામાં ૩.૮ ટકાનો અને સિટીગ્રુપ ૩.૩૦ ટકાનો કડાકો હતો. એસએન્ડપી ૫૦૦ને ભારે નુકસાનથી બચાવનારાઓમાં એક્સોન મોબિલ અને અન્ય ઓઇલ કંપનીઓનો સમાવેશ થાય છે. એક્સોન મોબિલ ૨.૯ ટકા વધ્યો અને શેવરોન ૨.૧ ટકા ઊછળ્યો હતો. ભૂરાજકીય અનિશ્ચતતાઓ ઉંચી રહેવાને કારણે રોકાણકારોએ સલામત, આશ્રયસ્થાન સંપત્તિ તરફ વળ્યા હતા. બોન્ડ માર્કેટમાં, યુ.એસ. ૧૦-વર્ષના ટ્રેઝરી પર ઉપજ ૪.૧૪ ટકા બોલાઇ રહી હતી, જે મંગળવારના અંતમાં ૪.૧૮ ટકાના સ્તરે હતી, કારણ કે રોકાણકારો સુરક્ષિત માનવામાં આવતા રોકાણો તરફ વળી રહ્યાં છે. ઉપજ ઘટતા બોન્ડના ભાવ વધે છે. ગુરુવારની શરૂઆતમાં અન્ય વ્યવહારોમાં ડોલર ૧૫૮.૪૬ યેનથી વધીને ૧૫૮.૬૩ જાપાનીઝ યેન બોલાયો હતો. જ્યારે યુરો ૧.૧૬૪૫થી ઘટીને ૧.૧૬૩૬ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

# સલામતી માટેની માગ નબળી પડતાં વૈશ્વિક ચાંદી ત્રણ ટકા તૂટીને ૯૦ ડૉલરની અંદર, સોનામાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સામેની લશ્કરી કાર્યવાહી હાલ પૂરતી અટકાવવા કરેલી ભલામણ અને વૉશિંગ્ટને મહત્ત્વના ખનીજો પરની ટૅરિફ મુલતવી રાખી હોવાના નિર્દેશો સાથે કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ નબળી પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવમાં ત્રણ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો અને સોનાના ભાવમાં પણ ૦.૪ ટકા જેટલી પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં સ્થાનિક નગરપાલિકાની ચૂંટણી હોવાથી ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એક્સચેન્જ બંધ હોવાથી સત્તાવાર ધોરણે સ્થાનિક ભાવની જાહેરાત નહોતી થઈ.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૦૨.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સોનાના ભાવ વધીને ૪૬૪૨.૭૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ સોનાના ફેબ્રુઆરી ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૦૭.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૯૩.૫૭ ડૉલરની નવી ટોચે પહોંચ્યા બાદ પીછેહઠ જોવા મળી હતી અને ગઈકાલના બંધ સામે ત્રણ ટકા ઘટીને ઔંસદીઠ ૮૯.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ટ્રમ્પે ઈરાન પર હુમલો અટકાવવાના અને મહત્ત્વના ખનીજ અથવા તો રેર અર્થ મિનરલ્સ પરની ટૅરિફ લાદવાનું મુલતવી રાખતા તણાવની સ્થિતિ હળવી થતાં સોના અને ચાંદીના ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઓલે હાન્સને જણાવ્યું હતું.

ગઈકાલે ટ્રમ્પે જણાવ્યું હતું હાલમાં લિથિયમ સહિતનાં રેર અર્થ મિનરલ પર ટૅરિફ ન લાદવાનો વિકલ્પ પસંદ કર્યો છે અને વહીવટીતંત્રને વેપારી ભાગીદાર દેશો પાસેથી પુરવઠો મેળવવા આદેશ આપ્યો છે. વધુમાં તેમણે વ્હાઈટ હાઉસમાં જણાવ્યું હતું કે ઈરાનમાં પ્રદર્શનકારીઓને મારી નાખવાનું ઓછું થયું હોવાથી ઈરાન પરના હુમલા માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

આમ એકંદરે જોખમી પરિબળો ઓછા થતાં સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં માગ થોડી નબળી પડી હતી. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૭-૨૮ જાન્યુઆરીની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ છતાં વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત ૨૫ બૅસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ સેવાઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ચાઈનીઝ આયાત સામે મૂકેલાં નિયંત્રણો યથાવત્ રાખવા સીમલેસ ટ્યૂબ ઉત્પાદકોનો સરકારને અનુરોધ

નવી દિલ્હીઃ ઈન્ડિયન સીમલેસ ટ્યુબ ઍન્ડ પાઈપ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝે આજે સરકારને અનુરોધ કર્યો હતો કે ચીની કંપનીઓ અને પાવર ક્ષેત્રના પ્રોજેક્ટમાં વપરાતા ચાઈનીઝ ઈક્વિપમેન્ટની આયાત પર મૂકવામાં આવેલાં નિયંત્રણો યથાવત્ રાખવામાં આવે.

તાજેતરમાં સીમલેસ ટ્યુબ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (એસટીએમએઆઈ)એ સ્ટીલ મંત્રાલયને લખેલા એક પત્રમાં જણાવ્યું હતું કે ચીની કંપનીઓની સહભાગીતા પર મૂકવામાં આવેલાં નિયંત્રણો હળવા કરવાના પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવશે તો સ્થાનિકમાં ઉત્પાદન જોખમાશે, બૅન્કિંગ ક્ષેત્ર પર દબાણ આવશે અને મોટી માત્રામાં બેરોજગારી સર્જાશે.

નોંધનીય બાબત એ છે કે સ્ટીલ ટ્યુબ અને પાઈપ ઉદ્યોગ થર્મલ પાવર પ્રોજેક્ટની કરોડરજ્જુ છે. ખાસ કરીને બોઈલર ટ્યુબ્સ, હાઈ પ્રેશર, હાઈ ટેમ્પરેચર સીમલેસ ટ્યુબ્સ અને એલોય તથા કાર્બન સ્ટીલ પાઈપ્સનો પુરવઠો પ્લાન્ટ સિસ્ટમના બેલેન્સ માટે પૂરો પાડવામાં આવે છે. તાજેતરમાં એવા અહેવાલો પ્રસિદ્ધ થયા હતા કે સરકાર ચીની કંપનીઓ અને પાવર ક્ષેત્રના પ્રોજેક્ટમાં વપરાતા ચાઈનીઝ ઈક્વિપમેન્ટની આયાત પર મૂકવામાં આવેલાં નિયંત્રણો હળવા કરવા વિચારણા કરી છે. આથી અમે સરકારને ઉક્ત આવેદનપત્ર આપ્યું હોવાનું એસોસિયેશને જણાવ્યું હતું. જો ચાઈનીઝ કમ્પોનન્ટ્સ અને સિસ્ટમને મંજૂરી આપવામાં આવશે તો ટ્યુબ અને પાઈપ્સનું અકલ્પનીય ડમ્પિંગ થશે અને સ્થાનિક ઉત્પાદનોના એકમોની ક્ષમતા વણવપરાયેલી રહેતાં શટ ડાઉનની ભીતિ તોળાશે. તેમ જ આવા નીતિવિષયક બદલાવની સીધી અસર ઉત્પાદકોએ ક્ષમતા વિસ્તરણ માટે લીધેલી સર્વિસ ટર્મલોન પર પડતાં જાહેર અને ખાનગી ક્ષેત્રની બૅન્કોની એનપીએ (નોન પર્ફોર્મિંગ એસેટ્સ)માં વધારો કરશે અને સ્ટીલ ટ્યુબ એકમો સાથે સંકળાયેલા એમએસએમઈ અને પુરવઠાકારો દબાણ હેઠળ આવશે.

# રૂ મોસમનો અંદાજ ૩૧૭ લાખ ગાંસડી

મુંબઈઃ મહારાષ્ટ્ર, તેલંગણા અને કર્ણાટકમાં ઉત્પાદન વધવાની શક્યતાને ધ્યાનમાં લેતા કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ વર્તમાન મોસમ માટેના ઉત્પાદનનો અંદાજ અગાઉના અંદાજની સરખામણીમાં ૭.૫૦ લાખ ગાંસડી વધારીને ૩૧૭ લાખ ગાંસડીનો મૂક્યો છે.

એસોસિયેશને સુધારીત અંદાજમાં દેશના રૂના મુખ્ય ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્ર, તેલંગણા, કર્ણાટક અને તમિળનાડુના ઉત્પાદનના અંદાજમાં અનુક્રમે ૩ લાખ ગાંસડી, ૪.૫૦ લાખ ગાંસડી, એક લાખ ગાંસડી ૫૦,૦૦૦ ગાંસડીનો વધારો કર્યો છે, જ્યારે મધ્ય પ્રદેશ અને ઓરિસ્સાના ઉત્પાદનના અંદાજમાં અનુક્રમે એક લાખ ગાંસડી અને ૫૦,૦૦૦ ગાંસડીનો ઘટાડો કર્યો છે. વર્તમાન રૂ મોસમ માટેના ઉત્પાદનનો અંદાજ આગલી મોસમની ૩૧૨.૪૦ લાખ ગાંસડી સામે ૩૧૭ લાખ ગાંસડીનો મૂકવાની સાથે ૬૦.૫૯ લાખ ગાંસડી ખૂલતી મોસમની પુરાંત અને ૫૦ લાખ ગાંસડીની આયાતના અંદાજ સાથે કુલ પુરવઠો આગલી મોસમની ૩૯૨.૫૯ લાખ ગાંસડી સામે વધીને ૪૨૭.૫૯ લાખ ગાંસડી રહેવાની ધારણા મૂકી છે.

વધુમાં વર્તમાન મોસમમાં અંદાજીત કુલ ૪૨૭.૫૯ લાખ ગાંસડીના પુરવઠા સામે નોન એમએસએમઈ વપરાશ ૨૧૬ લાખ ગાંસડી, એમએસએમઈ વપરાશ ૭૩ લાખ ગાંસડી અને ટેક્સ્ટાઈલ સિવાયના વપરાશનો અંદાજ ૧૬ લાખ ગાંસડી મૂકતા કુલ સ્થાનિક વપરાશી માગનો અંદાજ ૩૦૫ લાખ ગાંસડીનો મૂકતા શેષ ૧૨૨.૫૯ લાખ ગાંસડી રહેતાં ૧૫ લાખ ગાંસડીની નિકાસ થતાં મોસમના અંતે ૧૦૭.૫૯ લાખ ગાંસડીનો સ્ટોક રહેવાનો અંદાજ મૂક્યો છે.

# સ્પર્ધાત્મકતા વધારવા કાર્યશાળાનું આયોજન

નવી દિલ્હીઃ કેમિકલ નિકાસકારોના સંગઠન કેમેક્સિલે તાજેતરમાં સ્પર્ધાત્મકતા વધારવા અને નિયમનકારી પાલનોની સુનિશ્ચિતતા માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કર્યું હતું.

બેઝિક કેમિકલ્સ, કોસ્મેટિક્સ ઍન્ડ ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (કેમેક્સિલ)ના ચેરમેન સતીષ વાઘે જણાવ્યું હતું કે આ કાર્યશાળાનો હેતુ કેમિકલની નિકાસયંત્રણા સ્પષ્ટ, પારદર્શક અને વૈશ્વિક સ્પર્ધાત્મક બનાવવાની સાથે ક્ષમતા સઘન કરવાનો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં એક્સપોર્ટ પ્રમોશન મિશન હેઠળ જાહેર કરવામાં આવેલા પગલાંમાં ખાસ કરીને એમએસએમઈ નિકાસકારોને પોસાણક્ષમ દરથી ધિરાણ મળતાં તેઓના એક્સેસમાં સુધારો થશે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બર મહિનામાં દેશની કેમિકલની નિકાસમાં વર્ષાનુવર્ષ ધોરણે ૧૮.૪૯ ટકાનો વધારો થયો હતો જે વૈશ્વિક પડકારો સામે પણ ક્ષેત્ર મક્કમ કામગીરી દર્શાવી રહ્યો હોવાનો નિર્દેશ આપે છે, એમ વાઘે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ કાર્યશાળાનું આયોજન ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ, ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના ટેકા સાથે થયું હતું. તેમ જ તેમાં નિકાસકારો, ઉદ્યોગના હિસ્સેધારકો અને સરકારી વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા. વાણિજ્ય મંત્રાલયના સચિવ બ્રિજમોહન મિશ્રાએ જણાવ્યું હતું કે હવે સ્પર્ધાત્મકતા માત્ર ભાવના મુદ્દે જ નથી હોતી, પરંતુ વિશ્વસનીયતા, પારદર્શકતા, પુરવઠાની સાતત્યતા વગેરેની પણ હોય છે.

## દેશ-વિદેશ

# ઇયુના ટોચના નેતાઓ ૨૬ જાન્યુઆરીએ આવે છેઃ ફ્રી ટ્રેડ કરાર થવાની શક્યતા

નવી દિલ્હીઃ ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં યુરોપિયન યુનિયનના ટોચના નેતાઓ એન્ટોનિયો કોસ્ટા અને ઉર્સુલા વોન ડેર લેયન હાજરી આપશે અને વોશિંગ્ટનની વેપાર અને ટેરિફ નીતિઓ અંગે વધતી ચિંતાઓ વચ્ચે બંને પક્ષ ૨૭ જાન્યુઆરીએ બહુપ્રતિક્ષિત ફ્રી ટ્રેડ કરાર પર મહોર મારવા માટે તૈયાર છે.

યુરોપિયન યુનિયન (ઇયુ) અને ભારત ૨૫ જાન્યુઆરીથી શરૂ થનારી કોસ્ટા અને વોન ડેર લેયનની નવી દિલ્હીની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન વ્યાપક વૈશ્વિક એજન્ડા બનાવવા પર વિચાર કરે તેવી અપેક્ષા છે.

યુરોપિયન યુનિયન ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં માલસામાનમાં દ્વિપક્ષીય વેપાર ૧૩૫ અબજ ડોલરનો રેકોર્ડ છે. ફ્રી ટ્રેડ કરારથી વ્યાપારિક સંબંધોમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે.

વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ, એન્ટોનિયો લુઈસ સાન્તોસ દા કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો તરીકે ૨૫-૨૭ જાન્યુઆરી દરમિયાન ભારતની રાષ્ટ્રીય મુલાકાતે આવશે.

તેમાં કહેવામાં આવ્યું છે કે નેતાઓ ૨૭ જાન્યુઆરીએ ૧૬મા ભારત-ઇયુ સમિટનું સહ-અધ્યક્ષતાપદ પણ કરશે.

દર વર્ષે, ભારત તેના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે વિશ્વના નેતાઓને આમંત્રણ આપે છે.

ઉચ્ચ સૂત્રોએ જણાવ્યું હતું કે વોશિંગ્ટનની ટેરિફ નીતિને ધ્યાનમાં રાખીને વિશ્વ વેપાર વિક્ષેપો જોઈ રહ્યું છે તેવા સમયે, પ્રસ્તાવિત કરાર વિવિધ ક્ષેત્રોમાં એકંદર દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ગુણાત્મક પરિવર્તન લાવશે તેવી અપેક્ષા છે.

આ ઉપરાંત, બંને પક્ષ સમિટમાં સંરક્ષણ માળખા કરાર અને વ્યૂહાત્મક એજન્ડાનું અનાવરણ કરે તેવી શક્યતા છે.

ભારત અને યુરોપિયન યુનિયન ૨૦૦૪ થી વ્યૂહાત્મક ભાગીદારો છે. ૧૫મી ભારત-ઇયુ સમિટ જુલાઈ, ૨૦૨૦માં વર્ચ્યુઅલ રીતે યોજાઈ હતી.

# ન્યૂયોર્ક જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ દિલ્હી પરત ફરતા ફફડાટ

નવી દિલ્હીઃ ઈરાનનું એર સ્પેસ બંધ હોવાના કારણે આજે સવારે ન્યૂ યોર્ક જતી એક ફ્લાઇટ દિલ્હી એરપોર્ટ પર પરત ફરી હતી. પરત ફર્યા પછી વિમાનના એન્જિનમાં કોઈ ચીજવસ્તુ (કન્ટેનર) ફસાઈ ગઈ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે એરબસ એ૩૫૦ વિમાન એરપોર્ટ પર પહોચ્યું હતું. દિલ્હી એરપોર્ટ પર એક વસ્તુ એન્જિનમાં ફસાઈ જતા એર ઈન્ડિયાના વિમાનને નુકસાન થયું હતું.

ઈરાનનું હવાઈ ક્ષેત્ર બંધ હોવાના કારણે રૂટ બદલ્યા બાદ ન્યૂ યોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ દિલ્હી પરત ફરી હતી. એર ઇન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે દિલ્હીમાં ઉતરાણ કરતી વખતે ગાઢ ધુમ્મસના કારણે વિમાન કોઈ બહારની વસ્તુ સાથે ટકરાયું હતું. વિમાનના જમણી તરફનું એન્જિન ખરાબ થઈ ગયું હતું. એક વીડિયો જોવા મળી રહ્યું છે કે વિમાન ટારમૅક પર ઉભું છે અને ગ્રાઉન્ડ સ્ટાફ તેને ઘેરીને ઉભો છે. આ વીડિયો કથિત રીતે એક મુસાફરે ઉતાર્યો છે. વીડિયોમાં એન્જિનમાં થયેલું નુકસાન જોવા મળી રહ્યુ છે.

# સિંગાપોર જતા વિમાનનું આગની ચેતવણી પછી સલામત લેન્ડિંગ

નવી દિલ્હીઃ દિલ્હીથી સિંગાપોર જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૨૩૮૦માં ટેક્નિકલ ખામીને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ છે. ગઈકાલે મોડી રાતના આ વિમાને ઉડાન ભરી હતી ત્યાર પછી એક કલાકમાં જ વિમાનને પાછું દિલ્હી ફરવું પડ્યું હતું. આ વિમાનના એપીયુમાં આગની ચેતવણી મળી હોવાના કારણે વિમાનનું પાછું દિલ્હી ખાતે લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ વિમાનમાં કુલ ૧૯૦ લોકો મુસાફરો સવાર હતાં. જોકે, કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા જ વિમાને સલામતપણ ઉતરાણ કર્યું હતું.

બોઈંગ ૭૮૭-૯ ડ્રીમલાઈનર વિમાનમાં ઓક્સિલરી પાવર યુનિટ (અઙઞ)માં આગની ચેતવણી મળતાં ક્રૂએ તાત્કાલિક પગલાં લીધાં હતા. વિમાનમાં આશરે ૧૯૦ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. જોકે, કોઈને પણ હાનિ પહોંચી નથી. આ વિમાન બુધવારે રાત્રે એક વાગ્યાની આસપાસ દિલ્હી એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. વિમાન સુરક્ષિત ઉતર્યા પછી ગ્રાઉન્ડ સ્ટાફે મુસાફરોને તમામ સહાય આપી અને વૈકલ્પિક વિમાનથી સિંગાપોરના વિમાનમાં મોકલી દેવામાં આવ્યાં હતાં.

# જાસૂસીઃ રશિયાએ બ્રિટિશ રાજદ્વારી ડાનાઇ ધોળકિયાને હાંકી કાઢ્યાં

મોસ્કોઃ રશિયાએ ગુરુવારે એક બ્રિટિશ રાજદ્વારીને જાસૂસી કરવાના આરોપસર દેશમાંથી હાંકી કાઢ્યા હતા. એફએસબી કાઉન્ટર-ઇન્ટેલિજેન્સને યુકેની ગુપ્તચર એજન્સીઓ સાથે તેમના સંબંધો હોવાની માહિતી મળી હતી.

ફેડરલ સિક્યુરિટી સર્વિસ(એફએસબી)ના જણાવ્યા અનુસાર મોસ્કોમાં બ્રિટિશ દૂતાવાસમાં સેક્રેટરી ગેરેથ સેમ્યુઅલ ડેવિસ યુકેની ગુપ્તચર એજન્સીઓ માટે કામ કરતા હતા. મોસ્કોમાં યુકેના ચાર્જ ડી 'અફેર્સ' ડાનાઇ ધોળકિયાને ઔપચારિક વિરોધ નોંધાવવા અને શંકાસ્પદ જાસૂસને બે અઠવાડિયાની અંદર રશિયામાંથી હાંકી કાઢવાની માંગ કરવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું.

રશિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે મોસ્કો રશિયન પ્રદેશ પર બ્રિટિશ વિશેષ સેવાઓના અઘોષિત એજન્ટોની પ્રવૃતિઓને સહન નહીં કરે. રશિયન સરકાર રાષ્ટ્રીય સુરક્ષાના મામલામાં ઝીરો-ટોલરન્સ નીતિ ધરાવતી હોવાનું મંત્રાલયે કહ્યું હતું.

ડાનાઇ ધોળકિયાને સ્મોલેન્સ્કાયા સ્ક્વેર(એમએફએ) ખાતે બોલાવવામાં આવ્યા હતા. જેથી તેમને જણાવી શકાય કે રશિયાના સક્ષમ અધિકારીઓને માહિતી મળી છે કે દૂતાવાસનો એક રાજદ્વારી કર્મચારી બ્રિટિશ ગુપ્તચર એજન્સીઓ સાથે સંકળાયેલો છે.

મંત્રાલયે જણાવ્યું કે આને ધ્યાને લેતાં અને ૧૯૬૧ના વિયેના કન્વેન્શન ઓન ડિપ્લોમેટિક રિલેશન્સની કલમ ૯ અનુસાર આ વ્યક્તિની માન્યતા રદ કરવામાં આવી રહી છે. તેણે બે અઠવાડિયાના સમયગાળામાં રશિયન ફેડરેશન છોડવું પડશે.

# વહીવટના કેન્દ્રસ્થાને પ્રજા હોવાથી ભારતમાં લોકશાહી ધબકે છેઃ મોદી

નવી દિલ્હી : ભારતે વિવિધતાને લોકશાહીની તેની તાકાત બનાવી છે અને વિશ્વને બતાડી આપ્યું છે કે લોકતાંત્રિક સંસ્થાઓ અને પ્રક્રિયાઓએ વિકાસને સ્થિરતા, ઝડપ અને કાર્યક્ષમતા દીધી છે એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.

સ્પીકર્સ ઍન્ડ પ્રિસાઈડિંગ ઑફિસર્સ ઑફ ધી કોમનવેલ્થ (સીએસપીઓસી)ની ૨૮મી પરિષદનું ઉદ્દ્ઘાટન કરતાં મોદીએ કહ્યું હતું કે લોકશાહીએ ભારતમાં સારા પરિણામો આપ્યા છે કારણ કે વહીવટના કેન્દ્રસ્થાને લોકો છે.

મોદીએ જણાવ્યું હતું કે ભારતમાં લોકશાહીનો અર્થ પાયાના માણસ સુધીની ડિલિવરી છે. સરકારે લીધેલા કલ્યાણકારી પગલાં લોકકલ્યાણના જુસ્સા સાથે દરેક વ્યક્તિ સુધી ભેદભાવ વગર પહોંચે છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે લોકકલ્યાણના જુસ્સાને લીધે તાજેતરના વર્ષોમાં ૨૫ કરોડ લોકો ગરીબીરેખાથી ઉપર આવ્યા છે. ભારતમાં લોકશાહી ધબકે છે. વડા પ્રધાને એ વાત યાદ કરાવી હતી કે જ્યારે ભારતમાં લોકશાહીની સ્થાપના થઈ ત્યારે અનેક જણ એવી શંકા કરતા હતા કે દેશમાં ભારે વિવિધતા હોવાથી લોકશાહી ટકશે કે નહીં. જોકે વિવિધતા ભારત માટે તાકાત બની છે. જો દેશના મૂળમાં લોકશાહી હશે તો ભારતની પ્રગતિ અંગે કોઈ ચિંતા નથી.

મોદીએ વધમાં કહ્યું હતું કે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ કરતું અર્થતંત્ર છે, ભારતમાં યુપીઆઈના માધ્યમથી સૌથી મોટી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને સૌથી મોટું રસી ઉત્પાદક છે.

૪૨ દેશના ૬૧ વકતા અને ૪૨ સભાપતિઓ આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. (એજન્સી)

# બીએસપી હવેથી ચૂંટણીઓ એકલો જ લડશેઃ માયાવતી

લખનઊઃ વર્ષ ૨૦૨૭માં યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી સહિત દેશની તમામ ચૂંટણી બીએસપી એકલેહાથે લડશે અને રાજ્યમાં સંપૂર્ણ બહુમતી સાથે સરકારની રચના કરશે, એમ બહુજન સમાજવાદી પાર્ટી (બીએસપી)નાં વડાં માયાવતીએ ગુરુવારે કહ્યું હતું.

૭૦મા જન્મદિન નિમિત્તે પત્રકારોને સંબોધન કરતા માયાવતીએ કહ્યું હતું કે નાનીમોટી તમામ ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડવી અને કોઈપણ પક્ષ સાથે જોડાણ નહીં કરવું વધુ યોગ્ય હશે એવો નિર્ણય પક્ષે લીધો છે.

બીએસપી ઉત્તર પ્રદેશ વિધાનસભાની આગામી ચૂંટણી એકલેહાથે લડશે અને એ અંગે કોઈ મૂંઝવણ ન હોવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

માયાવતીએ દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૨૭માં ઉત્તર પ્રદેશમાં બીએસપીને ફરી સત્તા પર લાવવા માટે રાજ્યના લોકો ઉત્સુક છે અને કાર્યકર્તાઓ પણ એ માટેની તૈયારી અત્યારથી કરવા માંડ્યા છે.

ભાજપ-કૉંગ્રેસ સહિતના કોમઆધારિત પક્ષો પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે બીએસપી તેમને જડબાતોડ જવાબ આપશે અને ઉત્તર પ્રદેશમાં પાંચમી વખત સરકાર રચશે. (એજન્સી)

# ગ્રોક અશ્લીલ તસવીરો નહીં દર્શાવેઃ એક્સ

બેંગકોકઃ સોશ્યલ મીડિયા 'એક્સ' પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં જણાવાયું હતું કે ઇલૉન મસ્કની એઆઇ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ચેટબોટ ગ્રોક જે દેશોમાં લોકોની નગ્ન (કપડાં ઉતારતી) તસવીરો પર પ્રતિબંધ છે ત્યાં હવે ફોટો એડિટ કરીને આવી અશ્લીલ તસવીરો નહિ મૂકી શકાય.

મહિલાઓ, છોકરીઓ અને બાળકીઓની અશ્લીલ તસવીરો પર જે દેશોમાં પ્રતિબંધ છે ત્યાંની સરકારોએ ગ્રોકને ફોટો એડિટ કરીને બીભત્સ તસવીરો મૂકવાનું બંધ કરવા આદેશ આપ્યો છે અથવા તેના પર પ્રતિબંધ મૂક્યો છે. તેને પગલે કંપનીએ બુધવારે મોડી રાતે સંબંધિત જાહેરાત કરવી પડી હતી.

વ્યક્તિઓ, ખાસ કરીને મહિલાઓ અને છોકરીઓની સંમતિ વિના એઆઇની મદદથી એડિટ કરેલી બીભત્સ તસવીરો સોશ્યલ મીડિયા પર મૂકવાના કિસ્સાની તપાસ કરવાની અમેરિકાના કેલિફોર્નિયાએ જાહેરાત કરી હતી.

ઇલૉન મસ્કની કંપની 'એક્સએઆઇ'એ જણાવ્યું હતું કે જે દેશમાં કે પ્રદેશમાં આવી અશ્લીલ તસવીરો દર્શાવવા પર પ્રતિબંધ હશે તે વિસ્તારમાં તસવીરો એડિટ કરીને નહિ દર્શાવાય. લોકોની, ખાસ કરીને મહિલાઓની બિકિની, અન્ડરવેર કે અન્ય કપડાં કાઢતી એડિટ કરેલી તસવીરો ચોક્કસ પ્રદેશમાં નહિ દર્શાવવામાં આવે.

ગ્રોકના 'સ્પાઇસી મૉડ'ની મદદથી અશ્લીલ તસવીરો તૈયાર કરી શકાય છે. મલયેશિયા અને ઇન્ડોનેશિયાએ ગ્રોકની સામે કાયદેસર કાર્યવાહી કરીને ગ્રોકની ઍક્સેસ બ્લૉક કરી છે. યુકે અને યુરોપિયન આ કિસ્સામાં યુનિયન ઓનલાઇન સુરક્ષાના કાયદાના કહેવાતા ભંગ અંગે તપાસ કરી રહ્યા છે. ફ્રાંસ અને ભારતે ઇલૉન મસ્કની કંપનીને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી, જ્યારે બ્રાઝિલે ગ્રોકના દુરુપયોગની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. (એજન્સી)

# માઘ મેળામાં મકરસંક્રાંતિ નિમિત્તે ૭૨ લાખથી વધુ શ્રદ્ધાળુઓનું પવિત્ર સ્નાન

પ્રયાગરાજઃ પ્રયાગરાજમાં ચાલી રહેલા માઘ મેળા દરમિયાન ગુરુવારે મકરસંક્રાંતિ નિમિત્તે ૭૨ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ગંગા અને સંગમમાં પવિત્ર સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

માઘ મેળા વહીવટીતંત્રના એક અધિકારીએ જણાવ્યું કે મકરસંક્રાંતિનું શુભ મુહૂર્ત દિવસભર ચાલુ રહ્યું હોવાથી સાંજ સુધીમાં યાત્રાળુઓની સંખ્યા એક કરોડને પાર પહોંચવાની ધારણા છે. સ્નાન દરમિયાન યાત્રાળુઓને અપીલ કરવામાં આવી હતી કે તેઓ સ્નાન વિધિ પૂર્ણ કરે અને ઘાટ પર બિનજરૂરી સમય બગાડ્યા વિના આગળ વધે. તેમજ તેલ અને સાબુનો ઉપયોગ ટાળવાની પણ સૂચના આપવામાં આવી હતી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ભુજમાં પોલીસ-અપરાધી વચ્ચેના દિલધડક કાર ચેસથી ભય પ્રસર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજમાં ભરબપોરે સર્જાયેલા પોલીસ-આરોપીના દિલધડક કાર ચેસનો બનાવ બહાર આવ્યો હતો જેમાં તાલુકાના વરનોરાથી કારમાં ગૌ-માંસ ભરીને લઈને આવતા શખ્સને પકડવા માટે સ્થાનિક ગુન્હાશોધક શાખાના કર્મીઓએ આત્મારામ સર્કલથી ત્રણ ખાનગી કારમાં આરોપીનો પીછો કર્યો હતો અને શહેરના અત્યંત વ્યસ્ત માર્ગો પર ૯ કિલોમીટર સુધી કાર ચેસ બાદ આરોપી કાર સમેત પલાયન થઇ ગયો હતો. આ બનાવ અંગે હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ભાગવતસિંહ ગઢવીએ ભુજના બી ડિવિઝન પોલીસ મથકે કેમ્પ વિસ્તાર રામનગરીમાં રહેતા ઇમ્તિયાઝ અબ્દુલ જુણેજા તથા તેની સાથેના અન્ય શખ્સો વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત મંગળવારે એલસીબીની ટુકડી ત્રણ ખાનગી કારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. એ દરમિયાન ઈમ્તિયાઝ જુણેજા તેની ગ્રે રંગની કારમાં વરનોરા ગામ તરફથી ગૌમાંસ લઈને આવી રહ્યો હોવા અંગે એલસીબીની ટુકડીને મળતાં ભુજના એન્ટ્રી પોઇન્ટ એવા આત્મારામ સર્કલની આજુબાજુ વોચમાં ગોઠવાયા હતા. ત્યારબાદ બપોરે દોઢ વાગ્યાના અરસામાં કારમાં પસાર થયેલો આરોપી શખ્સ જથ્થાબંધ બજારના અંદરના રસ્તેથી આર.ટી.ઓ સર્કલ તરફ જવા નીકળ્યો હતો. એ દરમિયાન ઈમ્તિયાઝ ખાનગી કારમા રહેલા પોલીસ કર્મીને જોઈ ગયો હતો અને તેમની કારને ટક્કર મારીને કેમ્પ વિસ્તાર તરફ ભાગ્યો અને ત્યાંથી લાલ ટેકરી થઈ ડીવાયએસપી બંગ્લોઝ સુધી જોખમી રીતે કાર દોડાવી મૂકી હતી. ત્યાંથી ભુજ ઈંગ્લીશ સ્કૂલ તરફ જતા રસ્તે થઈ હૉસ્પિટલ રોડ પર ફરીથી પોલીસની ખાનગી કારને ટક્કર મારી હતી. આરોપીએ હૉસ્પિટલ રોડ તથા કેમ્પ વિસ્તારમાં પાર્ક કરેલા વાહનો તથા રસ્તામાં ચાલતા વાહનોને પણ ઠોકરે ચડાવ્યા હતા. આખરે પોલીસને ચકમો આપીને આત્મારામ સર્કલ બાજુથી પલાયન થઇ ગયો હતો.

પોલીસને જોઇને બેફામ રીતે કાર હંકારનાર આરોપીએ પોલીસ પકડથી બચવા પીછો કરી રહેલી પોલીસની બે ખાનગી કારને ત્રણ વખત ટક્કર મારી અને ૧.૭૦ લાખનું નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે વાયબલ હૉસ્પિટલ સામે પડેલી સાહિલ મનોજભાઈ મહેશ્વરીની બલેનો કારને ટક્કર મારી અન્ય વાહનોને પણ હડફેટે લીધા હતા. આત્મારામ સર્કલથી પીછો કરતી પોલીસને આરોપી ઇમ્તિયાજ સહીતના કારમાં બેઠેલા દેખાયા હતા. આરોપીઓ સામે ગૌમાંસ અને ગૌ હત્યાના ગુના નોધાયેલા હતા અને એલસીબી કચેરી ખાતે તપાસ કરવા માટે પણ બે-ત્રણ વાર રૂબરૂ બોલાવ્યા હોવાથી પોલીસને ઓળખી ગયા હતા જેથી પકડાઈ જવાના ડરથી ભાગ્યા હોવાનું ફરિયાદમાં ઉમેર્યું હતું. ■



**પતંગરૂપી બાજ પક્ષીઓએ જમાવ્યું આકર્ષણ**

વૈશ્વિક પર્યાવરણ પર જ્યારે ખતરો ઊભો થયો છે અને વનસ્પતિ તેમજ પશુ પંખીઓની અસંખ્ય જાતો વિલુપ્ત થઇ રહી છે ત્યારે બાજ જેવા પક્ષીઓની વિલુપ્ત થતી જાતી પ્રત્યે સભાનતા કેળવી તેમના જતન કરવાની લાગણી બાળકોને થાય તેવા હેતુથી પાતળા પ્લાસ્ટિકમાંથી બનાવાયેલા પતંગરૂપી બાજ પક્ષીઓએ આ વર્ષે મકરસંક્રાંતિના જાણે કચ્છના આકાશનો કબજો લીધો હતો. સાદા પતંગોને ઉડાડવા માટે તકલીફ પડે છે પણ આ પતંગો બાળકો પણ સહેલાઇથી ઉડાડી શકતા હતા. સંખ્યાબંધ લોકોએ આવા પતંગરૂપી બાજ પક્ષીઓને જથ્થાબંધ રીતે ખરીદી બાળકોને નિઃશુલ્ક વિતરણ કર્યા હોવાનું ભુજના જલ્પન અંજારિયાએ જણાવ્યું હતું. (ઉત્સવ વૈદ્ય)

# મુંદરાના પૂર્વ સરપંચ વિજયસિંહ જાડેજા પર અજ્ઞાત લોકોનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મુંદરા તાલુકાના સમાઘોઘા ગામના પૂર્વ સરપંચ અને મુંદરા બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ વિજયસિંહ જાડેજા પર મકરસંક્રાંતિની પૂર્વ સંધ્યાએ કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરવામાં આવતાં ભારે ચકચાર મચી હતી.

શહેરના આદર્શ ટાવર નજીક બનેલા આ બનાવ અંગે મળી રહેલી માહિતી અનુસાર, વિજયસિંહ જાડેજાની કારને નંબર પ્લેટ વિહોણી કારમાં આવેલા અજાણ્યા શખ્સોએ ટક્કર મારી હતી. જ્યારે વિજયસિંહ ગાડીમાંથી નીચે ઉતર્યા, ત્યારે હુમલાખોરોએ લાકડીઓ અને ધોકા વડે તેમના પર હુમલો કર્યો હતો. આ સમગ્ર મામલે મુંદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઓપરેશન 'સિંદૂર' બાદ સમગ્ર દેશમાં સંયુક્ત પ્રશિક્ષણ કાર્યક્રમની કચ્છથી શરૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: યુદ્ધ કે કુદરતી આપદા જેવી ગમે તે ક્ષણે ઉભી થઇ શકતી પરિસ્થિતિમાં સશસ્ત્ર દળો અને જિલ્લા વહીવટી તંત્ર વચ્ચે અસરકારક સંકલન સુનિશ્ચિત થાય તે ઉદ્દેશ્ય સાથેના સંયુક્ત પ્રશિક્ષણ કાર્યક્રમનો સમગ્ર દેશમાં પ્રથમ વખત ભુજ ખાતેથી પ્રારંભ થયો હતો. 'ઓપરેશન સિંદૂર' બાદ સમગ્ર દેશમાં આ પ્રકારનું પ્રથમ આયોજન ભુજ ખાતે થવું એ પાકિસ્તાનને અડીને આવેલા કચ્છ માટે મહત્ત્વપૂર્ણ બાબત છે.

આ કાર્યક્રમના ભાગરૂપે કચ્છના કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને દેશભરમાંથી આવેલા સંરક્ષણ અને જાહેર સેવાના ૩૦થી વધુ અધિકારીઓ સાથે ભુજની કલેક્ટર કચેરી ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં અધિકારીઓને ભાતીગળ પ્રદેશ કચ્છના ભૂગોળ, રણ અને દરિયાઈ સરહદ, સરહદી ગામોની વર્તમાન સ્થિતિ, સામાજિક-આર્થિક પરિસ્થિતિ તેમજ ભૂકંપ સહિતની કુદરતી પડકારોની માહિતી આપવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન જિલ્લા વહીવટીતંત્ર અને સશસ્ત્ર દળો વચ્ચેના ઉત્કૃષ્ટ સંકલન તથા કચ્છના નાગરિકોના સહયોગની પ્રશંસા કરાઇ હતી.

આ સંયુક્ત પ્રશિક્ષણ દરમિયાન વ્યાખ્યાન, ટેબલટોપ એક્સરસાઇઝ અને ફિલ્ડ વિઝિટ દ્વારા નાગરિક અને લશ્કરી ક્ષેત્રોનું એકીકરણ અંગે વિશે અધિકારીઓ અવગત થઈ શકશે તેમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ જણાવ્યું હતું ■

# માનસિક રીતે બીમાર પાકિસ્તાની ઘૂસણખોરને ટ્રાયલ વિના વતન પરત મોકલવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી આશરે દોઢેક વર્ષ અગાઉ સીમા સુરક્ષા દળના હાથે કચ્છની સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ સરહદમાં ઘૂસણખોરી કરી રહેલા એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો અને સુરક્ષા એજન્સી દ્વારા તેની સઘન પૂછપરછ આદરવામાં આવી હતી. જોકે શંકાસ્પદ ન જણાતા આ પાકિસ્તાની ઘૂસણખોરને સ્થાનિક પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. માનસિક રીતે અસ્થિર યુવક પ્રત્યે માનવીય અભિગમ દાખવીને ભુજની નામદાર અદાલતે તેને પાકિસ્તાન પરત મોકલવાનો હુકમ કર્યો હતો. કચ્છની નરા રણ સરહદે સ્થિત બલવીર સીમા ચોકી નજીકથી ગત ૧૬મી જૂન, ૨૦૨૪ના રોજ પાકિસ્તાની યુવક ઘૂસણખોરી કરતાં બીએસએફના જવાનોના હાથે પકડાઈ ગયો હતો.

પાકિસ્તાની યુવકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ અફઝલ મોહમ્મદ (ઉં.વ.૩૮) અને પાકિસ્તાનના પંજાબ પ્રાંતના સિયાલકોટ જિલ્લાના ગામનો વતની હોવાનું જણાવ્યું હતું. સિયાલકોટ વિસ્તાર જમ્મુ-કાશ્મીર સરહદ પાસેનો વિસ્તાર હોવાથી સુરક્ષા એજન્સી ચોંકી ઊઠી હતી. આ પછી ત્રણ મહિના સુધી ભુજના જોઈન્ટ ઈન્ટરોગેશન સેન્ટર (જેઆઈસી) ખાતે વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા અફઝલની સઘન પૂછપરછ કરવામાં આવી હતી જેમાં તે માનસિક અસ્થિર હોવાનું જણાયું હતું.

બાદમાં ૨૯, સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ નરા પોલીસ મથકમાં પાસપોર્ટ ઍક્ટ અને ફોરેનર્સ ઍક્ટ સહિતની કલમ હેઠળ અફઝલ વિરુદ્ધમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. સમગ્ર મામલો ભુજની અદાલત સમક્ષ પહોંચતા અફઝલને માનસિક આરોગ્ય હૉસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. મનોચિકિત્સકના રિપોર્ટમાં અફઝલ પોતાની સામે લાગેલાં આરોપો અંગે વર્તમાન કે ભવિષ્યમાં ટ્રાયલનો સામનો કરવા અસમર્થ હોવાનું જણાયું હતું.

ભુજ સેશન્સ જજ દ્વારા અફઝલની માનસિક સ્થિતિ, કાયદાકીય જોગવાઈને ધ્યાનમાં રાખીને ઈન્સાફી કાર્યવાહીમાંથી મુક્ત કરીને તેને પાકિસ્તાન પરત મોકલવાનો હુકમ કર્યો છે. ■

# કમોસમી માવઠાની વકી વચ્ચે કચ્છને ધ્રૂજાવી રહેલાં ટાઢોળામાં ચઢાવ-ઉતાર જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અરબી સમુદ્રમાં સર્જાયેલાં સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ રાજ્યના અમદાવાદ, દાહોદ, અરવલ્લી, ભાવનગર, વડોદરા, ખેડા, આણંદ, પંચમહાલ, મહિસાગર અને કચ્છના તટીય વિસ્તારોમાં મોસમ વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે અને ભારતના પાંચ પહાડી રાજ્યોમાં હિમપ્રપાતની ઍલર્ટ અપાઈ છે તેવામાં સરહદી કચ્છમાં ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહ્યો છે અને દિવસ અને રાત્રીના ઉષ્ણતામાનમાં ૨૦થી ૨૨ ડિગ્રીના તફાવતના કારણે હાલ બેવડી ઋતુ અનુભવાઈ રહી છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ત્રણ-ચાર દિવસ અગાઉ નોંધાયેલા ૩.૮ ડિગ્રી તાપમાન સામે આજે ૮ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન, જયારે ૨૮ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં જનજીવને ટાઢોળામાંથી મામૂલી રાહત અનુભવી છે.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો હતો, જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં શ્રાવણ માસની યાદ અપાવે તેવા વાદળછાયા વાતાવરણ વચ્ચે લઘુતમ ૧૨ ડિગ્રી, અને મહત્તમ તાપમાનનો આંક ૨૯ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચો નોંધાતા શહેરીજનોને ગાત્રો થીજાવી દેનારી ઠંડીમાંથી થોડી રાહત થઇ છે. મહાબંદર કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૫ ડિગ્રી સે. પર પહોંચી જતાં કંડલા-ગાંધીધામ સંકુલમાં ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

વહેલી સવારે અને સાંજ ઢળ્યા પછી હવામાં ભેજનું પ્રમાણ વધી જતાં ગ્રામીણ કચ્છમાં શહેરો કરતાં થોડી વધારે ઠંડી રહેતાં ગ્રામજનો ઠેર-ઠેર તાપણાં સભાઓ યોજીને ઠંડીથી બચવાના પ્રયાસો કરતા નજરે પડી રહ્યા છે. દરમિયાન હવામાન વિભાગે વ્યક્ત કરેલા પૂર્વાનુમાન મુજબ કચ્છમાં આજથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ન્યૂનતમ પારો બેથી ચાર ડિગ્રી જેટલો ઊંચકાવાની સાથે મહત્તમ તાપમાન પણ ઊંચું આવશે, જો કે, શીતમથક નલિયામાં હજુ પણ ઠંડીનું સામ્રાજય જારી રહેશે તેવી શકયતા વ્યક્ત કરાઇ છે. ■

# ભાવનગર ડિવિઝને મીટરગેજ ટ્રેનોના સમયપત્રકમાં કર્યો ફેરફાર

## જૂનાગઢ-દેલવાડા ટ્રેન રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુવિધા અને વહીવટી કારણોને ધ્યાનમાં રાખીને મીટરગેજ સેક્શનની ટ્રેનોના સમયપત્રકમાં મોટા ફેરફાર કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આગામી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવનારા આ નવા સુધારા હેઠળ જૂનાગઢ-દેલવાડા-જૂનાગઢ અને જૂનાગઢ-વેરાવળ-જૂનાગઢ ટ્રેન સેવાઓને કાયમી ધોરણે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, જેતલસરથી દેલવાડા તરફ મુસાફરી કરતા પ્રવાસીઓની સુવિધા માટે તાલાલા સ્ટેશન પર ટ્રેન કનેક્શનની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

નવી સમય સારણી મુજબ, હવેથી વેરાવળ-દેલવાડા ટ્રેન સવારે ૦૮:૫૦ કલાકે ઉપડશે, જ્યારે જૂનાગઢ-વેરાવળ ટ્રેન સવારે ૦૬:૧૫ કલાકે પ્રસ્થાન કરશે. આ ઉપરાંત, વેરાવળ-જૂનાગઢ અને જૂનાગઢ-વેરાવળ વચ્ચે દોડતી અન્ય ટ્રેનોના સમયમાં પણ આંશિક ફેરફાર કરવામાં આવ્યા છે. ■



**ભાવનગરમાં લોહરી મહોત્સવ:**

દેશના અન્નદાતા ખેડૂતભાઈઓ તથા દેશની સરહદોના રક્ષક સેનાના જવાનો માટે પ્રાર્થના સાથે, સામાજિક એકતા, પ્રેમ અને ભાઈચારાને મજબૂત બનાવતો, ભારતીય સંસ્કૃતિના ગૌરવપૂર્ણ દર્શન કરાવતા ભાવનગરમાં લોહરી પર્વની ઉજવણીમાં સંતો મહંતો અને ધારાસભ્ય શ્રીમતી સેજલબેન પંડ્યા સહિત સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પંજાબી ઢોલ સાથે ઠંડીની વિશેષ પ્રસાદીનું વિતરણ કરાયું હતું. (વિપુલ હિરાણી)

# રાજકોટ અને જૂનાગઢમાં બે ગમખ્વાર અકસ્માતમાં બે માસૂમ બાળક સહિત ૩ના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મકરસંક્રાંતિના પર્વ દરમિયાન રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં સર્જાયેલા બે અલગ-અલગ માર્ગ અકસ્માતોમાં બે માસૂમ બાળક સહિત કુલ ૩ વ્યક્તિનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. રાજકોટ-મોરબી હાઈવે પર કાર વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં બે બાળકએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે જૂનાગઢ-વિસાવદર રોડ પર એક કાર ચબૂતરા સાથે અથડાતા પરિવારના મોભીનું મૃત્યુ થયું હતું. આ બંને કરુણ ઘટનાઓમાં કુલ ૯ જેટલા લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા પરબની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ હતી.

મળતી વિગતો અનુસાર, રાજકોટ-મોરબી હાઈવે પર મકરસંક્રાંતિની મોડી રાત્રે કાગડદી પાટિયા પાસે સ્કોર્પિયો કારએ આઈ ૨૦ કારને જોરદાર અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વાછકપર બેડી ગામે રહેતો બાબરિયા પરિવાર વાંકાનેરથી પરત ફરી રહ્યો હતો ત્યારે સર્જાયેલા આ અકસ્માતમાં ૩ વર્ષીય મોક્ષ બાબરિયા અને ૯ વર્ષીય શ્રેયા મદરેસણિયા નામના બે માસિયાઈ ભાઈ-બહેનોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. કારમાં સવાર અન્ય ૪ સભ્યો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે સ્કોર્પિયો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ, ૧૫ જાન્યુઆરીના રોજ જૂનાગઢથી વિસાવદર જઈ રહેલી એક કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર માર્ગની સાઈડમાં આવેલા ચબૂતરા સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના ૬ સભ્યો પૈકી ૪૦ વર્ષીય કિશોરભાઈ ગઢવીનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે બ્રિજેશભાઈ, વિષ્ણુભાઈ અને ગીતાબેન સહિત અન્ય પાંચ સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ કારના પતરા ચીરી ઇજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા, જેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. ■

# ઉત્તરાયણ પર્વમાં ભાવનગર જિલ્લામાં બે દિવસમાં ૩૭૫ પક્ષીઓ નું રેસ્ક્યૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ઉત્તરાયણ પર્વ દરમિયાન ભાવનગર શહેર તથા જિલ્લામાં પતંગની દોરીથી ઘાયલ થયેલા નિર્દોષ પક્ષીઓને બચાવવા માટે પ્રેરણા ફાઉન્ડેશનની ટીમે વન વિભાગ (ગુજરાત સરકાર) સાથે સંકલનમાં રહી પક્ષીઓની સારવાર કરી હતી. આ અભિયાન દરમિયાન માત્ર બે દિવસમાં અંદાજે ૩૭૫થી વધુ પક્ષીઓનું રેસ્ક્યુ કરી તેમને સમયસર સારવાર આપવામાં આવી હતી.

આ સાથે ઉત્તરાયણના બીજા દિવસે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ, રસ્તા, બિલ્ડીંગ, બ્રિજ તેમજ ઝાડ પરથી લટકતી પતંગની દોરી દૂર કરવા માટે 'પતંગની દોરી દૂર કરો' અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

પતંગની દોરી કોઈ જીવ માટે જોખમ ઊભું કરે તે પહેલાં તેને દૂર કરવાની ભાવનાથી આખો દિવસ શહેરના અનેક વિસ્તારોમાં ફરી દોરીનો મોટો જથ્થો એકત્રિત કરવામાં આવ્યો હતો. પતંગની દોરી કોઈની જિંદગી ન કાપે તે પહેલાં તેને દૂર કરો ના સંદેશ સાથે આ અભિયાન પ્રેરણા ફાઉન્ડેશનની ટીમ દ્વારા સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યું હતું.

આ જીવદયાના સેવાકાર્યમાં ૧૫૦થી વધુ ભાઈ-બહેનો સ્વયંસેવક તરીકે જોડાયા હતા. ઉત્તરાયણ પર્વ બાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, અગાશીઓ અને ઝાડ પર લટકતી પતંગની દોરી માનવજીવન તેમજ અબોલ પક્ષીઓ માટે ગંભીર જોખમરૂપ બની છે. ■

# ભારતીય નૌસેનાનું 'હાથ વણાટનું' કૌડિનયા વહાણ પહોંચ્યું ઓમાન



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારતીય નૌસેનાનું હાથથી સીવેલું સઢવાળું દેશી વહાણ આઈ.એન.એસ.વી કૌડિનયા આજે સફળતાપૂર્વક ઓમાન પહોંચી જતાં તેનું ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કંકુ-તિલક કરીને ઢોલ-નગારાં સાથે સ્વાગત કરાયું હતું અને આ સમયે ઓમાન બંદરે જાણે કચ્છના માંડવી-મુંદરા બંદર જેવો માહોલ ખડો થયો હતો.

જાણવા મળતી માહિતી પ્રમાણે, આ પ્રકારના વહાણનું ચિત્ર અજંતાની ગુફાઓમાં છે અને તે પાંચમી સદીમાં કારીગરો દ્વારા હાથે બનાવાતાં વહાણોને આધારે બાંધવામાં આવ્યું છે. આ જહાજને કોઈ પણ જાતની ખીલીઓના ઉપયોગ વગર લાકડાની સળીઓ અને નાળિયેરના છોતામાંથી બનાવાયેલી દોરીઓથી ગૂંથવામાં આવ્યું છે અને તે હરપ્પન કાળની, ભારતીય દરિયાખેડૂઓની અપ્રિતમ કોઠાસૂઝનું પ્રતીક છે.

આ વહાણના તૂતક પર હરપ્પન સમયના પથ્થરને 'લંગર' તરીકે બેસાડવામાં આવ્યો છે. આ ઉપરાંત ભગવાન વિષ્ણુના પ્રતીકસમા પક્ષીની પ્રતિકૃતિ પણ મુકાઈ છે.

તેણે ગુજરાતના પોરબંદરથી વાયા મસ્કત થઈને ઓમાન પહોંચતાં ૧૭ દિવસનો સમય લાગ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ વહાણ પર કોઈ પ્રકારની લાઇટિંગ વ્યવસ્થા નથી, કે સંદેશાવ્યવહારની કોઈ પ્રણાલી કાર્યરત નથી. તેના ખલાસીઓ માત્ર માથાં પર સોલારથી ચાર્જ થતી બેટરીવાળી ટોર્ચ લગાડીને દૂરથી આવતી સ્ટીમરોને પોતાની હાજરીથી અવગત કરાવતા રહેતા હતા.

૧૭ દિવસનો દરિયાઈ પ્રવાસ ખલાસીઓએ માત્ર ખીચડી અને અથાણું ખાઈને પૂર્ણ કર્યો હતો.

ભારતીય વહાણવટાના ઇતિહાસના મૂક સાક્ષી સમા આ વહાણને ઓમાન ખાતે 'વોટર સેલ્યુટ' અપાયો હતો. આ વહાણને એક ભારતીય સાગર ખેડૂનાં નામ પરથી કૌડિનયા એવું નામ અપાયું હોવાનું પણ જાણવા મળે છે. તેનું નિર્માણકાર્ય સપ્ટેમ્બર ૨૦૨૩માં શરૂ કરાયું હતું અને ગોવા ખાતે ફેબ્રુઆરી ૨૦૨૫માં તેને તરતું મુકાયું હતું. ■

# ભુજના ટાંકણાસર ગામના નિર્જન સીમાડેથી લોડેડ દેશી બંદૂક સાથે એક શખસ ઝડપાયો

ભુજ: નાપાક પાકિસ્તાનને અડીને આવેલા રણપ્રદેશ કચ્છના સીમાવર્તી ગામમાં નાપાક પ્રવૃત્તિઓ ઉપરાંત વન્યપ્રાણીઓની શિકારી પ્રવૃત્તિ સતત વધી રહી છે અને અવારનવાર અહીંથી મારક હથિયારો પકડાતાં રહે છે એ વચ્ચે ભુજ તાલુકાના ટાંકણાસર ગામના સીમાડેથી લોડેડ દેશી બંદૂક સાથે એક શખસની સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપે ધરપકડ કરી હતી. ભુજ તાલુકાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમ્યાન એસઓજીને મળેલી પૂર્વબાતમીના આધારે ટાંકણાસર ગામના સીમાડામાં આધાર-પુરાવા વગરની દેશી બંદૂક સાથે ઘૂમી રહેલા ૨૭ વર્ષીય ઉમર સલેમામદ જત નામના યુવકને ઝડપી પાડ્યો હતો. એસઓજીએ ૨૦૦૦ની બંદૂક અને એક મોબાઈલ ફોન સહિત રૂ.૨૫૦૦નો મુદામાલ જપ્ત કરી, યુવક વિરુદ્ધ આર્મ્સ એક્ટ તળે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનને અડીને આવેલા કચ્છમાં અને ખાસ કરીને અબડાસા, લખપત, રાપર જેવા સરહદી વિસ્તારોમાં મારક હથિયારો આવે ક્યાંથી છે એ જાણવા દેશની સુરક્ષા એજન્સીઓએ ઝીણવટભરી તપાસ હાથ ધરવી જોઈએ ■